૮ - વિટકન

ગુજરાતી ટૂંકીવાર્તાની વિકાસરેખા

VISIT…

LANZAROTE Caliente.COM

VISIT…

LANZAROTE
Caliente.com

પ્રકરણ-૨

ગુજરાતી ટૂંકીવાર્તાની વિકાસરેખા

➤ગુજરાતી ટૂંકીવાર્તાના આરંભનો મથામણનો ગાળો અથવા પરંપરિત વાર્તાકારો

☛ ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા કઈ ?

- 'મલયાનિલ' કંચનલાલ વાસુદેવ મહેતા
- ધનસુખલાલ મહેતા
- કનૈયાલાલ માણેકલાલ મુનશી
- ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'
- રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ'
- ઝવેરચંદ કાળીદાસ મેઘાણી
- ગુણવંતરાય આચાર્ય
- ચુનીલાલ વર્ધમાન શાહ
- ઝીણાભાઈ રત્નજી દેસાઈ 'સ્નેહરશ્મિ'
- રમણલાલ વસંતલાલ દેસાઈ

☛ વાર્તાવિશ્વનું વાતાવરણ

- ત્રિભુવનદાસ કરસનદાસ લુહાર 'સુન્દરમ્'
- ઉમાશંકર જેઠાલાલ જોશી
- ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકર
- ઈશ્વર પેટલીકર
- પીતાંબર પટેલ
- ચુનીલાલ મડિયા
- પન્નાલાલ પટેલ
- જયંત ખત્રી
- રામજી અર્જુન 'બકુલેશ'
- કેતન મુનશી 'મુનસિફ નચિકેત દ્રુપદલાલ'

- પરંપરિત તથા આધુનિકતાવાદી લેખન પદ્ધતિનો સમન્વય કરતા વાર્તાકારો
- ચન્દ્રકાંત બક્ષી
- સુવર્ણા
- રાવજી પટેલ
- રઘુવીર ચૌધરી
- ઈવા ડેવ
- ચિનુમોદી
- હરિકૃષ્ણ પાઠક
- રવીન્દ્ર પારેખ
- સુધીર દલાલ
- ચંદુલાલ સેલારકા
- લક્ષ્મીકાંત ભટ્ટ
- અશ્વિન દેસાઈ
- તારિણી દેસાઈ
- રમેશ પારેખ
- આધુનિકોત્તર વાર્તાકારો
- ભગવતીકુમાર શર્મા
- ધીરુબહેન પટેલ
- ધીરેન્દ્ર મહેતા
- વર્ષા અડાલજા
- કુન્દનિકા કાપડિયા
- ઈલા આરબ મહેતા
- ઉત્પલ ભાયાણી
- વિજય શાસ્ત્રી
- શિરીષ પંચાલ
- સ્વ. ભૂપેશ અધ્વર્યુ
- પ્રવીણસિંહ ચાવડા

- વીનેશ અંતાણી
- હિમાંશી શેલત
- હરીશ નાગ્રેચા
- રમેશ ર. દવે
- પરેશ નાયક
- કિરીટ દૂધાત
- બિપિન પટેલ
- કંદર્પ દેસાઈ
- અંજલિ ખાંડવાળા
- ભારતી દલાલ
- હર્ષદ ત્રિવેદી
- રામચન્દ્ર પટેલ
- પિનાકિન દવે
- પ્રાણજીવન મહેતા
- વસુબહેન ભટ્ટ

☛ લોકપ્રિય વાર્તાકારો

- મોહમ્મદ માંકડ
- રજનીકુમાર પંડ્યા
- દિલીપ રાણપુરા

☛ દલિત ચેતના, ગ્રામચેતના, નારીચેતના, નગરચેતના અને પરિષ્કૃતવાર્તાનું નિરૂપણ કરતા વાર્તાકારો

☛ ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે બદલાતા સ્થિત્યંતરો

- મોહન પરમાર
- દલપત ચૌહાણ
- જોસેફ મેકવાન
- હરીશ મંગલમ્
- ભી.ન. વણકર

- પ્રવીણ ગઢવી
- દશરથ પરમાર
- રાઘવજી માધડ
- નરસિંહ પરમાર
- માવજી મહેશ્વરી
- અનિલ વાઘેલા
- બી.કેશરશિવમ્
- ધરમાભાઈ શ્રીમાળી
- ચંદ્રાબહેન શ્રીમાળી
- મણિલાલ હ. પટેલ
- ડૉ. કેશુભાઈ દેસાઈ
- બહાદુર વાંક
- માય ડીયર જયુ
- મનોહર ત્રિવેદી
- અનિલ વ્યાસ
- મફત ઓઝા
- અન્ય વાર્તાકારો

પ્રકરણ-૨

ગુજરાતી ટૂંકીવાર્તાની વિકાસરેખા

પૂર્વભૂમિકા

આપણી પાસે અત્યારે માનવજીવનની ખૂબ જ નિકટનું જો કોઈ સાહિત્યસ્વરૂપ હોય તો તે ટૂંકીવાર્તા છે આ નાજુક લોકપ્રિય કલાસ્વરૂપનો જન્મ ઓગણસમી સદીમાં થયો હતો. તેના બે મુખ્ય સુત્રધારો એડગર એલન પો અને ગોગોલ, ૧૮૦૯ થી ૧૮૫૨નાં સમય દરમ્યાન આ સાહિત્યસ્વરૂપ અસ્તિત્ત્વમાં આવ્યું. એવા જ બીજા બે મહાન ઉધ્ધારકો મોપાસા અને ચેખોવે વાર્તાને સમૃદ્ધ કરી. આપણે ત્યાં સદીના અંત ભાગમાં આ સ્વરૂપના અણસાર વર્તાય છે. અંગ્રેજોની પ્રેરણાથી સૌ પ્રથમ યુનિવર્સિટી સ્થપાઈ જેના કારણે શિક્ષણક્ષેત્રે નવી ક્ષિતિજો વિસ્તરીને વિકસી. અને તેથી ૧૮૮૦થી ૧૮૯૦નાં વર્ષોમાં આ સ્વરૂપનો પરિચય પ્રાપ્ત થાય છે.

આ સમયગાળા દરમ્યાન આપણે ત્યાં ગુજરાતી ગદ્યનો પરચો સૌ પ્રથમ મહાનવલ 'સરસ્વતીચંદ્ર' અને કવિતાસંગ્રહ 'કુસુમમાળા' આ બે કૃતિ દ્વારા મળે છે. આ સમય જ એવો હતો કે જેમાં સમાજસુધારો, માનવમનમાં ઉઠતા જાત-ભાતના નીતનવા પ્રશ્નો વગેરે આ કૃતિમાં નિરૂપાયા છે. વાર્તાની જિજ્ઞાસાને કારણે અંગ્રેજોના સંપર્કમાં આવવાને કારણે આપણે ત્યાં અનુવાદ, રૂપાંતર વગેરે દ્વારા આ દિશાની પ્રવૃત્તિ આરંભી દીધી હતી. વાર્તા વિશેનું સુલભ વાતાવરણ આ સમયનાં સામયિકોએ પુરું પાડ્યું તેથી કહી શકીએ કે ટૂંકીવાર્તા ગર્ભધારણ કરી રહી હતી.

અર્વાચીન ગુજરાતી ટૂંકીવાર્તાનો આરંભ પશ્ચિમના સાહિત્યના પ્રભાવ હેઠળ થયો એ હકીકત સર્વસ્વીકૃત છે. પરંતુ ગદ્ય સાહિત્યના એક કલાપ્રકાર તરીકે ગુજરાતીમાં ટૂંકીવાર્તાની પ્રતિષ્ઠા નવલકથા, નાટક જેવાં લલિત ગદ્યસ્વરૂપોના મુકાબલે વીસમી સદીની શરૂઆતનાં વર્ષોમાં થયેલી જોવા મળે છે. ઓગણસમી સદીમાં મોટાભાગે વાર્તાઓ કથાઓ લખાયેલી છે. પરંતુ તેમનું સ્વરૂપ એક સ્વતંત્ર કલાપ્રકારનું નથી. આ સમયગાળામાં ગુજરાતી ટૂંકીવાર્તા ભાંખોડિયાભેર હતી.

મધ્યકાલીન લોકવાર્તા, દૃષ્ટાંતકથા, કહેવતકથા, વ્રતકથા કે ટૂચકાની સાથે આજની ટૂંકીવાર્તાને કોઈ લેવા દેવા નથી, તેમની સાથે સરખાવતા તેમાં જમીન

આસમાનનો તફાવત જોવા મળે એ સ્વાભાવિક છે. ટૂંકીવાર્તાનો રોપ નવલકથા જેવા કેટલાંક અન્ય સાહિત્ય સ્વરૂપોની જેમ પશ્ચિમી સાહિત્યભૂમિમાંથી આણીને આપણી સાહિત્યભૂમિમાં રોપ્યો અને આ નાજૂક છોડ આપણી ભૂમિને એટલે તો માફક આવી ગયો કે ઉત્તરોત્તર તેનો મબલખ ફાલ ઉતરવા માંડ્યો. ટૂંકીવાર્તાનું આજનું સુખદ પરિણામ જોઈ ભાગ્યે જ કોઈ સ્વીકારવા તૈયાર થાય કે આ છોડ ઉછીનો લીધેલા અન્ય કોઈ ભૂમિનો છે. તેની સ્વરૂપગત શક્યતાઓ ખીલવવામાં આપણી પ્રાચીન મધ્યકાલીન કથાઓની નિરૂપણરીતિનાં કેટલાંક લક્ષણો ખપમાં લેવાયાં છે.

આજે જેને આપણે ટૂંકીવાર્તા કે નવલિકા તરીકે ઓળખીએ છીએ. તે સ્વરૂપના વાર્તાલેખનની શરૂઆત અર્વાચીનકાળના આરંભથી થાય છે. ગુજરાતી સાહિત્યમાં ભાષાન્તરરૂપે કે મૂળરૂપે પણ જેને ગદ્યરૂપ વાર્તાસાહિત્ય કહી શકાય તેવા પહેલા ગ્રંથ તરીકે 'ઈસપનીતિકથાઓ' ૧૯૨૮ અને ઈસપનીતિની વાર્તા '૧૮૫૪ વગેરે ગ્રંથોમાં ગર્ભિત સંકેતો રહેલા છે. નવલિકા વિકાસના ઈતિહાસમાં આ પ્રકારના ગ્રંથોની અગત્યતા રહેલી છે જ ઉત્તરોત્તર ગતિ કરતી વાર્તાના પાયામાં રહેલી તેની અસરને નકારી શકાય તેમ નથી. ઓગણસમી સદીમાં લખાયેલી વાર્તાઓનું તંતુ આપણી પ્રાચીન મધ્યકાલીન વાર્તાઓની પરંપરા સાથે જોડાયેલો છે. આ સદીમાં કેન્દ્રસ્થાને બોધ અને નીતિ શીખવતી વાર્તાઓમાં ઈ.સ. ૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યા લિખિત 'ઈસપનીતિની કથાઓ' ઈ.સ.૧૮૪૦માં એ વિગાસ સંપાદિત 'ગુજરાતી પંચોખ્યાન' ઈ.સ.૧૮૪૮માં ઉદયરામ ઈચ્છારામકૃત 'બોધકથા' ૧૮૫૪માં રણછોડદાસ ગિરધરભાઈની 'ઈસપનીતિની વાર્તા' વગરે રચનાઓ અનુવાદિત કે રૂપાંતર પામેલી છે.

આ બધાથી જુદો પડતો મૌલિકગ્રંથ દલપતરામકૃત 'ગુજરાતી બાયડીઓની મુલાકાતનું વર્ણન' ઈ.સ.૧૮૫૬ તેમજ 'તાર્કિકબોધ' ઈ.સ.૧૮૭૦માં જોવા મળે છે. તેમનું નિશાન પણ ઉદ્દેશ પ્રધાન જ હોઈ આ ગ્રંથમાં બોધાત્મક સંસારચિત્રો અને પ્રસંગ ચિત્રો નિરૂપાયા છે દલપતરામે 'તાર્કિકબોધ' જેના નામમાં જ બોધ રહેલો છે. આ વિશે તેઓ નોંધે છે.'તાર્કિક વાર્તાથી વાંચનારને બોધ થાય છે.' આજ જ અરસામાં રણછોડભાઈ ઉદયરામ 'પ્રાસ્તાવિક કથાસમાજ' નામે લોકવાર્તા અને દંતકથાઓનો સંગ્રહ પ્રગટ થાય છે. આ સર્જકોની મથામણ મુખ્યત્ત્વે જનમનરંજનની જ રહેલી છે.

દલપત નર્મદયુગ એ આપણો સુધારકયુગ છે. અન્ય સાહિત્યસ્વરૂપોના મુકાબલે ટૂંકીવાર્તાનો આવિષ્કાર આપણે ત્યાં ઘણો મોડો થયો, દલપતરામનું ધ્યાન આ સ્વરૂપ પ્રત્યે જાય છે. પરંતુ ઘણા બધા સાહિત્યપ્રકારોને સૌ પ્રથમ ખેડનાર નર્મદ 'ગાથાઓ' રચવાનો આગ્રહ કરે છે. પરંતુ તેમણે કેમ ટૂંકીવાર્તા નહિ લખી હોય એ પ્રશ્ન અનુત્તર જ રહે છે. ધૂમકેતુએ આ સમયના ટૂંકીવાર્તાના દાખલા આપીને નર્મદને નામે દશ-બાર વાર્તાઓ ચઢે તેવું અનુમાન કર્યું છે. તેમ છતાં પણ નર્મદના સમયમાં તો હજી અન્ય ભારતીય ભાષામાં ટૂંકીવાર્તા લખવાની બાકી જ હતી. પંડિતયુગના સર્જકો વિદેશી સાહિત્યના સંપર્કમાં આવ્યા પછી તેમના વિકસેલી કળાની ક્ષિતિજોનો લાભ જેટલો અન્ય સાહિત્યસ્વરૂપને મળ્યો છે. તેટલો ટૂંકીવાર્તાને મળ્યો નથી. તેમની નજરે આ સાહિત્યસ્વરૂપ ઓરમાન જ રહ્યું. આ યુગના મહાન પંડિત સાક્ષરોમાં મણિલાલ દ્વિવેદી, આનંદશંકર ધ્રુવ, કાન્ત, કલાપી, ગોવર્ધનરામ ત્રિપાઠી, નવલરામ વગેરે જેવા ચિંતકોની નજરે ટૂંકીવાર્તા ચઢી નહિ, તેમાં અપવાદરૂપે બ.ક.ઠા. અને રમણભાઈ નીલકંઠને ગણી શકાય.

પંડિતયુગના અંતિમ તબક્કામાં બ.ક.ઠાકોર જેવા સમર્થ ગદ્યલેખકે 'દર્શનિયુ' વાર્તાસંગ્રહ આપે છે. પરંતુ તેમાં ટૂંકીવાર્તાનું પુરેપુરું દર્શન થતું નથી. એવા બીજા રમણભાઈ નીલકંઠ પાસેથી 'ભોમિયાને મળેલી ભૂતથાપ' ઈ.સ. ૧૮૯૬માં મળે છે. પરંતુ નવાઈ વાત તો એ છે કે ગોવર્ધનરામ જેવા આર્ષદષ્ટા મનીષીએ સૌ પ્રથમ વખત મહાનવલ 'સરસ્વતીચંદ્ર' ૧૮૮૭માં આપી અને ગુજરાતી ગદ્યની તાકાતનો પરચો બતાવ્યો પણ ટૂંકીવાર્તા તેમની કલમના સ્પર્શથી અસ્પૃશ્ય જ રહી.

ભારતીય સાહિત્યમાં ૧૮૯૧થી ૧૮૯૫ના સમયગાળામાં રવીન્દ્રનાથ ટાગોર પાસેથી 'નષ્ટનીડ', 'સ્ત્રીનો પત્ર', 'સમાપ્તિ' જેવી ઉત્તમ વાર્તાઓ મળે છે. કન્નડમાં મસ્ત વ્યંકેટશ અયંગર અને મલયાલમમાં તકઝી શિવશંકર પિલ્લે વગેરે ટૂંકીવાર્તાના ઉત્તમ નમુના આપી ચૂક્યા હતા. આ સમયે આપણે ત્યાં રૂપાંતરણો, અનુવાદો અને અનુકરણોમાં જ અટવાયા કે રાચતા રહ્યા હતા.

આ સદીનું જમા પાસુ એ ગણી શકાય કે આરંભમાં કેટલાંક સામયિકોનો ફાળો ખૂબ જ મહત્ત્વનો બની રહે છે. જેમાં 'જ્ઞાનસુધા','સુન્દરી સુબોધ' ૧૯૦૩ નવલિકાના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપે છે. તેની સાથે સાથે 'વાર્તાલહરી' જેવા સામયિકનું

પણ આકર્ષણ રહ્યું હતું. તો ઉદ્દેશ્યપ્રધાન 'સાહિત્ય' સામયિક હતું. તેવું જ 'વાર્તાવારિધિ' અને 'ચંદ્ર'નું પણ કહી શકાય. આ બધાથી આનોખી ભાત પાડતું 'વીસમીસદી'નો જન્મ એટલે વાર્તાસાહિત્યનો વિકાસ નવલિકાને કલાનું સ્વરૂપ આપનાર માસિક ટૂંકીવાર્તાને રંગીચિત્રો સાથે પ્રગટ કરતું હતું. તે આ સામયિકની વિશેષતા હતી. તદ્‌પરાંત 'સ્ત્રીબોધ', 'બુદ્ધિપ્રકાશ', વગેરે સામયિકોએ ટૂંકીવાર્તાના કલાપ્રકાર તરફ ગતિ કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. આ સામયિકો એ આ જમાનાના સર્જકોને પ્રોત્સાહિત કરી વાર્તાલેખન માટે એક ભૂમિ (પ્લેટફોર્મ) પૂરું પાડ્યું છે. તેથી જ સમયમાં તેમનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે.

ટૂંકીવાર્તાના આરંભની કાર્યશાળામાં નવલિકાનો એકડો ઘૂંટનારા અંબાલાલ સાકરલાલ દેસાઈ, ધનસુખલાલ મહેતા, રણજિતરામ વાવાભાઈ મહેતા, કંચનલાલ વાસુદેવ મહેતા, 'મલયાનિલ' અને ક.મા.મુનશી વગેરે આ સ્વરૂપને આલેખવી મથામણ કરે છે. આમ, તેઓ નવલિકાના વૈતાલિક બની આ સ્વરૂપની ભોંય ભાંગનારા ગણી શકાય.

આ બધા સર્જકોની વાર્તાઓમાં તત્કાલીન સમાજનું યથાર્થ પ્રતિબિંબ જોવા મળે છે. આ સમયનો માહોલ કે વાતાવરણ આબોહવા સુધારાવાદી હતી. એટલે તેમની વાર્તાઓમાં સમાજ સુધારાનો હેતુ પ્રયોજાય એ સ્વાભાવિક છે. બાળલગ્ન, વિધવાવિવાહ, સમાજની રૂઢિચુસ્તતા, લઘુતાગ્રંથિ અને જડવલણથી પીડાતું માનસ વગેરેને કારણે ઉપદેશ કે બોધ અગ્રતાક્રમે રહે છે. આ વાર્તાકારોની વાર્તામાં સમાજ સુધારો નિર્દેશાયો છે. ટૂંકીવાર્તાનું સ્વરૂપ તેમની દૃષ્ટિએ જેટલું સાધ્યરૂપે નહિ તેટલું સાધનરૂપે આવે છે તેથી વાર્તા કલાત્મક બનવાને કારણે ઉપદેશ કે ચિંતનના ભારતળે દબાઈ જાય છે. તેમ છતાં પણ 'ટૂંકીવાર્તાના કલામય સ્વરૂપને ઉગારી લેવાનું શ્રેય મહંમદ અલ્લારખિયાના ફાળે જાય છે. કારણ કે તેમણે તે વખતના સામયિકોમાં 'વીસમી સદી' જુદા જ પ્રકારે સખત પરિશ્રમથી બહાર પાડતા હતા. આ 'વીસમી સદી'માં પ્રથમ વખત ૧૯૧૮માં 'મલાયનિલ' પાસેથી 'ગોવાલણી' વાર્તાનો જન્મ થયો તે આપણું સદ્‌ભાગ્ય.

આમ, ગુજરાતીમાં ટૂંકીવાર્તાના વિકાસમાં 'વીસમીસદી'નો ફાળો અનન્ય છે. પ્રથમ ગુજરાતી કળાત્મક ટૂંકીવાર્તાના શ્રીગણેશ કંચનલાલ વાસુદેવ મહેતાના હાથે થયા.

આજ સુધીના માન્ય વિવેચકોએ 'ગોવાલણી' ને ગુજરાતી સાહિત્યની પ્રથમ કલાત્મક 'ટૂંકીવાર્તા' તરીકે નવાજી, પ્રમાણી, બિરદાવી અને પુરસ્કારી છે. 'ગોવાલણી' પ્રગટ થઈ એ આપણું સદ્‌ભાગ્ય પરંતુ ૧૯૧૯માં અનેક આશા જન્માવતો ગોવાલણીના જન્મદાતાનું નાની વયે અવસાન થયું એ આપણું અને વાર્તાનું પણ દુર્ભાગ્ય નહિ તો બીજુ શું ? નવલિકા સાહિત્ય સ્વરૂપના વિકાસની વાત આવે એટલે પ્રથમ નજર ટૂંકીવાર્તાની વિશેષતા મર્યાદા, મહત્ત્વના સ્થળકાળ પરિસ્થિતિ તેના અગત્યનાં ઘટકતત્ત્વો અને વિવિધ ગતિવિધિ સાથે બદલાતા જતા. સ્થિત્યંતરોને વર્ણવતા અભ્યાસ તરફ જાય એ સ્વાભાવિક છે. પરંતુ કવિતા અને નવલકથા જેવા સાહિત્ય સ્વરૂપના જેટલા મહત્ત્વના પાયાના ગ્રંથો મળે છે. તેટલા ટૂંકીવાર્તા ક્ષેત્રે અભ્યાસી ગ્રંથો મળતા નથી.

ગુજરાતી સાહિત્યને રળિયાત કરનારા ઉપરોક્ત ગ્રંથ અને ગ્રંથકારોના નામ અને કામ કોનાથી અજાણ્યા છે. આ વિદ્વાનોમાં રાધેશ્યામ શર્મા, સુમન શાહ, બાબુ દાવલપુરા, નરેશ વેદ, રઘુવીર ચૌધરી વગેરે પાસેથી ટૂંકીવાર્તા સાહિત્ય સ્વરૂપના સંદર્ભે મૂલ્યવાન ગંભીરતાપૂર્ણ અભ્યાસીગ્રંથ મળવાનો બાકી રહે છે.

સુન્દરમ્ પાસેથી 'અવલોકના' અને 'અર્વાચીન કવિતા' કવિતા, નવલકથા વિશે વિશદ ચર્ચા કરતો ગ્રંથ મળ્યો, કાશ ! તેની વિદ્વતાનો લાભ ટૂંકીવાર્તા સ્વરૂપને મળ્યો હોત તો ? આ પ્રકારના અભ્યાસમાંથી આપણે જીવાતા જીવનનું વાતાવરણ, રીતભાત, રહેણીકરણી તેમજ બદલાતા જતા માનવજીવનના સંદર્ભો, મૂલ્યો તેની નૈતિકતા, પ્રતિબદ્ધતામાં આવતો ચઢાવ-ઉતાર તેમના વેદના સંવેદનામાં અનુભવાતો ધબકારનો આરોહ-અવરોહ તેની સાથે સાથે માનવજીવનની રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક તેમજ સામાજિક પરિબળોમાં થતી ઉથલ પાથલ વગેરે સાહિત્ય કઈ રીતે અસર ઝીલે છે. પરસ્પર કેવું સંક્રમણ સાંધે છે અને તેમાં આ સાહિત્ય સ્વરૂપની ભૂમિકા કેવી રહે તે પણ તપાસનો એક રસપ્રદ મુદ્દો બની રહે છે. યા તો આયોજનબદ્ધ અભ્યાસ કરવાથી માનવચેતનાની ગતિવિધિનો આલેખ મેળવી શકાય. ટૂંકીવાર્તાક્ષેત્રે આવેલા પરિવર્તનો અને દરેક જમાનાના દર્શક સર્જક વિશેની વિશેષતા મર્યાદા તારવવા જાણવા પ્રમાણવાનો કેટલાક વિદ્વાનોએ પ્રસંશનીય પ્રયાસો કર્યા છે. ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપ વિશે આ પ્રકારના થયેલા કેટલાક મહત્ત્વના અભ્યાસી ગ્રંથો આ પ્રમાણે છે.

૧. ભારતીય ટૂંકીવાર્તા (પ્ર.આ. ૧૯૭૩,૧૯૮૫) - ભોળાભાઈ પટેલ
૨. પ્રાશ્ચાત્ય ટૂંકીવાર્તા (પ્ર.આ.૧૯૭૬) - ઈલાબહેન પાઠક
૩. વાર્તા વિલોક (પ્ર.આ.૧૯૭૯) - રમણલાલ પાઠક 'વાચસ્પતિ'
૪. વિશ્વ સાહિત્યમાં વાર્તા ટૂંકીવાર્તા (પ્ર.આ.૧૯૯૯) - હસુ યાજ્ઞિક
૫. ગુજરાતી ટૂંકીવાર્તા આકાર અને આગમન (પ્ર.આ ૧૯૯૦)
- નવીન કા. મોદી
૬. નવી ટૂંકીવાર્તાની કળામીમાંસા (પ્ર.આ. ૧૯૯૮) - કિશોર જાદવ
૭. ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા પ્ર.આ. ૧૯૭૭)- સં. જયંત કોઠારી
૮. વાર્તા **વિશેષ** (પ્ર.આ.૧૯૭૬) - રઘુવીર ચૌધરી
૯. સુરેશ **જોષી પછીની** વાર્તાનાં **વિશેષ** પરિમાણો (પ્ર.આ.૨૦૦૧)
- મોહન પરમાર
૧૦. **ટૂંકીવાર્તામાં** કથનકેન્દ્ર (પ્ર.આ.૨૦૦૦) - **શરીફા વીજળીવાળા**
૧૧. પરિષ્કૃત વાર્તા અને બીજા લેખો (પ્ર.આ.૨૦૦૦) - મણિલાલ હ. પટેલ
૧૨. સુરેશ **જોષીથી** સત્યજિત શર્મા (પ્ર.આ.૧૯૭૫) - સુમન શાહ
૧૩. ટૂંકીવાર્તા (પ્ર.આ.૧૯૮૪,૨૦૦૩) - વિજયશાસ્ત્રી
૧૪. ગુજરાતી નવલિકાનો વિકાસ (સાહિત્ય વિચારણા પ્ર.આ.૧૯૬૯,૧૯૯૧)
- ધૂમકેતુ
૧૫. વાર્તાવિમર્શ (પ્ર.આ.૧૯૬૦) - ચુનીલાલ મડિયા

ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપ ક્ષેત્રે આ પ્રકારના અગત્યના અભ્યાસી ગ્રંથો દ્વારા ટૂંકીવાર્તાની ચઢતી-પડતી તેમજ ગતિવિધિનો પરિચય પ્રાપ્ત કરી શકાય છે. સાહિત્ય સ્વરૂપ તરીકે ટૂંકીવાર્તાની વિકાસરેખામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનારા સર્જકો જુદી-જુદી વિભાવના પોતાની રચના દ્વારા અલગ અને અનોખું ભાવવિશ્વ લઈને આવે છે. ટૂંકીવાર્તાના વિકાસની ગતિવિધિ તપાસવામાં સરળતા રહે તે માટે જુદા-જુદા સમયગાળા પ્રમાણે છ વિભાગોમાં વહેંચવામાં આવે છે.

➢ **ટૂંકીવાર્તાના આરંભના મથામણનો ગાળો અથવા તો પરંપરિત વાર્તાકારો**

જેમાં કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ', ધનસુખલાલ મહેતા, ક.મા.મુનશી, ધૂમકેતુ, રા.વિ.પાઠક, મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, ચુનીલાલ વ.શાહ,

સ્નેહરશ્મિ, ર.વ.દેસાઈ, સુન્દરમ્, ઉમાશંકર જોશી, ગુલાબદાસ બ્રોકર, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, ચુનીલાલ મડિયા, પન્નાલાલ પટેલ, જયંત ખત્રી, બકુલેશ, કેતન મુનશી અને જયંતી દલાલ.

➢ **સ્વાતંત્ર્યોત્તરકાળ અથવા આધુનિકતાવાદી વાર્તાકારો**

જેમાં સુરેશ જોષી, કિશોર જાદવ, મધુરાય, ઘનશ્યામ દેસાઈ, રાધેશ્યામ શર્મા, સુમન શાહ, મહેશ દવે, સરોજ પાઠક, વિભૂત શાહ, પ્રબોધ પરીખ, જ્યોતિષ જાની, સત્યજિત શર્મા. સુરેશ જોષીની વાર્તા વિભાવનાથી આરંભાયેલ શુદ્ધ અર્થમાં પ્રયોગશીલ વાર્તાઓનો પ્રવાહ પણ કહી શકાય.

➢ **પરંપરિત તેમજ આધુનિકતાવાદી લેખનપદ્ધતિનો સમન્વય કરતા વાર્તાકારો અથવા તો આ બીજા પ્રવાહમાં પરંપરા સાથે નાતો જાળવી રાખનારા**

સુવર્ણા, પરેશ નાયક, હરિકૃષ્ણ પાઠક, લક્ષ્મીકાંત ભટ્ટ, રવીન્દ્ર પારેખ, સુધીર દલાલ, ચંન્દ્રકાન્ત બક્ષી, રાવજી પટેલ, રઘુવીર ચૌધરી, ઈવા ડેવ, ચિનુ મોદી, અશ્વિન દેસાઈ.

➢ **આધુનિકોત્તર વાર્તાકારો**

આગળના બંને પ્રવાહોથી ભિન્ન આ સર્જકો અનુકરણ કે અનુસરનમાં પડતા નથી. પરંતુ પૂરેપૂરી આત્મપ્રતીતિથી પોતાનો નિજી અવાજ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના તેમની નિસ્બત માત્ર વાર્તા સાથેની હોઈ તેની મથામણ કરતા નવો ચીલો ચાતરે છે. જેમાં ભગવતીકુમાર શર્મા, ધીરુબહેન પટેલ, ધીરેન્દ્ર મહેતા, વર્ષા અડાલજા, કુન્દનિકા કાપડિયા, ઈલા આરબ મહેતા, ઉત્પલ ભાયાણી, વિજય શાસ્ત્રી, શિરીષ પંચાલ, પ્રવીણસિંહ ચાવડા, ભૂપેશ અધ્વર્યુ, વીનેશ અંતાણી, હિમાંશી શેલત, હરીશ નાગ્રેચા, રામચંદ્ર પટેલ, પ્રાણજીવન મહેતા, રમેશ ર. દવે, હર્ષદ ત્રિવેદી, કિરીટ દૂધાત, બિપિત પટેલ, કંદર્પ દેસાઈ, અંજલિ ખાંડવાળા, શિરીષ પંચાલ, જયંત ગાડિત, બહાદુરભાઈ વાંક, સુરેશ ઓઝા, સુમંત રાવલ.

➢ **દલિત ચેતના, પરિષ્કૃત અને ગ્રામચેતનાનું નિરૂપણ કરતા વાર્તાકારો**

જેમાં મોહન પરમાર, દલપત ચૌહાણ, દશરથ પરમાર, હરીશ મંગલમ્, જોસફ મેકવાન, મંગળ રાઠોડ, નરસિંહ પરમાર, ભી.ન. વણકર, માવજી મહેશ્વરી, અનિલ વાઘેલા, પ્રવીણ ગઢવી, અજિત ઠાકોર, અનિલ વ્યાસ, મનોહર

ત્રિવેદી, માય ડિયર જયુ, ઊજમશી પરમાર, જનક ત્રિવેદી, ધરમાભાઈ શ્રીમાળી, નાઝીર મન્સૂરી, મોના પાત્રાવાળા, જિતેન્દ્ર પટેલ, અમૃત મકવાણા, ચંદ્રાબહેન શ્રીમાળી, હરીશકુમાર મકવાણા, પ્રાગજીભાઈ ભામ્ભી, પથિક પરમાર, અરવિંદ વેગડા, હરિ પાર, બી કેશરશિવમ્, મધુકાન્ત કલ્પિત, રમણભાઈ વણકર, રમણ ચાવડા, મૌલિક બોરીજા, યશવંત વાઘેલા, મફત ઓઝા, ત્રિભુવન તથાગત.

➤ **સૌથી મોટી સંખ્યામાં વાર્તાઓ લખનારો લોકપ્રિય વાર્તાકારો**

આ પ્રવાહમાં જેમાં ગુણવત્તા કરતા સંખ્યા વધારે છે. જેમાં મોહમ્મદ માંકડ, રજનીકુમાર પંડ્યા, દિલીપ રાણપુરા, પ્રિયકાન્ત પરીખ, ભૂપત વડોદરિયા.

☛ **ટૂંકીવાર્તાના આરંભના મથામણનો ગાળો અથવા તો પરંપરિત વાર્તાકારો**

☛ **ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા કઈ ?**

ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ ટૂંકીવાર્તા કોના હાથે રચાઈ તેનો વાદ-વિવાદ ઠીક-ઠીક પ્રમાણમાં થતો રહ્યો છે. ટૂંકીવાર્તાના આરંભના સમયમાં જુદા-જુદા સામયિકોનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ટૂચકાઓ, દંતકથાઓ, લોકકથાઓ, કહેવત કથાઓ અને અન્ય ભાષાઓમાંથી અનુવાદો પ્રગટ થતા હતા. ૧૮૯૬-૯૭માં રમણભાઈ નીલકંઠે 'જ્ઞાનસુધા' માં અને ૧૮૯૭માં નારાયણ હેમચંદ્ર 'સાહિત્ય'માં પરદેશી અને પરપ્રાંતીય વાર્તાઓના અનુકરણમાં ટૂંકીવાર્તાનું સાહિત્ય પ્રગટ થવા માંડ્યું હતું. વીસમી સદીના ઉંબરે સર્જકો ટૂંકીવાર્તાના સાહિત્ય પ્રકારને કળાત્મક રૂપ આપવા મથી રહ્યા હતા. આરંભમાં કાચી પણ માંડણી કરવામાં શરૂઆતના આ સર્જકોનો ફાળો મહત્ત્વપૂર્ણ બની રહે છે. 'સમાલોચક', 'સાહિત્ય' વગેરે સામયિકોમાં રણજિતરામની વાર્તાઓ 'માસ્તરનંદનપ્રસાદ' અને ઈ.સ. ૧૯૦૪માં 'હીરા' વાર્તા પ્રગટ થઈ હતી. તેને ધનસુખાલાલ મહેતાએ એક તરફ ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા ગણાવી છે. તો બીજી તરફ એનું કથાવસ્તુ 'સુહિણી મહોર' ની લોકકથાને મળતું આવતું હોઈ વિવેચક અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ, ધનસુખલાલ મહેતાના મત સાથે સહમત થતા નથી.

અત્યાર સુધી લખાતી દંતકથા, લોકવાર્તામાંથી જુદી પડતી ગુજરાતી સાહિત્યની પ્રથમ મૌલિક ટૂંકીવાર્તા સન્ ૧૯૦૦માં ૧૯મી સદી આથમતા અને૨૦મી સદીનું પરોઢના આ બે સદીના ક્ષિતિજો અંબાલાલ સાકરલાલ દેસાઈ કૃત 'શાંતિદાસ' વાર્તા મળે છે.

"૧૯૦૪ની સાલમાં 'સુન્દરી' સુબોધમાં સ્વ. રણજિતરામ વાવાભાઈએ 'હીરા' નામની એક વાર્તા લખી જેને આપણી પહેલી નવલિકા તરીકે આપણે સ્વીકારવી જોઈએ."[૧૨૯] પરંતુ રણજિતરામની વાર્તા 'હીરા' ઈ.સ. ૧૯૦૪માં પ્રગટ થઈ હતી. જ્યારે અંબાલાલ દેસાઈની 'શાંતિદાસ' વાર્તા ૧૯૦૦માં પ્રગટ થઈ હોવાથી તે આપણી પ્રથમ નવલીકા બને છે. પરંતુ તે બંને વાર્તાઓમાં રહેલી ઉણપ 'મલયાનિલ'ની 'ગોવાલણી' વાર્તામા દૂર થઈ જતા કળાકીય અભિગમની ખેવના કરતી આ વાર્તા જ મેદાન મારી જાય છે.

➤ કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'

'ગોવાલણી' વાર્તામાં એક દૂધ વેચનારી ગોવાલણીના પ્રભાવક વ્યક્તિત્ત્વથી અંજાઈને વિષય વાસનાથી પીડાતા તેની પાછળ પાગલ બનતા અને છેવટે પત્નીની જ હાજરીમાં ક્ષોભકારક સ્થિતિમાં મૂકાઈ જતા મધ્યમવર્ગની યુવકની કથા છે. ઈ.સ.૧૯૧૮માં પ્રગટ થયેલ 'ગોવાલણી' વાર્તામાં કર્તાએ નમૂનેદાર ટૂંકીવાર્તાના કલાવિધાનનું જે શિખર સર કર્યુ એ તત્કાલીન ધોરણોએ ખરેખર ગર્વ પ્રેરે એવું હતું. 'ગોવાલણી'માં સૌ પ્રથમવાર સ-રસ વસ્તુ વિકાસ, સુરેખ પાત્રાલેખન, મનોહર શબ્દચિત્રો અને નર્મ-મર્મયુક્ત શૈલીનો આહલાદક પરિચય પ્રાપ્ત થાય છે. મલયાનિલનો વાર્તાસંગ્રહ 'ગોવાલણી અને બીજીવાર્તા' માં 'ગોવાલણી' જેવી નિર્ભેળ કલાસ્વરૂપવાળી વાર્તાઓ નહિવત છે. તેમ છતાં ટૂંકીવાર્તાની સમજ સ્પષ્ટ ઘડવામાં તેમનો નોંધપાત્ર ફાળો છે.

➤ ધનસુખલાલ મહેતા :

ધનસુખલાલ મહેતાએ અનુવાદો, રૂપાંતરોથી આરંભ કરેલો તેમને હાસ્ય, નર્મ-મર્મ અને વ્યંગ્ય કટાક્ષ કરવાની સારી ફાવટ છે. તેમનો વાર્તાસંગ્રહ 'હું, સરલા અને મિત્ર મંડળ' ૧૯૨૦માં પ્રસિદ્ધ થયો તેમાં 'પહેલો ફાલ', 'પ્રતિબિંબ અને છાયા' વગેરે વાર્તાઓ ધ્યનાર્હ છે. મૌલિક ટૂંકીવાર્તામાં સામાન્ય મધ્યમવર્ગનું આલેખન તેમની વાર્તાઓમાં વિનોદભર્યુ અને કારુણ્યમય રીતે છવાયેલું છે. જેમાં ફલ સ્વરૂપે ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાં 'બા'નું સ્થાન સીમાચીહ્નરૂપ છે.

➤ કનૈયાલાલ માણેકલાલ મુનશી

મલયાનિલ અને ધનસુખલાલના સમકાલીન મુનશી પાસેથી ઈ.સ. ૧૯૨૧માં 'મારી કમલા અને બીજીવાર્તા' સંગ્રહ પ્રગટ થયો. તેથી ઉપરોક્ત બન્ને વાર્તાકારો કરતાં મુનશીની વાર્તામાં કલાતત્વ જોવા મળે છે. મુનશીની પ્રથમ વાર્તા 'સ્ત્રીબોધ' સામયિકમાં 'મારી કમલા' નામે પ્રસિદ્ધ થઈ હતી. પ્રથમ ૧૯૧૨ પછી ૧૯૨૬માં 'મારી કમલા અને બીજી વાર્તા' પ્રગટ થયો હતો. વિષય વૈવિધ્ય અને લેખનની જમાવટ તેમની વાર્તાનું જમાપાસુ છે. તેમના વિશે કહેવાયું છે કે તેઓ જેટલા નવલકથાકાર તરીકે સફળ નીવડ્યા તેનો અભાવ વાર્તાઓમાં ચાલે છે. મનુશીએ 'શામળાશાનો વિવાહ' જેવી વેધક કૃતિઓ રચેલી. પણ એમની જ એક વાર્તાના શીર્ષક પરથી કહીએ તો ટૂંકીવાર્તા તેમના માટે 'કામચલાઉ ધર્મપત્ની' જ બની રહે છે. એમની કાયમી ધર્મપત્ની તો નવલકથા જ રહે છે.

મલાયનિલ, ધનસુખલાલ અને ક.મા.મુનશી ઉપરાંત બટુભાઈ ઉમરવાડિયા, વાર્તાનું વન', નટુભાઈ કાંટાવાળા, 'નારદ', ટચુકડી ઓ વાર્તા', 'લીલાવતી મુનશી', 'જીવનમાંથી જડેલી', 'ઈન્દુલાલ યાજ્ઞિક' વગેરે સિદ્ધહસ્ત ટૂંકીવાર્તાઓ આપવાના પ્રશંસનીય પ્રયત્ન કરે છે. પરંતુ તેમને જોઈએ તેવી સફળતા પ્રાપ્ત થઈ નથી.

➤ ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'

પ્રાંતીય ભાષાઓમાં રચાતી ટૂંકીવાર્તાઓની હરીફાઈ કરી શકે તેવી સબળ રચના આપણી ત્યાં હજી સુધી અસ્તિત્વમાં આવી ન હતી. તેનું સંતોષકારક પરિણામ ધૂમકેતુ દ્વારા મળે છે. ધૂમકેતુ તેમની વાર્તા દ્વારા ગુજરાતી વાર્તાઓને ઘણા કદમ આગળ મૂકે છે.

૧૯૨૬માં ધૂમકેતુના તણખામંડળ -૧નું પ્રગટ થયું એ આપણા નવલિકા સાહિત્યના ઈતિહાસની એક ચિરસ્મરણીય ઘટના ગણી શકાય. 'તણખા મંડળ-૧,૨,૩,૪', 'ત્રિભેટો', 'અવશેષ', 'પરિશેષ', 'પ્રદીપ', 'વનછાયા' વગેરે એમના સંગ્રહોની વાર્તાઓમાં વાર્તાકલાની ઘણી ઉંચી કક્ષા જોઈ શકાય છે. ધૂમકેતુની મબલક વાર્તાસૃષ્ટિની વિશેષતાની સાથે સાથે કેટલીક મર્યાદા પણ રહેલી છે. તેમની વાર્તામાં રંગદર્શિતા, ભાવુકતા, આદર્શવાદ, ભાવનાવાદ તથા તેમના પાત્રો આદર્શઘેલા અને લાગણીના પ્રવાહમાં તણાઈ જાય છે. ધૂમકેતુની વાર્તાઓમાં સ્થળકાળનું વૈવિધ્ય પણ

જોવા મળે છે. એક તરફ 'પૃથ્વી અને સ્વર્ગ' જેવી વાર્તા મળે છે. તો બીજી તરફ 'આત્માના આંસુ' કે 'સોનેરી પંખી' જવી સામ-સામા છેડાની વાર્તા પણ પ્રાપ્ત થાય છે તો લોકકથાની સરહદને સ્પર્શતી વાર્તામાં 'દોસ્તી' અને 'રજપૂતાણી' છે. બંનેની ભાષા ભિન્ન-ભિન્ન રીતે નિરૂપાઈ છે. તેની એમ કહી શકાય તેમના આ યંત્રસંસ્કૃતિ તરફનો તિરસ્કારને કારણે તેમની વાર્તાને ભાગે સહન કરવાનું આવ્યું છે. આને લીધે સરવાળે તેમની વાર્તાઓ કલાત્મક રીતે નબળી પડે છે. વિશ્વવિખ્યાત ખ્યાતિ પ્રાપ્ત 'પોસ્ટ ઓફિસ' વાર્તા પણ આનો જ ભોગ બની છે.

ધૂમકેતુ વાર્તાઓમાં સીધા જ પ્રવેશીને કટાક્ષ, ચિંતન, ટીકા, બોધ વગેરે આપે છે. 'પોસ્ટ ઓફિસ' તેનું જાણીતું ઉદાહરણ છે. આ બાબતે ઋજુ હૃદયના 'કવિ જીવ

ધૂમકેતુની રંગદર્શીશૈલી, પાત્રોમાં ભાવના, લાગણીઓનો અતિરકે અને તેના કારણે અપ્રતીતિકર લાગતા પાત્રો જીવંતતા ગુમાવી દે છે. મનોહર પ્રકૃતિચિત્રોના પરિવેશ સાથે પાત્રો, પ્રસંગો અને પરિસ્થિતિઓનું વિપુલ વૈવિધ્ય ધૂમકેતુની વાર્તાઓમાં સૌ પ્રથમવાર જોવા મળે છે.'પોસ્ટ ઓફિસ', 'ભૈયાદાદા', 'ગોવિંદનું ખેતર' વગેરે જેવી સંખ્યાબંધ ચિરંજીવી વાર્તાઓ ગુજરાતી વાર્તાસહિત્યનું ઘરેણું છે. ગ્રામજીવનનું દર્શન, છેવાડાના નીચલા સ્તરના પાત્રો, પશુપ્રેમ, માનવકલાકારો, યંત્રવાદની જડતા વગેરેનું સ-રસ નિરૂપણ થયું છે.

➤ **રામનારાયણ વિશ્વનાથ પાઠક 'દ્વિરેફ'**

૧૯૨૮માં 'દ્વિરેફની વાતો-ભાગ-૧' પ્રગટ થયો તે પણ ગુજરાતી વાર્તાના ઈતિહાસની એક અભૂતપૂર્વ ઘટના ગણાય છે. તેમનો અંતિમ વાર્તાસંગ્રહ 'દ્વિરેફની વાતો ભા-૩ ૧૯૪૨માં પ્રગટ થયો. આમ ત્રણ વાર્તાસંગ્રહોમાંથી કુલ ૪૨ વાર્તાઓ મળે છે.

ગાંધીજીના સંસર્ગને કારણે આ ગાંધીજન સર્જકની દૃષ્ટિ વધારે જીવનલક્ષીને લોકાભિમુખ બને છે. ગ્રામોદ્ધાર, અછૂતોદ્ધારની ભાવના વગેરે ગામડાનો છેવાડાનો માનવી દ્વિરેફની સ્વસ્થ કલમે સાહિત્ય જગતમાં માનભેર સ્થાન પામે છે. માનવજીવનના જટિલ અને ગહન પ્રશ્નોને દ્વિરેફ પૂરી તટસ્થાતાથી અને પૂરી સ્વસ્થતાની નિરૂપે છે.

રા.વિ. પાઠક જેવા વાર્તાના મર્મી કળાત્મક વાર્તાની અનેક શક્યતાઓ તેમજ વાર્તાની ક્ષમતાઓ ચીંધી બતાવે છે. દ્વિરેફની સમગ્ર વાર્તાસૃષ્ટિ અને વાર્તા વિભાવનાએ ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપ ઘડતરમાં મહત્ત્વનો અને અનન્ય ફાળો આપ્યો છે. દ્વિરેફની વાતો ભાગ-૧માં વાર્તાકળાના ઉચ્ચ શિખર સર કરતી માઈલસ્ટોન ત્રણ વાર્તાઓમાં 'ખેમી', 'મુકુન્દરાય' અને 'જક્ષણી' છે. તેમાં પણ 'મુકુન્દરાય' કારુણ્યનું રસાયણ ઘૂંટતી બેનમૂન વાર્તા છે. જ્યારે 'નવોજન્મ', 'કપિલરાય' અને 'છેલ્લો દાંડકય ભોજ' વાર્તામાં નવા જ દ્વિરેફના દર્શન થાય છે. તેમનું એકપક્ષી વલણ નથી. તેમાં 'ખેમી' પણ આવે અને 'જીવણનો ભાર વેંઢારતા', 'કંકુડી અને કાનિયો' પણ આવે તો 'જમનાનું પૂર' આખી પ્રતીકાત્મક વાર્તા બને છે. ત્રીજા ભાગમાંથી પ્રયોગનું નિરૂપણ 'મહેફિલે-ફસાને-ગુયાન-ઉર્ફે વાર્તાવિનોદ મંડળ'માં કર્યુ છે.

દ્વિરેફ ગુજરાતી સાહિત્યને 'ખેમી' જેવું અમર પાત્ર ભેટ ધરે છે. 'ખેમી' વાર્તામાં લેખકે સમાજમાં નીચલા અસ્પૃશ્ય ગણાતા વર્ગમાં પણ પ્રેમ અને સમર્પણની ભાવના કેવી અને કેટલી ઉત્કટ હોય છે તે જોવા મળે છે.

➤ ઝવેરચંદ કાળીદાસ મેઘાણી

"હું પહાડનું બાળક છું' પોતાને પહાડના બાળક તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવતા આ સર્જકને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર'નું સર્વોત્તમ બિરુદ આપ્યું. જેમને 'ગુજરાતની વિભૂતિ' કહે છે તે ઝવેરચંદ મેઘાણી લોકહૃદયનો ધબકાર ઝીલનારા સાહિત્યકાર હતા. તેમની કલમમાં એવી તાકાત હતી કે સૌરાષ્ટ્રની ખમીરવંતી ધરતી જીવંત બની તેમાંથી સુગંધ રેલાતી ત્રીસીના સર્જકોમાં મેઘાણીનું સ્થાન અનન્ય છે.

ગુજરાતી વાર્તા સાહિત્યક્ષેત્રે મેઘાણી એક નવા જ જુસ્સા જોમ સાથે પ્રવેશે છે. સૌરાષ્ટ્રની ધરતીનું ખમીર તેમની વાર્તાઓમાં સ-રસ રીતે નિરૂપાયુ છે. ભાષાશૈલી, સંતો, મહેતો, ભક્તો અને શૂરવીરોની સરોઠી ભૂમિ તેમનું ઘીગું વાસ્તવ વગેરે મેઘાણીમાં એકરૂપ બની બળકટ રીતે અભિવ્યક્ત થાય છે. મેઘાણીમાં એક સાથે લોકસાહિત્યનું સંશોધન, ગાંધીવિચારનું મોજું, અને પત્રકારત્વનો વ્યવસાય આ બધાનો ત્રિવેણી સંગમ થાય છે. સાહિત્યજગતમાં તેમણે લોકસાહિત્ય ક્ષેત્રે આપેલ યોગદાનને કારણે સાહિત્ય અને રસજ્ઞો હંમેશા તેમના ઋણી રહેશે જ.

તેમના પ્રેરકબળોમાં ગાંધીજી, ટાગોર, સામ્યવાદી, માનવતાવાદી વિચારધારા તેની સાથે સાથે નૈતિકમૂલ્યોની પ્રતિબદ્ધતા તેમજ લોકસાહિત્ય વગેરે તેમના સાહિત્યિક જીવનનાં પ્રેરકબળો છે.

મેઘાણી પાસેથી આઠ જેટલા વાર્તાસંગ્રહો મળે છે. જેમાં ૧૯૨૨માં 'કુરબાનીની કથાઓ' ૧૯૩૧, 'ચિતાના અંગારા' ભા-૧, ૧૯૩૨ 'ચિતાના અંગારા' ભા-૨, 'આપણા ઉંબરમાં' ૧૯૩૪, 'પ્રતિમાઓ', 'જેલઓફિસની બારી' ૧૯૩૫, 'ધૂપછાયા', 'પલકારા' ૧૯૪૨, 'મેઘાણીની નવલિકાઓ' ભાગ-૧,૨, ૧૯૪૬માં 'વિલોપન' અને 'બીજી વાર્તા' આ ઉપરાંત 'સૌરાષ્ટ્રની રસધાર' ૧ થી ૫ ભાગ, 'વેરાનમાં', 'સોરઠી બહારવટિયા' તથા 'માણસાઈના દીવા' સંગ્રહ શ્રીકાકાસાહેબ કાલેલકરને તો સંસ્કૃતિ સુધારાનો કિંમતી દસ્તાવેજ લાગે છે. જેમાં રવિશંકર મહારાજના મુખે સાંભળેલી કથાને સર્જક તેમની મંજાયેલે કલમે કલાત્મક ઢબે રજૂ કરે છે. આ સંગ્રહમાં માનવજીવનની અંદર રહેલ 'માણસાઈ'ને પૂરી સ્વસ્થતાથી નિરૂપે છે. તેમાં વાર્તાશિલ્પના સરસ નમૂનાઓ જોવા મળે છે.

૧૯૩૧માં 'કિશોરની વહુ'નામે પ્રથમ મૌલિક વાર્તા લખી. નારીજીવનની વેદના સંવેદનાએ પણ તેમને વિહવળ કરી મૂક્યા છે. તેમની આ વ્યથા 'વહુ અને ઘોડા'માં આલેખન પામી છે. મેઘાણીની વાર્તામાં દંભી, સ્વાર્થી, કાયર, ઈર્ષાળુ, પ્રેમી, પરોપકારીની સાથે સાથે ગરીબી,લાચારી, વફાદારી વગેરે વાર્તામાં માનવજીવનના સમાનતન સત્યો રેખાંકિત થાય છે. સોરઠી બોલી, તળપદા સંવાદો, રસિકભાષા તેમની વાર્તાનું જમાપાસુ છે. વાર્તામાંથી પ્રગટ થતું સમાજદર્શન એ પણ વાર્તાનું ઉજળું પાસું છે. 'મંછાની સુવાવડ' અને 'કેશુના બાપનું રાજ', 'અનંતની બહેન', 'લોકાચારના દાનવ સામે' વગેરે વાર્તાઓમાં અન્યાય, અત્યાચાર, કુરિવાજો સામે. તેમના પાત્રો સરળતાથી ઝૂકી જતા કે હાર માની લેતા નથી,

➤ **ગુણવંતરાય આચાર્ય**

આ વાર્તાકારની વાર્તાઓમાં 'ભૂતકાળના પડછાયા'માં સોરઠના હિન્દુ મુસલમાન શૂરવીરોની સાહસવૃત્તિ તેમની કલમે ઓર નીખરે છે 'નાપાક ઓરત', 'એ તો કેદી હતો ને ?' તથા 'પુત્રની પાછળ' સારી વાર્તાઓ છે. તેમની હાસ્ય કટાક્ષવાળી વાર્તાઓ જેમાં 'પાઘડીનો વળ છેડે'માં સારુ પરિણામ આવી શક્યું છે તો ઘણીવાર

સ્થૂળ કટાક્ષને કારણે તેમની વાર્તાઓ નબળી પડે છે. ત્યારે મર્યાદા બનીને આવે છે મનુષ્યોની દિલાવરી, માણસાઈ, નીતિમત્તા જેવા ગુણો તેમના પાત્રોમાં જોવા મળે છે. આ સર્જકની ગદ્યશૈલી પ્રાદેશિક, સોરઠી ઝાંયથી રંગાયેલી અને ગતિશીલ છે. ક્યારેક તેમની કૃતિ ધાર્યુ પરિણામ નીપજાવી શકતી નથી. આ વાર્તાકારની વાર્તામાં 'જમણ અને ભૂખ' જેવી વાર્તા ભાવકને નારાજ કરતી નથી. ધ્યાનાર્હ બની રહે છે. ગુણવંતરાય આચાર્યની સિધ્ધિ જેટલી નવલકથાકાર તરીકે પ્રસિદ્ધ છે. તેટલી નવલિકાક્ષેત્રે નથી તેમની પાસેથી વાર્તાક્ષેત્રે 'આ જાણે આંબાનું ઝાડ' ૧૯૫૮, 'શ્રી અને સરસ્વતી' ૧૯૫૬, 'ભાઈબંધી' ૧૯૬૨, 'ઈન્સાનની આહ', 'ભૂતકાળના પડછાયા', 'નીલરેખા', 'સોરઠની સંધ્યા', 'અંધારદીપ', 'આચાર્યની શ્રેષ્ઠ નવલિકાઓ', 'પૂર્વજોનાં પાપે', 'ત્રિલોચન', 'સૂરજની સાખે', 'જોબનપગી' આટલા વાર્તાના ગ્રંથો મળે છે.

➤ ચુનીલાલ વર્ધમાન શાહ

વાર્તાકાર તરીકે આ વાર્તાકાર લગભગ ઉપેક્ષિત જ રહ્યા છે. તેમની પાસેથી 'એકદંડિયો મહેલ' અને 'રૂપાનો ઘંટ' નામે બે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની વાર્તાનો ગુણ જીવનની ઉંચી ભાવનાને અભિવ્યક્ત કરે છે. તેમની પાસેથી સબળી નબળી એમ બંને પ્રકારની વાર્તાઓ મળે છે. જેમાં 'સાપનો ભારો', 'લગ્નસંસ્કાર', 'રૂપાનો ઘંટ', 'માથુ વાઢે તે માલ વાઢે', અને 'જીવનની આવડત' વગેરે વાર્તાઓ કળાત્મક દૃષ્ટિએ ગજું કાઢું કાઢી શકી નથી. તો સાવ નબળી વાર્તાઓ પણ નથી. આમ છતાં પણ તેમની શૈલીની સરળતા, પ્રવાહિતા અને પ્રસન્નતા વગેરે નોંધપાત્ર બની રહે છે.

➤ ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'

સ્નેહરશ્મિ 'ગાતો આસોપાલવ' વાર્તાસંગ્રહ ૧૯૩૫માં લઈને આવે છે. આ સંગ્રહમાં લયાન્વિત ગદ્ય અને પાલની ભાતીગળતાના દર્શન થાય છે. કવિતાથી ઓપી રહેલી 'ગાતો આસોપાલવ', 'તૂટેલા તાર', 'સ્વર્ગ અને પૃથ્વી' તથા 'હીરાનાં લટકણિયાં' આ વાર્તા સંગ્રહોમાં વાર્તામાં વાર્તાકાર સ્નેહરશ્મિને કવિ સ્નેહરશ્મિની મદદે આવ્યા છે. તેમની વાર્તાઓ સૌંદર્યાત્વથી મઢાયેલી છે તેમની વાર્તાનો વિસ્તાર 'હીરાના લટકણિયા', 'સ્વર્ગ અને પૃથ્વી' સંગ્રહમાં ભાષાશૈલીની તાજગી જોવા મળે છે.

માનવજીવનની ભાવના, લાગણી, ઊર્મિ વગેરે વર્ણવે છે. વર્ણનમાં માધુર્ય છે, વાર્તાશૈલી રસાળ છે. સ્નેહરશ્મિ પહેલા કવિ છે. પછી વાર્તાકાર, એટલે તેમની વાર્તામાં કવિતાના અમીછાંટણા થયેલા અનુભવી શકાય છે. એક સર્જક તરીકે તેમની પાસેથી 'નાગ અને ગરૂડ', 'રેલના પાટા' પર 'પ્રતિકાર' તેમજ 'પુનરાગમન' જેવી મનનીય ઉત્તમ વાર્તાઓ સાંપડી છે. આ વાર્તા તેમની પ્રતીતિ કરાવે છે.

➤ રમણલાલ વસંતલાલ દેસાઈ

યુગમૂર્તિ વાર્તાકાર ર.વ.દેસાઈના અને આવી મુદ્રા તેમના વિપુલ સાહિત્ય સર્જન દ્વારા અંકિત થઈ છે. તેમની પાસેથી નવ જેટલા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં 'ઝાકળ' ૧૯૩૨, 'પંકજ' ૧૯૩૫, 'રસબિન્દુ' ૧૯૪૨, 'કાંચન અને ગેરુ' ૧૯૪૯, 'દીવડી' ૧૯૫૨, 'ભાગ્યચક્ર' ૧૯૫૨, 'સતી અને સ્વર્ગ' ૧૯૫૩, 'ધબકતા હૈયા' ૧૯૫૪ તથા 'હીરાની ચમક' ૧૯૫૭ વગેરે જેમને 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકેનું બિરૂદ મળ્યું તેમ છતાં પણ આ સર્જક જેટલા નવલકથાકાર તરીકે ખ્યાતનામ છે તેટલા વાર્તાકાર તરીકે નથી.

ર.વ.દેસાઈની ફરમાઈશી વાર્તઓને કારણે 'પંકજ', 'ઝાકળ' અને 'રસબિન્દુ' વગેરે સંગ્રહો નબળા પૂરવાર થાય છે. આ સંગ્રહોનું ભાવકને સરપાન કરાવે તે પહેલા 'રસબિન્દુ' ઝાકળની જેમ ઉડી જાય છે. તેમની વખણાયેલી વાર્તામાં 'કાંચન અને ગેરુ', 'દીવડી', 'ધબકતા હૈયા' તથા 'સતી અને સ્વર્ગ' વગેરે વાર્તાઓમાં તેમની શક્તિના દર્શન થાય છે. ગાંધીજીની સર્વોદય, અછૂતોદ્ધારની ભાવનાવાળી વાર્તામાં 'હરિજનવાસ અને મંદિર'માં સવર્ણો દ્વારા પ્રશ્ચાતાપ કરાવે છે. તેમની 'સંતની દેરી', 'પ્રેત સાથે લગ્ન', 'ખરી મા', 'ચંદા', 'ધબકતા હૈયા', 'પુર્નમિલન' વગેરે વાર્તાઓ ધ્યાનાર્હ છે. વાર્તાના વિષયોમાં પ્રેમ, લગ્ન, પૈસો, માનવમર્યાદા, દામ્પત્યજીવનનું માંગલ્ય વગેરેનું સરસ રીતે આલેખન થવા પામ્યું છે.

☛ વાર્તાવિશ્વનું વાતાવરણ

દરેક દાયકે અને દરેક જમાને વાર્તા તેના રૂપ, રંગ, કલેવર અને રૂખ બદલાતી રહી છે. તેમ દરેક સર્જક પોતાની વાર્તા વિશેની વિભાવના રચનારીતિ લઈને આવે છે અને અન્યથી અલગ પડે છે. સમગ્ર ટૂંકીવાર્તા એક જુદા જ વળાંક લાવીને મૂકે છે. ક્યા શાંતિદાસ, ક્યા ગોવાલણી, ક્યાં પોસ્ટ ઓફિસ અને ક્યાં મુકુન્દરાય આ બધી જ વાર્તાઓનું પોતાનું નિરાળુ નિજીભાવ વિશ્વ છે.

આપણે ત્યાં ત્રીજા ચોથા દાયકામાના વાર્તાકારોની આંતરચેતનામાં ગાંધીજીનો જબરજસ્ત પ્રભાવ પડ્યો છે. કદાચ ઘણા સર્જકો ગાંધીજીની સાહિત્યિક વિચારણાને કારણે પંડિતાઈમાંથી છૂટે છે. આમ આદમી સાથે હૃદયસંવાદ સાધવામાં સફળ નીવડે છે. ગાંધીજી દ્વારા પ્રેમમય વાતાવરણ ઉભું કરવું, રાષ્ટ્ર પ્રત્યેની તેની ભાવના, જવાબદારી, ક્રાંતિનો જુવાળ, સામ્યવાદ સમાજનું નવું સમીકરણ, ગ્રામજનતા અને બહુજનો પ્રત્યેનો પ્રેમભાવ, સમતા સમાનતા, બંધુતાની ભાવના, આર્થિક અને રાજકીય સમાનતાના પાયાના વિચારો તેમજ આ સમયમાં લોકજીવનનો ધબકાર ઝીલતા સામયિકોમાં 'કૌમુદી', 'પ્રસ્થાન', 'ઉર્મિ', 'ગુજરાત', 'બુદ્ધિપ્રકાશ' વગેરે સામયિકોનો ફાળો એટલો જ મહત્ત્વનો બની રહે છે.

પાશ્ચાત્ય સાહિત્ય પ્રવાહના પરિચયમાં સઘન રીતે આવવાનું થયુ. તેના કારણે એક આખો યુગ ઘડાય છે. અમીર ગરીબ, શોષક શોષિત વચ્ચેની ખાઈ, લોકોના માનસમાં ઘર કરી ગયેલા સારા નરસા, પવિત્ર અપવિત્રના ખ્યાલો તેના કારણે એક વર્ગ આખો જન્મજાત અસ્પૃશ્ય રહ્યો તે જે કામ કરે તે પણ અસ્પૃશ્ય આવી બધી માન્યતા ત્રીસ ચાલીસ સુધી સાથે ચાલે છે. ગાંધીજીની પ્રેરણાથી જે વસ્તુ તુચ્છ ગણાય ચૂકી હતી કે તેના પ્રત્યે ભારોભાર ઉપેક્ષાનો ભાવ હતો તે આ ગાળાના સર્જકોએ તેમના સાહિત્યના વિષય અને પાત્રો બનાવે છે આ સર્જકો સત્યમ્, શિવમ્, સુન્દરમ્‌ની ભાવના વહેતી મૂકે છે.

માનવ મનના પડને ખોલવાના માનસશાસ્ત્રીય પદ્ધતિએ પ્રશંસનીય પ્રયાસો કરે છે. આ તત્કાલીન સમાજના સૂત્રધારો સુન્દમ્, ઉમાશંકર, બ્રોકર, દલાલ, દુર્ગેશ, બકુલેશ, પન્નાલાલ, પેટલીકર, ખત્રી, મડિયા વગેરે સર્જકો પોતાનું નિરાળુ વ્યક્તિત્વ લઈને આવે છે. ટૂંકીવાર્તા એ રાજમાર્ગ બનાવી આપનાર ધૂમકેતુ દ્વિરેફ પછી આ રાજમાર્ગે મક્કમતાથી ડગ માંડતા સુન્દરમ્ ઉમાશંકરના સાહિત્ય દ્વારા ટૂંકીવાર્તાને એક નવું પરીમાણ અને નવું બળ મળે છે.

➤ **ત્રિભુવનદાસ કરસનદાસ લુહાર 'સુન્દરમ્'**

સુન્દરમ્‌ની મનોચેતના ગાંધીજીના સાનિધ્યમાં ઘડાય છે. ગાંધીજી જેવા મહાપુરુષના સંસર્ગમાં રહી તેની જીવંતતા અનુભવતાની સાથે સાથે કાર્લમાર્કસ, ફ્રોઈડ અને અરવિંદના યોગદર્શન તેમના સાહિત્યના મુખ્ય પરિબળો તરીકે ગણાવી શકાય.

સુન્દરમ્ પાસેથી 'હીરાકણી અને બીજી વાતો' ૧૯૩૮, 'ખોલકી અને નાગિરકા' ૧૯૩૯, 'પિયાસી' ૧૯૪૦, 'ઉન્નય' ૧૯૪૫ વગેરે ચાર વાર્તાસંગ્રહો મળે છે.

સુન્દરમ્‌ની વાર્તાઓમાં જીવનરસ ક્યાંય સુકાતો ભળાતો નથી. તે એક પરિબળ પણ ગણી શકાય. સમાજમાં જે અસમાનતા, અસ્પૃશ્યતા, છૂતા-છૂતનો ભાવના જે ગંદકી રહેલી છે. તેવા આ વર્ગભેદના ભોગ 'માજાવેલાનું મૃત્યું', 'જમીનદાર', પે કાર્ડનો પ્રવાસ' વગેરે વાર્તામાં બને છે. આ ઉપરાંત નારીના સારા-નરસા પાસા ઉપસાવતી 'ઉલકા', 'માને ખોળે', 'પૂનમડી', 'પુષ્પિતા', ખોલકી' અને 'નાગિરકા' વગેરે જેવી વાર્તાઓ આ પ્રકારના પ્રશ્નો છેડે છે. 'માને ખોળે' તેમની સુન્દરમ્‌તમ શ્રેષ્ઠ વાર્તા છે.

'ખોલકી' એવી જ સર્વોત્તમ કૃતિ છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને આ વાર્તા 'બીભત્સ રસની બેનમૂન વાર્તા' લાગી છે. તેમની વાર્તાઓમાં ગાંધીવાદ, ફ્રોઈડ અને માર્ક્સ, સમાજવાદ, સામ્યવાદ, વાસ્તવવાદ વગેર વિચારધારાનો સુભગ સમન્વય થયેલો છે. સુન્દરમ્‌ની વાર્તામાં ગામડા અને શહેર એમ બંનેના પાત્રો પોત-પોતાની વિશેષતા મર્યાદા, ખામી ખુમારી લઈને આવે છે. આ સર્જક પાસેથી શૃંગાર, બિભત્સ, કરુણ, વાત્સલ્ય, શાંતરસ વગેરેની અનેક વાર્તાઓ મળે છે.

➤ ઉમાશંકર જેઠાલાલ જોશી

સુન્દરમ્‌ના સમકાલીન અને ગાંધીજીના અંતરંગ અંતેવાસી ઉમાશંકર જોશી સાહિત્યની દુનિયામાં બેનમૂન વ્યક્તિત્ત્વ ધરાવતા બહુમુખી પ્રતિભાસંપન્ન વાર્તાકળાના કસબી અને શિલ્પી છે. વાર્તાઓનો ગોવર્ધનપર્વત, ઉંચકવામાં ધૂમકેતુ, દ્વિરેફ, મેઘાણી, સુન્દરમ્‌ની સાથે ઉમાશંકરનો ટેકો પણ મજબૂત છે. સાથે સાથે માર્ક્સ, ફ્રોઈડ, વ્યુંગની વિચારધારાને પણ આત્મસાત કરી છે. તેની ચેતના અને ગાંધીજીના વાતાવરણને તેમની સર્જકપ્રતિમા દ્વારા પૂરી સજ્જતાથી ઝિલ્યું છે. ઉમાશંકર માનસશાસ્ત્રીય રીતે માનવમનનાં ઉંડાણને તાગે છે. વાર્તામાં એક નવું રસાયણ કે પરિમાણ ઉમેરે છે. આજે પણ એવીને એવી તાજગીપૂર્ણ વાર્તા છે. આ તેનું જમા પાસુ પણ ગણી શકાય તેમની વાર્તાના પાત્રો વાસ્તવિક ધરતી પરના છે. અને પ્રતીતિકર છે તેની જીવંતતાને કારણે ટકી રહયા છે.

ઉમાશંકર જોશીએ ટૂંકીવાર્તાનો આરંભ ઈ.સ. ૧૯૩૦થી કરે છે. તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'શ્રાવણી મેળો' ૧૯૩૭માં મળે છે. ત્યારબાદ 'ત્રણ અર્ધું બે' ૧૯૩૮, 'અંતરાય ૧૯૪૭' અને 'વિસામો' ૧૯૫૯. વગેરે વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. તેમની વાર્તામાં રંગદર્શિતા અને કૌતૂકપ્રિયતા એમ બંનેનો સમન્વય થયેલો છે. એ પણ નોંધવું રહ્યું કે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ હોવા છતાં ઉમાશંકરની વાર્તાઓમાં ક્યાંય કવિતા પ્રવેશતી નથી.

'શ્રાવણી મેળો'નો મેળો ગ્રામ સૃષ્ટિમાં ભરાય છે. તેમાં માનવી આંતર સૌંદર્યનું આકંઠ રસપાન કરાવે છે. જ્યારે 'ત્રણ અર્ધું બે' જે તે બીજી વાતો'માં નગરજન પ્રતિનિધિત્વ કરે છે. મેઘાણીના આ સંગ્રહને 'કઠણ કોટલામાં મીઠી મીંજ' શબ્દોથી નવાજે છે. માનવજીવનના સનાતન સત્યો તેના રહસ્યોદ્‌ઘાટન 'મારી ચંપાનો વર', 'પગલીનો પાડનાર', 'છેલ્લું ઘાણું', 'લોહી તરસ્યો', 'પરબીડિયા', 'શેષ માનવી', 'બે બહેનો', 'ત્રણ અર્ધું બે ' જેવી વાર્તાઓ ધ્યાનાર્હ છે. આ વાર્તામાં માનવજીવન ધબકે છે. હળવી શૈલીમાં 'ગુજરીની ગદડી' ને 'પરબીડિયા' વાર્તામાંથી પસાર થતાં તેની પ્રતીતિ ચોક્કસ થાય છે. માણસની વૃત્તિઓ ઈર્ષ્યા, રાગ-દ્વેષ, પ્રેમ, ત્યાગ, સાલસ વગેરે કલાત્મકતાથી નિરૂપાયા છે.

ઉમાશંકરના આ ચારેય વાર્તાસંગ્રહોમાં વાસ્તદર્શિતા, મનોશાસ્ત્રીય વિશ્લેષણ અને જીવનની વિશદતા વિમાસણને કળાત્મક રીતે આલેખી છે. આ સર્જક મોટા ગજાના સાહિત્યકાર છે.

➤ **ગુલાબદાસ હરજીવનભાઈ બ્રોકર**

ગુલાબદાસ બ્રોકરના પ્રવેશથી ગુજરાતી ટૂંકીવાર્તા ઓર એક વળાંક લે છે. એક બીજા તબક્કામાં પ્રવેશે છે. સુન્દરમ્, ઉમાશંકર પછી ટૂંકીવાર્તાક્ષેત્રે ગુલાબદાસ બ્રોકર તેજસ્વી કલમ કથાસાહિત્યમાં નામના મેળવે છે. આ ખજાનામાં 'લતા અને બીજી વાતો' ૧૯૩૮, 'વસુંધરા અને બીજીવાતો' ૧૯૪૦, 'ઊભી વાટે' ૧૯૪૪, 'સૂર્યા' ૧૯૫૦, 'પ્રકાશનનું કિંમત' ૧૯૫૬, 'માણસના મન' ૧૯૬૨, 'જીવનનાં અમૃત' ૧૯૫૭, 'બ્રોકરની શ્રેષ્ઠવાર્તાઓ' ૧૯૫૭, 'ભીતરમાં જીવન' ૧૯૬૭, 'પ્રેમપદારથ' ૧૯૭૪, 'ફુલ ઝરે ગુલમહોર' ૧૯૮૨, 'રૂપ' ૧૯૮૬, ગુલાબદાસ બ્રોકરની સમગ્ર નવલિકાઓ ૧-૨-૩-૪, ૧૯૮૬, વગેરે એમના વાર્તાસંગ્રહો છે. આ ઉપરાંત પણ

અનુવાદ રૂપાંતરિત વાર્તાઓના સંગ્રહો આપ્યા છે. જેમાં 'બિચારા સુનંદાબહેન', 'પૂણ્ય પરવાર્યુ નથી' અને 'હરિનો મારગ' વગેરેમાં સત્યઘટના પર આધારિત છે. આની સાથે સાથે વિવેચનસંગ્રહ 'રૂપસૃષ્ટિ'માં ટૂંકીવાર્તા સાહિત્ય સ્વરૂપ તેમજ પોતાની વાર્તાના બીજ વિશે રસપૂર્ણ વાત કરતા સંગ્રહો પ્રાપ્ત થાય છે. તેઓ જીવનપ્રવાહને તટસ્થતાથી નિરખતા સર્જક છે. માનવજીવનનું સત્ય, વાસ્તવિકતા અને ચૈતસિક ઉંડાણ તેનાથી વાર્તાનો આંક ઉંચો જાય છે. નિખાલસતા સાદગી તેમનો વિશેષ ગુણ છે. માનવીના મનનાં સૂક્ષ્મભાવો 'લતા શું બોલે ?', 'નીલીનું ભૂત', 'ગુલાબદીન ગાડીવાળો', 'ધુમ્રસેર', અને 'નરહરજી' વાર્તામાં આલેખાયા છે. તેમની પ્રથમકૃતિ 'લતા શું બોલે?' દ્વારા જ લેખક મેદાન મારી જાય છે.'લતા'નું પાત્ર ભાવકચિત્તમાં કાયમી છાપ મૂકી જાય છે.

ગુલાબદાસ બ્રોકરની 'ગુલાબદીન ગાડીવાળો' આત્મકથનાત્મક શૈલીવાળી આ સર્જકની વાર્તાકલાની અદ્ભૂત કરામત દાખવતી વાર્તા છે. તેમની વાર્તાના મોટાભાગના પાત્રો મધ્યમવર્ગીનું પ્રતિનિધિત્ત્વ કરે છે. જે આગળ જતા તેની મર્યાદા પણ બની રહે છે. બ્રોકરનું ફોકસ યુવાન હૈયાના મનોમંથનો આલેખવા તરફ વિશેષ રહ્યું છે. જ્યારે 'ધુમ્રસેર', 'નીલીનું ભૂત' વાર્તા મનોવિશ્લેષણ પર આધારિત છે. લેખકની ખૂબ લોકપ્રિય અને વખણાયેલી 'લતા શું બોલે ?'માં જાતીય પ્રશ્નને વિષય બનાવી લતા નિરંજનના સંબંધમાં, નૈતિક સ્ખલનનું નિખાલસતાભર્યુ નિરૂપણ કર્યુ છે.મૈત્રી, પ્રીતિ, દામ્પત્યજીવનની, વાત્સલ્યભાવની, મનોવૈજ્ઞાનિક અને પાત્રાત્મકશૈલીની વાર્તા પણ આલેખી છે.'નીલીનું ભૂત'માં અર્વાચીન માનસ ધરાવતા હિંમતવાન, શશીની એકલતાનું તેની અંદર રહેલ ભૂતનું બારીક ક્રમિક ને પ્રતીતિકર નિરૂપણ થયું છે.'મા'ની મમતાના વાત્સલ્યભાવનાવાળી ત્રણ વાર્તાઓમાં 'મા અને દીકરી', 'બા' આ વાર્તામાં પ્રતીકોનો પણ સફળ રીતે વિનિયોગ થયો છે.

➤ ઈશ્વર પેટલીકર

ઈશ્વર પેટલીકર ગ્રામસૃષ્ટિના ગ્રામચિત્રો પોતાની ઠાવકી કોઠાસૂઝ અને નિજી અનુભૂતિ દ્વારા લાવે છે. આ સર્જક ગાંધીયુગની ગ્રામાભિમુખતાને એક ડગલું આગળ લઈ જાય છે. ઈશ્વર પેટલીકરે ત્રણ દાયકા સુધી સતત વાર્તા લેખન કર્યુ છે. તેમની પાસેથી 'તાણાવાણા ૧૯૪૬', 'પટલાઈના પેચ ૧૯૪૯', 'માનતા ૧૯૪૭',

'પારસમણિ' ૧૯૫૮, કાશીનું કરવત ૧૯૪૯, ચિનગારી ૧૯૫૦, લોહીની સગાઈ ૧૯૫૨, અભિસારિકા ૧૯૫૪, આકાશગંગા ૧૯૫૮, મીનપિયાસી ૧૯૬૦ અને કઠપૂતળી ૧૯૬૨ વગેરે વાર્તાસંગ્રહો મળે છે. આમાંથી 'લોહીની સગાઈ' ગુજરાતી વાર્તા સાહિત્યમાં અનેરૂ ને અનન્ય સ્થાન પામી છે. તેવું વિત્ત વિશ્વકક્ષા સુધી પહોંચ્યું છે.

આ પ્રકારની શિલપાકૃતિનો અહેસાસ કરાવતી વાર્તાઓમાં 'કાશીનું કરવત', 'રોહિણી', 'દીકરો ખોવાયો', 'સ્વર્ગમાં', 'લોહીની સગાઈ', 'જમનનો ખેડુ', 'શનિવારની રાતે', 'સુખનો ઓડકાર', 'વીસને એક', 'મધુરા સપના' વગેરે વાર્તાઓ એમની કલાત્મક શક્તિનો હિસાબ આપે છે. 'લોહીની સગાઈ' ગુજરાતી વાર્તા હરિફાઈ 'મુંબઈ સમાચાર' દ્વારા પ્રથમ અને ભારતીય વાર્તા હરિફાઈમાં છઠ્ઠા ક્રમે આવી હતી. 'લોહીની સગાઈ' વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં પેટલીકરને 'વાર્તાની વાર્તા' શીર્ષકના મથાળા હેઠળ આ વાર્તાનો જન્મ કઈ રીતે થયો તે વખતની તેની મૂંઝવણ વ્યક્ત કરી છે.

ગાંધીયુગની વિચારધારાને ઝીલે છે. તેની ભાવના, પ્રણય અને દામ્પત્યજીવનની રેખા નિર્થક રેખાવાળી વાર્તાઓમાં 'મગરના આંસુ', 'રંજના', 'સ્ત્રીની બુદ્ધિ' વગેરે વાર્તાઓમાં ઘટના કેન્દ્રસ્થાને છે. તેમની શૈલી સરળ છે, ભાષામાં સાદગી તળપદી બોલીનો સંયમપૂર્વકનો વિનિયોગ એ લેખકનું જમા પાસું છે. અસ્પૃશ્યતા, મુડીવાદ પ્રત્યેની તેમની ચિરંતન ચિંતા પ્રતિબદ્ધતા જાણીતી છે.

➤ પીતાંબર પટેલ

પીતાંબર પટેલ ગરવી ગુજરાતના પનોતા પુત્ર અને ગ્રામજીવનના કુશળ કથાશિલ્પી છે. તેમની વાર્તાઓમાં ગામડાના કુરિવાજો, અંધશ્રદ્ધા અને અનિષ્ટો પર વેધક પ્રકાશ પાડતી અને વાર્તાઓ પ્રાપ્ત થાય છે. ગ્રામજીવન પ્રત્યેની તેની ભાવના લાગણી કે ભક્તિભાવ અજાણ્યો નથી. કદાચ તેમની વાર્તાઓમાં ગામડું, એ કેન્દ્રસ્થાને છે. તેમના સાહિત્યમાં ગ્રામ્યજીવનનો સાચો ધબકાર સંભળાય છે. પીતાંબરપટેલ પાસેથી સંખ્યાની દૃષ્ટિએ જથ્થાબંધ વાર્તાઓ મળે છે. પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ કેટલી ઉભી રહે છે. તે પ્રશ્નાર્થ છે તેમની પાસેથી વાર્તવૈભવ ૧-૨-૩-૪ ભાગમાં પ્રાપ્ત થાય છે.

➤ ચુનીલાલ મડિયા

ગુજરાતી ટૂંકીવાર્તાનો બીજા તબક્કાનો દોર ગુલાબદાસે સંભાળ્યો હતો. ત્રીજોદોર મડિયા હાથમાં લે છે. ઈ.સ.૧૯૪૫માં ચુનીલાલ મડિયા 'ઘૂઘવતા પૂર' વાર્તાસંગ્રહ આપે છે. મડિયા પાસેથી એક ડઝન જેટલા વાર્તાસંગ્રહો મળે છે. તેમના ગમતા સાહિત્ય સ્વરૂપો નવલકથા અને નવલિકા છે. બંને એક જ વર્ષમાં પ્રગટ થાય છે. 'પાવક જવાળા' ૧૯૪૫, નવલકથા અને 'ઘૂઘવતા પૂર' ૧૯૪૫, વાર્તાસંગ્રહ, 'ગામડું બોલે છે.' ૧૯૪૫, 'પદ્મજા' ૧૯૪૭, 'ચંપો અને કેળ' ૧૯૫૦, 'તેજ અને તિમિર' ૧૯૫૨, 'રૂપ અરૂપ' ૧૯૫૩, 'શરણાઈના સૂર' ૧૯૫૪, 'અંતઃસ્ત્રોતા' ૧૯૫૬, 'જેકબ સર્કલઃ સાત રસ્તા' ૧૯૫૯, 'ક્ષણાર્ધ' ૧૯૬૨ અને 'ક્ષતવિક્ષત' ૧૯૬૮.

તેમની વાર્તાયાત્રા ૧૯૪૫ થી ૧૯૬૮ સુધી ચાલે છે તે સમય દરમ્યાન અનેક વેળા વેળાની છાંયડી આવે છે. આ સર્જક પાસેથી બાર સંગ્રહોમાંથી લગભગ બસો ઉપરાંત વાર્તાઓ મળે છે. જે ટૂંકીવાર્તાના સાહિત્ય પ્રવાહને ગતિશીલ બનાવે છે. તેમની 'કમાઉ દિકરો', 'વાની મારી કોયલ', 'અંતસ્રોત', 'ચંપો અને કેળ', 'શરણાઈના સૂર', 'વિશાખાનો પ્રેમ', 'કાકવંધ્યા', 'આંખના અંધારા', 'આરસીના ભીતરમાં', 'ગળચટી વખ' વગેરે વાર્તાઓ મડિયાની નોંધપાત્ર વાર્તાઓ છે.

➤ પન્નાલાલ પટેલ

ગુજરાતી સાહિત્યમાં પન્નાલાલ પટેલનું આગમન એ કદાચ આજ સુધીની સૌથી મોટી સાહિત્યિક ઘટના ગણી શકાય. તેમણે આડત્રીસ જેટલી નવલકથા અને ઓગણત્રીસી જેટલા વાર્તાસંગ્રહો આપ્યા છે. પન્નાલાલની ઉત્તમ વાર્તાઓના ત્રણ સંકલનો પ્રગટ થયા છે. જેમાં પન્નાલાલનો વાર્તાવૈભવ, પન્નાલાલની શ્રેષ્ઠવાર્તાઓ અને વીણેલી નવલિકાઓ આ સંગ્રહોમાંની વાર્તાઓ તેની ભીતર વિશાળ મહાસાગરની પ્રતીતિ કરાવે છે. પન્નાલાલે ખુદવફાઈ સાથે કહ્યું છે કે 'સર્જકતત્ત્વ એ કોઈક એવું તત્ત્વ છે કે હજી સુધી એ માણસની પહોંચ બહારનું જ રહ્યું છે. ' સૌંદર્યાનુરાગી સુન્દરમને પન્નાલાલ એ આપણા આજના સાહિત્યયુગનો એક ચમત્કાર લાગ્યો છે.

પન્નાલાલ પાસેથી 'સુખદુઃખના સાથી' ૧૯૪૦, 'જિંદગીના ખેલ' ૧૯૪૦, 'જીવોદાંડ' ૧૯૪૧, 'લખચોરાશી' ૧૯૪૪, 'પાનેતરનો રંગ' ૧૯૪૬, 'સાચાં શમણાં'

૧૯૪૯, 'વાત્રકને કાંઠે' ૧૯૫૧, 'ઓરતા' ૧૯૫૪, 'પારેવડાં' ૧૯૫૬, 'મનના મોરલા' ૧૯૫૮, 'તિલોત્તમા' ૧૯૬૦, 'દિલની વાત' ૧૯૬૨, 'ધરતી આભનાં છેટાં' ૧૯૬૨, 'ત્યાગી અનુરાગી' ૧૯૬૩, 'દિલાસો' ૧૯૬૪, 'મોરલીના મૂંગા સૂર' ૧૯૬૬, 'રંગમિનારા' ૧૯૬૭, 'માળો' ૧૯૬૭, 'વટનો કટકો' ૧૯૬૯, 'અણવર'૧૯૭૦, 'કોઈ દેશી કોઈ પરદેશી' ૧૯૭૧, 'આસમાની નજર' ૧૯૭૨, 'બિન્ની' ૧૯૭૩, 'છણકો' ૧૯૭૫, 'ઘરનું ઘર' ૧૯૭૯, 'નરાટો' ૧૯૮૧, 'ચીતરેલી દિવાલો', પન્નાલાલની વાર્તાઓ (૧૯૫૫ સં. મહેન્દ્ર મેઘાણી આટલી માતબર વાર્તાસમૃદ્ધિ છે.

વાસ્તવિક જીવન પન્નાલાલ પોતીકી શક્તિ દ્વારા વીર્યવંત રીતે નિરૂપે છે. તેમની કેટલીક વાર્તા સીમાડાની સરહદ પાર પણ ગઈ છે. તેમાં 'વાત્રકને કાંઠે' વાર્તાનો આંતરરાષ્ટ્રીય સ્તરે પોંખાય છે. બીજી અન્ય વાર્તામાં 'ઓરતા', 'પીઠીનું પડીકું અને પાનનું બીડું' વગેરે કાવ્યાત્મક કલાત્મક વાર્તાઓ છે. તેમના પાત્રો ધબકતા જીવંત અને આપણી ક્રિયાશીલ હાલતા ચાલતા અનુભવી શકાય છે. પાત્રોનું તળપદાપણું જાળવીને એના પ્રણયાદિ સૂક્ષ્મતિસૂક્ષ્મ ચિત્ત સંચલનોને એટલી જ સહજતાથી નિરૂપે છે. તેમની ગજિયાણીનું કાપડું', 'સાચા સમણાં' વાર્તા ધ્યાનાર્હ બની છે.

➤ જયંત ખત્રી

અનુગાંધીયુગના સર્જકોએ પાશ્ચાત્ય સાહિત્યનો સ્વાધ્યાય કર્યો. તેમણે માર્ક્સ, વ્યુંગ, ફ્રોઈડ વગેરેને વાંચ્યા અને તેની ફલશ્રુતિરૂપે તેમની નજર છેવાડના માનવી તરફ ગઈ. અત્યાર સુધી ઉપેક્ષિત રહેલ દલિત, પીડિત, શોષિત વર્ગ પ્રત્યે સહાનુભૂતિની સાથે સાથે ગાંધીવિચાર પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમની કૃતિઓમાં પ્રગટ થઈ તેમાં જયંત ખત્રી, ભોગીલાલ ગાંધી 'ઉપવાસી', 'સ્વપ્નસ્થ', ભાનુભાઈ વ્યાસ 'બકુલેશ' વગેરે જેવા લેખકોની વાર્તાઓમાં આ પ્રકારનું પ્રગતિવાદી વલણ જોવા મળે છે.

આ સર્જકોની મૂલ્યનિષ્ઠા સપાટી પરની ન હતી. તેઓ 'કલા ખાતર કલા' ને નહિ પણ 'જીવન ખાતર કલા'ના પક્ષે રહ્યા છે. જયંત ખત્રી પાસેથી 'ખરા બપોર' ૧૯૬૮, 'ફોરાં' ૧૯૭૨, અને 'વહેતાં ઝરણાં' ૧૯૭૫ એમ માત્ર ત્રણ જ વાર્તાસંગ્રહો મળે છે. સંખ્યાની દૃષ્ટિએ અલ્પ પરંતુ મૂલ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ

કળાત્મક વાર્તાઓ છે. આ વાર્તાઓ તેનું તેજ આજ સુધી પાથરી રહી છે. 'ખીચડી' 'નથુની અસ્વસ્થતા', 'કૃષ્ણજન્મ', 'લોહીનું ટીપું', 'ધાડ', 'તેજ, ગતિ અને ધ્વનિ', 'અમે બુદ્ધિમાનો' વગેરે વાર્તાઓ ઉત્તમોત્તમ કલાત્મક પ્રકારની વાર્તાઓ છે. વિશ્વના કોઈપણ સાહિત્યમાં માગ મુકાવે તેવી છે. વિશ્વની ઉત્તમ વાર્તામાં 'ધાડ'નો સમાવેશ થયો છે. એક ઓર મજબુત પાસુ પ્રતીકોનો સબળ રીતે સફળ વિનિયોગમાં રહેલ છે. પ્રતીકાત્મક વાર્તામાં 'માટીનો ઘડો', 'ખીચડી', 'નાગ' વગેરે દ્વારા પરિસ્થિતિ પર માર્મિક પ્રકાશ પાડે છે. તેમની વાર્તાઓનું વાસ્તવ તેમના અનુભવજગતની બહાર નથી.

➤ રામજી અર્જુન 'બકુલેશ'

દરેક વાર્તાકાર પોતાના પ્રદેશની અસ્મિતાને ઉજાગર કરે છે. ગ્રામ સમાજના સાક્ષાત ચિત્રો ધરતીની સુગંધને ભાષામાં મઢે છે. બકુલેશ કુલ પાંચ વાર્તાસંગ્રહ આપે છે. જેમાં '**નિઃશ્વાસ**', 'કાદવના કંકુ', 'અગનફુલ', 'ખારા **પાણી**' અને 'કંકુ**ડી**' વગેરે. વૃદ્ધ અને ઉગતી પેઢી વચ્ચેનો સંઘર્ષના આછા લચરકા દ્વારા પાત્રની આંતરવ્યથાની અભિવ્યક્ત કરે છે. મહેશ દવેએ બકુલેશની વાર્તાઓનું સંપાદન છેક ૧૯૭૭માં કર્યું, આ લેખકની 'ગોપીનું ઘર' વાર્તાની લખાવટમાં આજે પણ એટલી જ તાજગી વર્તાય છે. વાસ્તવિક ને વેધક પાત્રો, ભભકભર્યા વર્ણનો, તેમજ માનવતાના અંશોનું પ્રકટીકરણ વગેરે બકુલેશની વાર્તાના લક્ષણો ગણાવી શકાય. 'વાર્તાની હરિણી' અને 'ધુમાડિયું' એ તેમની પ્રયોજનની પ્રયોગશીલતા દાખવતી ટૂંકીવાર્તાઓ છે. ટૂંકીવાર્તાક્ષેત્રે તેમનો પરિશ્રમ આજે નહિ તો આવતી કાલે ખપમાં લાગશે જ?

➤ કેતન મુનશી (મુનસિફ નચિકેત દ્રુપદલાલ)

માત્ર છવ્વીસ વર્ષનો ઉંમર પણ વાર્તાસંગ્રહો આપે છે. જેમાં 'અંધારી રાતે' ૧૯૫૨, 'સ્વપ્નનો ભંગાર' ૧૯૫૩ અને 'રક્તદાન' ૧૯૬૨માં મરણોત્તર વાર્તાસંગ્રહ પ્રગટ થાય છે. આ ત્રણેય સંગ્રહની મળીને કુલ બાવન વાર્તા છે. એમની વાર્તાઓનું પાત્રજગત મોટાભાગે સમાજથી તરછોડાયેલા માનવીઓનું છે. કલાત્મક વાર્તામાં 'છબી', 'જિંદગીના સાથી', 'અસંબંધ વાર્તા', 'મંગુની મજા', 'સ્વપ્નનો ભંગાર', 'ઘેરૈયો', 'જાણભેદુ', 'ધરતીના આંસુ' આ ઉપરાંત 'લાલ ચીંદરડી', ફટકો', 'સ્પોટલાઈટ' વગેરે વાર્તા ભાવકના ચિત્તમાં અમીટ છાપ મૂકી જાય છે.

➤ જિતુભાઈ મહેતા

વાર્તાક્ષેત્રે જિતુભાઈ મહેતાના યોગદાનને સાવ એકડો કાઢી શકાય તેમ નથી. તેમની પાસેથી થોડી પણ મહત્ત્વની વાર્તાઓ મળી છે. તેમાં સંગીતપ્રેમી, પ્રકૃતિપ્રેમી, પ્રાણી પ્રેમી, અને પક્ષીપ્રેમી વગેરે સાથે લગાવ ધરાવતા પાત્રો આછા ઘેરા રંગે તેમની કલમે નિરૂપાયા છે. આ બધા પાત્રોની માવજત તે પોતીકાપણાથી કરે છે. તેમની વાર્તાઓની સ્ત્રીઓ પણ આગવા મિજાજવાળી મોહક, નટખટ અને નખરાળી છે. તેમાં ડૉ. મર્ધાક અને હું' તથા 'કિનારી' વાર્તામાં તેમનો આગવો કલાકસબ દાખવે છે તેમની વાર્તાની ઘટનાઓ અને શૈલીના વધારે પડતા ભારથી તેમની મોટાભાગની વાર્તાઓ દબાઈ ગઈ છે.

➤ જયંતિ દલાલ

☛ ટૂંકીવાર્તાની બદલાતી ભોંય

ગુજરાતી વાર્તામાં દરેક દાયકે તેના સ્થિયંતરો બદલાતા રહ્યા છે. ૧૯૩૦ના સમયમાં સુન્દરમ્‌ના ઉમાશંકર સમકાલીન હોવા છતાં પણ બંનેની વાર્તાસૃષ્ટિનું આંતર ભાવવિશ્વ નિરાળું હતું. તેમના પર અને તેમના પછીના વાર્તાકારો ગાંધીજી, ફ્રોઈડ, માર્કસ, વ્યુંગ વગેરેની અસરને લગતી વાર્તાઓ મળે છે. મેઘાણીથી નવો વળાંક આવે છે. પન્નાલાલ, પેટલીકર, પીતાંબર દ્વારા ગામડાનું વાતાવરણ ધબકતું થાય છે. ત્યાર પછી ૧૯૪૦ પછી ફરી વખત વાર્તાના વાતાવરણમાં જબરો વળાંક આવે છે. ગાંધીજીની હાકલ, પરાકાષ્ઠાએ પહોંચેલી તેની લડત, ૧૯૪૨ની ચળવળ, બંગાળમાં ભયંકર દુષ્કાળ, ૧૯૪૫માં પ્રથમ વિશ્વયુદ્ધ થતા માનવીના ઈતિહાસમાં પ્રથમ વખત આટલી ભયંકર માનવહિંસા જોઈ. જ્યારે બીજી બાજુ વ્યવહારના સાધનોની હરણફાળને કારણે વિદેશી સર્જકોના સાહિત્યની તદ્દન નિકટ આવવાનું થયું. જેમાં હેમિંગ્વે, ચેખોવ, મોપાસ, અમેરિકન, રશિયા, ફ્રેન્ચના સર્જકોની વાર્તાકલાના આકર્ષણ અને તેમની વિચારસરણીના પરિણામે ટૂંકીવાર્તામાં નવો પવન ફુંકાયો જેમાં મુખ્યત્વે જયંતી દલાલ, મડિયા, કિસનસિંહ ચાવડા, જયંત ખત્રી જેવા સર્જકોના હાથે વાર્તાક્ષેત્રે નવા પ્રયોગોના મંડાણ થાય છે. આ બધા સર્જકોમાં સૌથી મેધાવી પ્રયોગશીલ વાર્તાકાર તરીકે જયંતી દલાલનું નામ અને કામ મોખરે છે. તેમની મુખ્યપ્રવૃત્તિ રાજકારણ અને પત્રકારત્વ હતી.

વાર્તાક્ષેત્રે તેમની પાસેથી સાત સમૃદ્ધ વાર્તાસંગ્રહો મળે છે. જે ગુજરાતી વાર્તા સાહિત્યનું અણમોલ નજરાણું છે. તેમના જૂજવારૂપ ૧૯૫૦, 'કથરોટમાં ગંગા' ૧૯૫૦, 'મૂકમ્ કરોતિ' ૧૯૫૩, 'ઉત્તરો' ૧૯૫૪, 'આ ઘેર પેલે ઘેર' ૧૯૫૬, 'ઈષત્' ૧૯૬૩, અડખે પડખે' ૧૯૭૪, 'યુદ્ધિષ્ઠિર'૧૯૬૮, જયંતી દલાલની પ્રતિનિધિ વાર્તાઓ ૧૯૭૧ વગેરે આ સંગ્રહોની વાર્તાઓએ ગુજરાતી સાહિત્યમાં નોખી ભાત પાડી છે. તેમની ઉત્તમ વાર્તાઓમાં 'જગમોહને શું જોયું' ? 'લીલા લીલા દસ આવ્યા... દસ આપ્યા', 'મૂકમ કરોતી', 'ઝાડ ડાળને માળો', 'દુરબીન', 'અડખે પડખે', 'આ ઘેર પેલે ઘેર' વગેરે જેવી વાર્તાઓ નોંધપાત્ર છે. આ વાર્તામાં અનેકવિધ નૂતન ભાવગર્ભિત શક્યતાઓ પડેલી છે.

➤ ભાનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ'

વાર્તાક્ષેત્રે ઓછા જાણીતા ભાનુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ'ના ઉપનામથી 'દિનરાત' અને 'ધૂણીના પાન' નામે બે વાર્તાસંગ્રહો આપ્યા છે. તેમના આ પ્રદાન પ્રત્યે આંખ આડા કાન કરી ન શકાય. કારણ કે તત્કાલીન પરિસ્થિતિ, માનવ માનવ વચ્ચેના માનવ અને પ્રકૃતિ વચ્ચેનો સંઘર્ષ, પ્રકૃતિગ્રંથ, 'મધવાળી' અને 'ત્રીજુ નયન' વગેરે વાર્તાઓમાં આ પ્રકારનું સંવેદન ઘૂંટાયું છે.

➤ છેલશંકર વ્યાસ

છેલશંકર વ્યાસ તેમના 'લોહીનાં આંસુ' વાર્તાસંગ્રહ દ્વારા વાતાજગતમાં પ્રવેશે છે. તેમની વાર્તાઓમાં વિશેષતાઓની સાથે સાથે કેટલીક મર્યાદા પણ પાછલે બારણેથી ઘૂસી ગઈ છે. દલિત પીડિતોની વ્યથાને વાચા આપતી 'ઢેઢવાઢાનો રાજા' વાર્તા અલગ તરી આવે છે. ક્યારેક પાત્રોને વધારે પડતા લાડ લડાવાને કારણે અપ્રતીતિકર બનતા વાર્તા નબળી પૂરવાર થાય છે અને એ તેમની વાર્તાની મર્યાદા પણ બને છે.

➤ કિશનસિંહ ચાવડા 'જિપ્સી'

કિશનસિંહ ચાવડા તેમની કૃતિ 'અમાસના તારા' થી ખૂબ જ જાણીતા થયા છે. તેમના બે વાર્તાસંગ્રહોમાં પ્રથમ 'કુમકુમ'માં મૌલિક વાર્તાઓ આપી છે. 'કુમકુમ' અને 'શર્વરી'ના પછી પ્રસિદ્ધ પામેલો જેની સાથે તેમનું નામ જોડાયેલું છે 'અમાસના તારા'નું ગદ્ય ગુજરાતી સાહિત્યમાં એક નાવીન્યનું દર્શન કરાવે છે. સુન્દરમ્ ના સૌંદર્યની છાટ તેમના સર્જનમાં વર્તાય છે.

➤ શિવકુમાર જોશી

શિવકુમાર જોશી નવલિકા અને નવલકથાનું સર્જન સાથે સાથે કરે છે. તેમની નવલકથાકાર તરીકેની લોકપ્રિયતાના ભાર તળે નાયિકા દબાય જાય છે. નવલિકાના તેમની પાસેથી એક ડઝનથી વધારે વાર્તાસંગ્રહો મળે છે. જેમાં 'શબરી બાઈમાં એઠા બોર' ૧૯૮૫, 'સકલ તીરથ' ૧૯૮૦, 'રજનીગંધા' ૧૯૫૫, 'ત્રિશૂળ' ૧૯૫૭, 'રહસ્યનગરી' ૧૯૫૯, 'રાત અંધારી' ૧૯૬૨, 'અભિસાર' ૧૯૬૫, 'કનક કંટારો' ૧૯૬૯, 'કોમલ ગાંધાર' ૧૯૭૦, 'કાજલ કોટડી' ૧૯૭૩, 'નવપદ' ૧૯૭૬, 'છલછલ' ૧૯૭૭, 'શાંતિ પારવાર' ૧૯૭૮, 'કેકટ્સનું ફૂલ' ૧૯૮૭ વગેરે. તેમની વાર્તાઓમાં વિષયવસ્તુનું વૈવિધ્ય અને પાત્રના આંતરચેતનાનું નાટ્યાત્મક નિરૂપણ કરવાની ફાવટ તેમને હાથવગી છે. તેમની વાર્તામાં **નિરૂપણની** જુદી-જુદી કથનરીતિ ધ્યાનાર્હ છે,

➤ યશોધર મહેતા

આ વાર્તાકારના ત્રણ વાર્તાસંગ્રહોમાં 'પ્રેમગંગા' ૧૯૫૪, 'રસનંદા ઉમાહૈમવતી' ૧૯૫૫ અને 'શક્તિયુગનું પ્રભાત' આ ક્ષેત્રે જોઈએ તેવી **શક્તિ** બતાવી શક્યા નથી. તેમની વાર્તા ઢબુરાય જ રહી વહેલા મોડો સૂર્યોદય **થશે** કારણ કે આશા અમર છે.

➤ પુષ્કર ચંદરવાકર

આ વાર્તાકાર ભાલ અને નળકાંઠાના ગ્રામસૃષ્ટિનાં ચિત્રો આલેખવા પીંછી હાથમાં લે છે. ભાલપ્રદેશનું ગ્રામ વાતાવરણ, વિવિધતાભર્યા લોકોના રીત-રિવાજ, વાણી, વ્યવહાર તેમની અનોખી રીતભાત, તળપદી બોલી વગેરે દ્વારા નિમ્નવર્ગના જીવનના કારુણ્યસભર હૃદયસ્પર્શી ચિત્રો સર્જ્યા છે. લોકબોલીના લય, લઢણ, લહેકા દ્વારા પાત્રોનું આલેખન વાર્તામાં જુદી ભાત પાડે છે. તેમની વાર્તાઓ 'બાંધણી', 'માંહ્યલો મારો કાન મલક્યો', 'ઝાંપલી મહોરી', 'નાક સાટે નાક', 'તલ બાજરીના તણ તણ પાન', 'ત્રણ વેંત જગા' વગેરે વાર્તાઓ ભાવકનું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી.

➤ સારંગ બારોટ

આ વાર્તાકાર પોતાની નિજી બાનીમાં એક કલાકારની હેસિયતથી અનેક સ્ફૂર્તિદાયક પાત્રો નીપજાવી શકયા છે. તેની વિશિષ્ટ જોમ, જુસ્સાદાર શૈલીનો પરિચય 'પહેલો પુરસ્કાર', 'નશો', 'પાંચસો રૂપિયા', 'રોન પોલીસ' વગેરે જેવી વાર્તાઓ દ્વારા અનુભવી શકાય છે. તેમની વિશેષતા લયાન્વિત ગદ્યમાં રહેલી છે. સારંગ બારોટ, મેઘાણી, પુષ્કરના ચીલે ચાલે છે. તેમની વાર્તાઓને કલાનો સ્પર્શ થાય તે પહેલાં કલાની સીતાને રાવણ ઉપાડી જાય છે. પરિણામે 'બદલો', 'રાગવૈરાગ' વાર્તા આ બાબતે ઝાઝુ કાઢું કાઢી શકી નથી.

➤ મોહનલાલ પટેલ

ગુજરાતી સાહિત્યમાં લઘુકથાના પ્રવર્તક અને વ્યાખ્યાકાર તરીકે પણ એમની પ્રતિષ્ઠા છે. લઘુકથા સિવાય તેમની પાસેથી કુલ સાત જેટલા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે જે આ પ્રમાણે છે.'હવા! તુમ ધીરે બહો!', 'વિધિનાં વર્તુળ', 'ટૂંકા રસ્તા', 'મોટી વહુ', 'પ્રત્યાલેખન', 'ક્રોસ રોડ' અને 'મત્સ્ય વેધ' તેમજ મોહનલાલ પટેલની શ્રેષ્ઠવાર્તાઓ તથા આની સાથે ટૂંકીવાર્તાની કળામીમાંસાની સ્પષ્ટતા કરતો વિવેચન ગ્રંથ 'ટૂંકીવાર્તામીમાંસા' નામે મળે છે. છેક છઠ્ઠા દાયકાથી વાર્તાલખતા મોહન ભાઈ પટેલે ૧૯૫૪માં પ્રથમ વાર્તાસંગ્રહ 'હવા તુમ ધીરે બહો!' જેવા નાવીન્યભર્યા શીર્ષક સાથે પ્રગટ થયો. મોહનલાલ પટેલની વાર્તાઓ 'ચક્રવત્પરિવર્તન્તે', 'દેશદ્રોહી' કે પછી 'કંઠમાં ખાખરી બાઝે','એમના સોનેરી દિવસો', 'અરણ્યગાન', 'અનંત શંતરંજ', 'ભીતરની આગે જેવી વાર્તાઓ દ્વારા એક સિદ્ધહસ્ત વાર્તાકાર તરીકે તેમની નામના રહેવાની જ.

☛ અન્ય વાર્તાકારો

આ પેઢીના અન્ય ગૌણ વાર્તાકારોમાં દુર્ગેશ શુકલની કલમનો ઝોક વાસ્તવિકતાની ભૂમિ પર રહેલો છે. તેમની વાર્તામાં ઊર્મિ-તર્કબુદ્ધિનો સમન્વય થયેલો જોવા મળે છે. યથાર્થતાનું દર્શન એ દુર્ગેશ શુકલની વાર્તાનું જમાપાસુ છે. તેમાં 'પેલા ભવના વેરી' અને 'હૈયા સુનો' જેવી વાર્તાઓ દ્વારા આશ્વાસન પામી શકાય છે. વેણીભાઈ પુરોહિત પાસેથી 'વાંસનું વન' અને 'અંતરના દીવા' એમ બે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી કેટલીક સરસ પ્રતીકાત્મક વાર્તાઓ આસ્વાદ્ય છે.

ગુજરાતી ટૂંકી વાર્તાક્ષેત્રે અન્ય સર્જકોએ ફૂલ નહિ તો ફૂલની પાંખડીરૂપે પોતાની શક્તિ પ્રમાણે યોગદાન આપ્યું છે. જેમાં કૃષ્ણલાલ શ્રીધરાણી, ઉમેદભાઈ મણિયાર, ગોવિંદભાઈ અમીન, ભોગીલાલ ગાંધી, શયદા, ચાંપશી ઉદેશી, નવીનચંન્દ્ર પંડયા, પરાગ જાની, શંકર પંડયા, નીરૂ દેસાઈ, કાંતિલાલ પરીખ, પ્રશાંત, મુરલી ઠાકુર, મસ્તફકીર, છોટુભાઈ પરીખ, ચંદુલાલ વ્યાસ, ગોકુલદાસ રાયસુરા, તારાચંદ અડાલજા, ગોવિંદજી કાનજી, લલિત મોહન ગાંધી, જયભિખ્ખુ, મધુસુદન મોદી, અંબાલાલ પુરાણી, સોપાન, રમણલાલ સોની, કરસનદાસ માણેક, વ્રજલાલ મેઘાણી, પૂર્ણાનંદ ભટ્ટ, ડાહ્યાભાઈ પટેલ, સત્યમ્, સુરેન્દ્ર ત્રિપાઠી વગેરે.

આમાના મોટા ભાગના વાર્તાકારોએ સ્ત્રીઓના સારા નરસા પાસાઓ તેમનું આંતર-બાહ્ય વિશ્વ ભાવસૃષ્ટિ વગેરેને આલેખવાનો પ્રયાસ કર્યો છે. આપણે ત્યાં એવી પણ લોકોક્તિ હવામાં તરતી રહી છે કે એક સ્ત્રી જ બીજી સ્ત્રીને સારી રીતે જાણી શકે છે. ટૂંકીવાર્તાક્ષેત્રે સ્ત્રી લેખિકાઓનો ફાળો પણ એટલો જ મહત્ત્વનો મૂલ્યવાન રહ્યો છે. જેમાં લક્ષ્મીબેન ડોસાણી, ગંગાબહેન પટેલ, વિદ્યાગૌરી નીલકંઠ, જ્યોત્સ્ના શુકલ, લાભુબહેન મહેતા, ધીરજબહેન પારેખ, સરોજિની મહેતા, સૌદામિની મહેતા, ઉષા જોશી, બચુબહેન લોટવાળા, વિનોદિની નીલકંઠ અને જ્યોત્સના ખંડેરિયાના નામ નોંધપાત્ર છે. નારી જીવનના પ્રશ્નો, તેમની અસામાન્ય પરિસ્થિતિ વગેરેનું પ્રતિબદ્ધ રીતે આ લેખિકાઓ દ્વારા નિરૂપણ થયું છે.

ગાંધીજીએ આ લક્ષ્મી અને સરસ્વતીની સક્ષમતાના સ્થાનનો મહિમા કર્યો. જેના કારણે સ્ત્રી ચાર દિવાલ વચ્ચેથી ઘરની બહાર આવી. તેમાં સાહિત્યિક ક્ષેત્રે સૌ પ્રથમ વખત સ્ત્રીની વ્યથાની કથા, સ્ત્રીત્વ તરીકેનું ગૌરવ લીલાવતી મુનશીએ તેમના વાર્તાસંગ્રહ 'જીવનમાંથી જડેલી' માં નિરૂપણ કર્યું છે.

જ્યારે સુધારાયુગમાં અજાણ્યું નામ એવું ગંગાબહેન પટેલે 'ગુજરાતણ ટાઈપિસ્ટ' નામે વાર્તાસંગ્રહ આપેલો. વિનોદિની વિદ્યાગૌરી નીલકંઠ પાસેથી 'દિલ દરિયાનાં મોતી' તેમજ 'બિન્દી' નામે વાર્તાસંગ્રહ મળે છે. સાંસારિક સમસ્યાઓમાં નારી જીવનનું દષ્ટિબિંદુ આ લેખિકાએ પોતાની રીતે વ્યક્ત કર્યું છે. સ્ત્રી લેખિકાએ કૌટુંબિક જીવનની નાની-મોટી ઘટનાઓ, સમસ્યાઓને કલાના રૂપમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે. કુન્દનીકા કાપડિયાએ 'પ્રેમના આંસું' વાર્તાસંગ્રહ આપ્યો. તેમના ચિંધેલા રાહે સ્વ.સરોજ પાઠક,

ધીરજબહેન પારેખ, નયના દવે, ધીરૂબહેન પટેલ, જયંતિકા પરમાર, સરલા જગમોહન, લાભુબહેન મહેતા, તારિણી દેસાઈ વગેરે લેખિકાએ ટૂંકી વાર્તાના સ્વરૂપને એક કદમ આગળ લઈ જવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

- **સુરેશ જોષીના આગમન પહેલાંની પૂર્વભૂમિકા**
- **સ્વાતંત્ર્યોત્તરકાળ**

સ્વાતંત્ર્યોકાળમાં ટૂંકી વાર્તાની સૌથી મોટી ઉપલબ્ધિ એ ગણી શકાય કે પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કને કારણે આપણી જીવનરીતિમાં પરિવર્તન આવ્યું. પતિ-પત્ની વચ્ચેના સંબંધો, નારીનું સ્વાતંત્ર્ય વ્યકિતત્ત્વ, આર્થિક સ્વતંત્રતા, જૂની-નવી પેઢી વચ્ચેનો મનોસંઘર્ષ તેમજ સામ્યવાદ, સમાજવાદ વગેરે વૈશ્વિક સર્જકો ગુરૂદેવ ટાગોર, મહર્ષિ અરવિંદ, શરદબાબુ, પ્રેમચંદ, વિ.સ.ખાંડેકર તથા જ્ઞાન વિજ્ઞાનની અસાધારણ શોધ, સિધ્ધિ ઈ.સ.૧૯૫૦ દરમિયાન અમેરિકામાં યુડોરા, ઈરવિન, વોલેરા, માર્ક શોરર અને ઈંગ્લેન્ડમાં બેઈટ્રસ બોવેવ, વિલિયમ વગેરે દ્વારા ટૂંકીવાર્તા પરિપકવ બની. માનસશાસ્ત્રી ફ્રોઈડ, વ્યુંગનો પ્રભાવ વધ્યો. આ ગાળામાં માનવીની જટિલ સમસ્યા, પલાયનવૃત્તિ, વિકૃતિ, વિરોધ, સ્વકેન્દ્રિતા, ગુરુતાગ્રંથિ, લઘુતાગ્રંથિ વગેરે દુર્ગુણોથી પીડાતા હતા.

બીજા વિશ્વયુદ્ધની અઘટિત ઘટનાએ જગતભરની સંવેદનાને હચમચાવી નાખી. માનવીનું મૂલ્ય ઘટતું ગયું તે સંવેદશીલ સર્જકથી સહન ન થયું.

"ઔદ્યોગિક ક્રાંતિ સર્જિત ભૌતિકતામાં રાચતો શોષણખોર નગર સમાજ પ્રકૃતિથી વિખુટો પડી ગયો તેની કલ્પનાશક્તિનો હ્રાસ થઈ ગયો જડ ચોકઠામાં જડબેસલાક બંધાય ગયેલું માનવીનું જીવન યંત્રવત ધોરણે ચાલવા લાગ્યું."[૯૮]

માનવીની આંતરચેતના, અંતરવ્યથા વાર્તામાં નવા વિષયો સાથે આરંભાય છે. એક સરખા વિષય, એકવિધતાપણું, એકની એક વાતને વારંવાર ઘૂંટવી, તેના આદર્શો ગળેથી છૂટતા ન હતા. આ બધામાંથી વાર્તાની કાયાપલટ કરનાર ક્રાંતિસૂર્ય સુરેશ જોષીએ ગૂંગળામણ અનુભવતી વાર્તાને છોડવી તેથી તેમની મહત્તા આંકીએ એટલી ઓછી ગણાય.

---

૯૮. આધુનિકતા વિશે- નલિન રાવળ, પૃ. ૧૦૩

ગુજરાતી સાહિત્યના યુગમાં આધુનિકતાના મંડાણ ૧૯૫૫ની આસપાસ થાય છે. વાર્તામાં સુરેશ જોષી પછી જે વળાંક આવે છે. તેનાથી વાર્તાની આખી પરિસ્થિતિનું વાતાવરણ પલટાય જાય છે. પરંતુ સુરેશ જોષી પછી નવી વિભાવના અસ્તિત્વમાં આવી તેમાં વાસ્તવવાદ, અસ્તિત્ત્વવાદ, એબસર્ડવાદ, પ્રતીકવાદ અને આધુનિકતાવાદના જુદા-જુદા પ્રવાહો, તરેહો અસ્તિત્ત્વમાં આવે છે.

ટૂંકીવાર્તાના ઈતિહાસમાં નવા વાતાવરણને સુરેશ જોષીએ બાંધી આપ્યું. તેમણે શુદ્ધ સાહિત્યની વિભાવના આપી તેઓ કળા પ્રત્યે પ્રતિબદ્ધ અને વફાદાર રહે છે. ૧૯૬૦ પછી પાશ્ચાત્ય સાહિત્યની ટૂંકીવાર્તાઓના અનુવાદો પ્રગટ થાય છે. સુરેશ જોષીએ વાર્તામાં ઘટનાનું તિરોધાન કે ઘટનાહ્રાસની વાત ઉપાડી ત્યારે મોટાભાગના સર્જકોનું ધ્યાન કે લક્ષ્ય આ તરફ ગયું. ઘટનાને લઈને રીતસરનો ઉહાપોહ પણ મચ્યો.

ટૂંકીવાર્તાના વિકાસમાં અને સમગ્ર સાહિત્ય જગતની સમૃદ્ધિમાં સામયિકોનો ફાળો ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. ગુજરાતી સાહિત્યની પ્રથમ કલાત્મકવાર્તા 'ગોવાલણી' એ 'વીસમી સદી' સામયિકના પ્રતાપે જ પ્રાપ્ત થઈ છે.

આધુનિકતાના ઉંબરે દસ્તક દઈ રહેલા ટૂંકીવાર્તાના વાતાવરણને નક્કર બનાવવામાં 'મનીષા', 'વિશ્વમાનવ', 'ક્ષિતિજ', 'ઉહાપોહ', 'એતદ્' વગેરે જેવા સામયિકોએ નવા પ્રકારની આબોહવાનું નિર્માણ કર્યું. જેના પરિણામ સ્વરૂપ ભાવક સાહિત્યની સાથે સાથે ચિત્ર, સંગીત, નૃત્ય, ફિલ્મ, શિલ્પ વગેરે અન્ય કળાના ગાઢ સંપર્કમાં આવ્યો. જેના કારણે તેમની સૌંદર્યાનૂભૂતિ, ચેતોવિસ્તાર, કળાની નવી નવી ક્ષિતિજો વિકસી. ટૂંકીવાર્તા સાહિત્ય સ્વરૂપને વરેલું એકમાત્ર સામયિક 'ગદ્યપર્વ' આજે પણ તેનું ઓજશ પાથરતું રહ્યું છે.

આધુનિક 'ટૂંકીવાર્તા' એમ શબ્દપ્રયોગ કરીએ ત્યારે ટૂંકીવાર્તા સાથે જોડાયેલો 'આધુનિક' શબ્દ તરફ આપણું ધ્યાન જાય અને આધુનિક એટલે કે અર્વાચીન, આજનું, અત્યારનું એવો થાય છે. આધુનિક શબ્દ પ્રયોગ મોટાભાગે કાળખંડને ધ્યાનમાં રાખીને વપરાઈ રહ્યો છે. પરંતુ તેનો અર્થ આટલો સીમિત ન રાખતા તેની સાથે નૂતન પરિવેશ, અભિગમ અને વિચારિકતા વગેરેનો પણ કરવો જ રહ્યો છે. આધુનિકતાનો ગાળો ૧૯૫૫થી ૧૯૮૦ સુધીનો ગણાવાય છે. દરેક સર્જક પરંપરિત વાર્તાથી કંઈક નવું કરવા મથામણ કરવા લાગ્યો. જે આપણને સુરેશ જોષી કૃત 'ગૃહપ્રવેશ'ની

વાર્તાસૃષ્ટિમાં આ દિશાના સંકેતો મળે છે. આધુનિકતાના પ્રભાવક પરિબળોમાં વૈજ્ઞાનિક અને વૈચારિક ક્રાંતિ, ઔદ્યોગિક એકમો વગેરેને મુખ્ય ગણી શકાય. તેમાં પણ ઔદ્યોગિક ક્રાંતિને લીધે નગરસભ્યતાનો વિકાસ થયો.

પાશ્ચાત્ય ચિંતક નિત્સે 'અતિમાનવ'ની વિભાવના આપી અને બાપોકાર જાહેર કર્યું કે 'ઈશ્વરનું મૃત્યું થયું છે' આને કારણે આ જમાનાના સર્જકને આ ક્રાંતિકારી સૂઝથી માનવીને વિચારતો કરી મૂક્યો, તેની સર્જક ચેતના આ બધું ઝિલતી ગઈ. જેના પરિણામે તેમનાં સાહિત્યમાં પલટો આવ્યો ગુજરાતી આધુનિક વાર્તાને ઘડનારા પરિબળોમાં પશ્ચિમ ટૂંકીવાર્તાનો પણ હિસ્સો રહેલો છે. કારણ કે ૧૯૬૦ પછી મોટી સંખ્યામાં અનુવાદો પ્રાપ્ત થાય છે. તેની તાસીર આપણા સાહિત્યમાં વણાતી અનુભવી શકાય છે.

➤ **સુરેશ જોષી**

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં સુરેશ જોષીનું આગમન એ જ એક સૌથી મોટી ઘટના છે. ૧૯૫૭માં પ્રગટ થયેલ પ્રથમ વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ' સીમાચિહ્ન બની ગયો. સુરેશ જોષીની આભા પ્રભા વિશે સુમન શાહના શબ્દોમાં કહીએ તો-"સુરેશ જોષી માત્ર સર્જક નથી, સાહિત્યકલા મર્મજ્ઞ, શાસ્ત્ર સંપન્ન, કલાસર્જનની ભૂમિકાએ ઉત્ક્રાન્ત થનારી જીવનદર્શનના મહિમા કરનારા માનવતાવાદી ચિંતક પણ છે." [૧૪૨]

સુરેશ જોષીના સંદર્ભે ખાસ કરીને વાર્તાની બાબતે ટૂંકીવાર્તામાં ઘટના, ઘટનાહ્રાસ, ઘટનાલોપ કે ઘટનાનું તિરોધાન વિશે તેમની વિચારણા કે મથામણ જાણીતી છે. તેમણે ઘટનાની સ્થૂળતાનો વિરોધ કર્યો અને સામગ્રીને બદલે રૂપરચના ઉપર ભાર મૂક્યો, તેમના આ અંગેના વિચારો તેમની ટૂંકીવાર્તા દ્વારા જ જાણી શકાય છે. તેમની દષ્ટિએ ટૂંકીવાર્તાની વ્યાખ્યા જોઈએ તો- "ટૂંકીવાર્તા એટલે લીલા, લીલા એટલે અહૈતુક નિર્માણની પ્રવૃત્તિ"[૯૯]

તેમના મતે વાર્તામાં 'ઘટનાનું તિરોધાન', 'પરિહાર' વસ્તુનું સાધારણીકરણ નહી પણ વિલિનિકરણ કલામાં થવું જોઈએ. ટૂંકીવાર્તામાં ઘટનાના સંદર્ભે તેઓ કહે છે.-

"ઘટનાનો બને તેટલો હ્રાસ કરવા તરફ મારો પ્રયત્ન છે. એનો રસ હોય તો તે આકારની રચનામાં છે. લાગણીઓને બીબાં પૂરતી વાપરી છે. આકાર ઢાળ્યા પછી એને વર્જ્ય ગણીને એનો પરિહાર કર્યો છે."[૧૦૦]

૯૯. સુરેશ જોષીથી સુરેશ જોષી-સુમન શાહ, પૃ. ૯

૧૦૦. ટૂંકીવાર્તા અને ગુજરાતી ટૂંકીવાર્તા-સં. જયન્ત કોઠારી, પૃ.૯૨

સુરેશ જોષી પાસેથી કુલ છ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં 'ગૃહપ્રવેશ' ૧૯૫૭, 'બીજી થોડીક' ૧૯૫૮, 'અપિ ચ' ૧૯૬૫, 'ન તત્ર સૂર્યો ભાતિ' ૧૯૬૭, 'માનીતી-અણમાનીતિ' ૧૯૮૨, 'નૈમિષારણ્યે' ૧૯૮૭, વગેરે સુરેશ જોષીએ ગૃહપ્રવેશ કર્યો અને વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો. રાજગાદીમાં આરુઢ થતા મહારાજાઓનો પણ આવો પ્રભાવ નથી છવાતો. ગુજરાતી નવલિકાક્ષેત્રે એમણે એકચક્રી શાસન કર્યુ. સુરેશ જોષીએ ગુજરાતી નવલિકાને 'આજ' આપી. તેઓ સ્વયં 'આજના' પર્યાય બની ગયા. આ સર્જક વાર્તાકળાનો પરિચય તેમણે જુદી જુદી શૈલી કથનરીતિના વિનિયોગ દ્વારા નિરૂપિત 'થીંગડુ', 'લોહનગર', 'રાક્ષસ', 'વર્તુળ', 'બે સૂરજમુખી' અને 'એકદા નૈમિષારણ્ય' વગેરે વાર્તાઓમાં વસ્તુને ગૌણ રાખીને ટેક્નિકને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

તેમની વાસ્તવિકતાની ધરા પર આલેખન પામતી 'જન્મોત્સવ', 'વૈશાખ સુદ અગિયારસ', 'પાંચમો દાવ', 'નળદમયંતિ', 'કુરુક્ષેત્ર', 'વારતા કહોને', 'થીંગડું', 'ગૃહપ્રવેશ' વગેરે જેવી વાર્તાઓમાં પરિચિત વાસ્તવિકતાના પરિમાણો બદલવાનો એક પ્રસંશનીય પ્રયાસ થયેલો જોઈ શકાય છે. વિદેશી સર્જક દરિદાએ તેની આગવી 'સ્ટાઈલ'માં કહ્યું હતું.-'સર્જક લખે છે ત્યારે વાચક ગેરહાજર હોય છે અને વાચક જ્યારે ભાવન કરે છે. ત્યારે સર્જક ગેરહાજર હોય છે.' ગૃહપ્રવેશ, કુરુક્ષેત્ર, પદભ્રષ્ટ, વર્તુળ, રાક્ષસ વગેરે વાર્તાઓમાં સુરેશ જોષીએ ઘટના તિરોધાન પરિહાર લેખે વસ્તુનું કલામાં વિલિનિકરણ કરી સુખદ પરિણામ પ્રાપ્ત કર્યુ છે.

➤ કિશોર જાદવ

સુરેશ જોષીના સમકાલીન અને અનુકાલીન તથા આ ગાળાના વાર્તાકારોમાં એક વિશિષ્ટ સર્જક તરીકે પોતાની નીજી ઓળખ ઉભી કરી છે. પૂર્વસૂરિઓએ જે કર્યુ તેનાથી કંઈક વિશેષ અલગ કામ કરવાનું પુરુ જનુન તેમની કલમમાં છે. કિશોર જાદવની વાર્તા પાસે જતા સામાન્ય વાચકને લગભગ નિરાશ થવું પડે. અધિકારી ભાવકને પણ મથામણ કરવી પડે. કિશોર જાદવ પાસેથી 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' ૧૯૬૯, 'સૂર્યારોહણ' ૧૯૭૨, 'છદ્મવેશ' ૧૯૮૨, વગેરે ત્રણ વાર્તાસંગ્રહો આપે છે. તદ્દ્પરાંત 'કિશોર જાદવની વાર્તાઓ આસ્વાદ સહિત સંપાદક રાધેશ્યામ શર્મા ૧૯૮૨, કિશોર જાદવની શ્રેષ્ઠવાર્તાઓ સંપાદક રાધેશ્યામ શર્મા ૧૯૯૦ વગેરે

---

૧૪૪ ગૃહપ્રવેશ-સુરેશ જોષી, પૃ.૨૮

વાર્તાઓના બે સંપાદનો તેના ખાતામાં ઉમેરાય છે. કદાચ અતિશયોક્તિ ન ગણીએ તો કિશોર જાદવે સુરેશ જોષીની 'વાર્તાલીલા'થી એક કદમ આગળ માંડ્યું છે. જેના પરિણામે કિશોર જાદવની વાર્તાઓનું વિશિષ્ટ પરિમાણ છે.

કિશોર જાદવે રચેલી નવી ભાત પાડતી વાર્તા ગુજરાતી સાહિત્યનું સંભારણું બની રહે છે. જેમાં 'લેબીરીન્થ', 'મદદનીશ', 'સરકસના કૂવામાં કાગડા', 'સોનેરી માછલીઓ', 'પ્રાગૈતિકહાસિક અને શોકસભા', 'આદિમોત્સાહ અને હળાહળ' વગેરે તેમની ટૂંકીવાર્તાના ઉત્તમ નમૂનાઓ છે.

➤ મધુ રાય

કિશોર જાદવ,સુરેશ **જોષીના** સમકાલીન વાર્તાકાર હોવા છતાં પણ જે રીતેતેઓ સુરેશ જોષીથી ફંટાઈને પોતાની નવી પેઢી કંડારી તેવા જ પ્રયોગશીલ વાર્તાકાર મધુ રાયનું વાર્તાક્ષેત્રે એટલું જ મહત્ત્વનું છે. એક બળકટ વાર્તાકાર તરીકે તેમનો પ્રવેશ પ્રથમ વાર્તાસંગ્રહ 'બાંશી નામની એક છોકરી'થી થાય છે. તેમની પાસેથી 'બાંશી નામની એક છોકરી', 'રૂપકથા' અને 'કાલસર્પ' એમ ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. આ વાર્તાઓ દ્વારા તેઓ સુરેશ **જોષી** પછીની વાર્તાના વળાંકમાં તેમનો ફાળો નોંધપાત્ર અને અનન્ય કહી શકાય તેવો છે.

સાંપ્રત જમાનાની તાસીર તેમની વાર્તાઓમાં પ્રગટતી જણાય છે. જીવાતા જીવન વિશેના અનુભવો તેમની વાર્તાઓમાં તેઓ કળાત્મક રીતે આલેખે છે. ગુજરાતી વાર્તાકારોથી તેઓ હાર્મોનિકા અને હરિયાજુથની વાર્તાઓ દ્વારા જુદા પડે છે. વાર્તામાં ઘટનાનું તિરોધાન, કપોળકલ્પિત,તત્ત્વનો વિનીયોગ વગરે ઘટકતત્ત્વોનો તેઓ વાર્તામાં અનોખી રીતે સફળતાપૂર્વક આલેખવામાં સફળ રહ્યા છે. મધુરાયની વાર્તામાં 'ઈંટોના સાત રંગ', 'કાન', 'ધારો કે...' 'હું પતંગિયું છું', 'મકાન', 'હિંમતલાલ મોહનલાલ કોઠારી' વગેરે વાર્તાઓમાં મધુરાયની એક મોટાગજાના વાર્તાકાર તરીકેની સિદ્ધિ જોઈ શકાય છે. ટૂંકીવાર્તાક્ષેત્રે નવી ભોંય ભાંગનાર તરીકે મધુરાયની મહત્તા અને મૂલ્ય હંમેશા ચિરકાલીન રહેશે જ એ નિર્વિવાદ છે.

➤ વિભૂત શાહ

આધુનિકતાના રંગે રંગાયેલા વાર્તાકારોમાં વિભૂતશાહનું નામ મોખરે છે. તેમની પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં 'ટેકરીઓ પર વસંત બેઠી છે.', 'બંદિશ' અને 'ફલવારવાઝ' છે. 'ટેકરીઓ પર વસંત બેઠી છે' ના નૂતન અભિનિવેશ દ્વારા મજબૂત વાર્તાકાર તરીકે સ્થાયી થયા છે. આમાં ક્યાંક ક્યાંક સુરેશ જોષીના હોવા પણાના અણસાર વર્તાય છે. 'ટેકરીઓ પર વસંત બેઠી છે' વાર્તાસંગ્રહ વિશે યશવંત શુકલ જેવા મહારથી વિભૂતશાહ વિશે માત્ર એક જ વિધાન કરે છે. 'વિભૂતશાહ ધૂમકેતુનો બીજો અવતાર છે.' બાકીના તાંતણા સૂજ્ઞ ભાવક પર છોડી દેવામાં આવ્યા છે.

વિભૂતશાહની વાર્તાઓ 'તું કેવળ સ્ત્રી', 'બ્લેક સ્ત્રી', થેક્યું નિનાદ' વગેરે વાર્તાઓ ઘટનાનો વજન સહન કરી શકી નથી. કેટલાંક મિત્રોની સ્વરચના, કાવ્યમયગદ્ય, અરવિંદ દેસાઈ વિરુદ્ધ અવિનાશ દેસાઈ', 'એક અમીન સાહેબ' વગેરે વાર્તાની વિશિષ્ટ માવજતને કારણે ઉગરી ગઈ છે.

➤ ઘનશ્યામ દેસાઈ

આધુનિક વાર્તાકારોમાં ઘનશ્યામ દેસાઈનું નામ પૂરા આદર સાથે લેવાય છે. એક માત્ર વાર્તાસંગ્રહ 'ટોળું' ૧૯૭૭માં મળે છે.પરંતુ આ સંગ્રહની 'ટોળું', 'કાગડો', 'ગોકળજીનો વેલો', 'રેણ' જેવી વાર્તાઓ કળાની એરણ પર પાર ઉતરે છે. તેઓ પ્રતિષ્ઠિત વાર્તાકાર તરીકે ગજું કાઢી શકાય છે. વાર્તાકળાના ઉપાસક ઘનશ્યામ દેસાઈની સર્જકનાત્મકતાની નોંધ લેવી જ રહી.સુરેશ જોષીએ ચીંધેલા કપોળકલ્પિતના માર્ગે ચાલીને તેમણે 'કાગડો', 'ટોળું' ને 'ગોકળજીનો વેલો' જેવી વાર્તાઓ સુખાંત પરિણામ લાવી શકી છે.

➤ રાધેશ્યામ શર્મા

આ વાર્તાકારે તેમની વાર્તાઓમાં પ્રતીક, કલ્પન, કપોળકલ્પનનો સફળતાપૂર્વક વિનિયોગ કર્યો છે. તેથી એક વાર્તાકાર તરીકે પોતાની નિજી ઓળખ ઉભી કરી છે. રાધેશ્યામ શર્મા તેમની ઉજ્જવળ સાહિત્યિક કારકિર્દી દરમ્યાન 'બિચારા' ૧૯૬૯, 'પવનપાવડી' ૧૯૭૭ અને 'વાર્તાવરણ' ૧૯૮૭ એમ ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. સુરેશ જોષી પછી ગુજરાતી ટૂંકીવાર્તાને જીવતી રાખવામાં એક બળવાન તેજસ્વી કલમ રાધેશ્યામ શર્માની છે. આ વાર્તાકાર કળા પ્રત્યેની પ્રતિબદ્ધતામાં ક્યાંય બાંધછોડ

કરતા નથી, આ વાર્તાકારની 'સળિયા', 'અચેબેલ', 'હાથીપગો', 'પવન પાવડી', 'વાતાવરણ', 'રણ' વગેરે તેમની નોંધપાત્ર વાર્તાઓ છે. શક્તિશાળી સર્જક હોવાને નાતે કદાચ રાધેશ્યામ શર્મા હજુ પણ નીત નવી વિભિન્ન મુદ્રાઓ પ્રગટાવે તો સહેજેય આશ્ચર્ય પામવા જેવું નથી.

➤ **જ્યોતિષ જાની**

જ્યોતિષ જાની પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે તેમાં પ્રથમ વાર્તાસંગ્રહ 'ચાર દિવાલો એક હેંગર' ૧૯૬૬, 'અભિનિવેશ' ૧૯૭૫, 'પંદર આધુનિક વાર્તાઓ' ૧૯૭૭ તથા જ્યોતિષ જાનીની શ્રેષ્ઠવાર્તાઓ વગેરે વાર્તાઓમાંથી પસાર થતાં આપણી સામે જ્યોતિષ જાની માટે જે વપરાઈ વપરાઈને ઘસાઈ ગઈ છે તે આગવી મુદ્રા કે નિજી ઓળખની પ્રતીતિ કરાવે છે.

➤ **સુમન શાહ**

ગુજરાતી ટૂંકીવાર્તા સાહિત્ય સ્વરૂપમાં પ્રયોગશીલ વાર્તાકાર તરીકે સુમન શાહનું નામ અજાણ્યું નથી. તેમના 'અવરશુકેલુબ' વાર્તાસંગ્રહમાં આ પ્રકારના પ્રયોગલક્ષી વાર્તાઓના ઘણા નમૂના જોવા મળે છે. જેમાં પ્રયોગલક્ષી વાર્તાઓમાં 'દાદરા', 'એ લોકો'' અને 'રીંછ' જેવી વાર્તાઓ દ્વારા આ સર્જક ફતેહ હાંસલ કરતા રહ્યા છે.

આ બોધકથાઓમાં 'ટેબલની બોધકથા', 'દેવચકલીની બોધકથા', 'બારીની બોધકથા' વગેરેમાં એક જુદી જ રીતે ઘનિષ્ઠ પ્રયોગ થયો છે. બીજો વાર્તાસંગ્રહ 'જેન્તી હંસા સિમ્ફની' દ્વારા અનુઆધુનિતાનો દોર વાર્તા સાથે અનુસંધાન બાંધે છે. વાર્તામાં જે સ્થિત્યંતરો બદલાયા તેમાં સુમનશાહનો ફાળો સવિશેષ નોંધપાત્ર રહ્યો છે.

➤ **પ્રબોધ પરીખ**

ગુજરાતી આધુનિક ટૂંકીવાર્તાક્ષેત્રે પ્રબોધ પરીખ પાસેથી પણ એક માત્ર વાર્તાસંગ્રહ 'કારણ વિનાના લોકો' ૧૯૭૭ મળે છે. આ સાથે ટૂંકીવાર્તાક્ષેત્રે પ્રવેશ કરે છે. 'કારણ વિનાના લોકો' સંગ્રહની વાર્તાઓમાં ભ્રમણાઓનું સત્ય પ્રગટ થાય છે. તેઓ આ વાર્તા દ્વારા નવોન્મેષ વાર્તાની આંતરિક ક્ષમતા તાગવા મથામણ કરતા અનુભવી શકાય છે.

આ વાર્તાસંગ્રહની વાર્તાઓમાં સર્જનાત્મકતા કલાની દષ્ટિએ કેટલે અંશે સિદ્ધ થઈ તેનો નિરીક્ષીર વિવેક સુજ્ઞ ભાવક પર છોડવામાં આવ્યો છે. એવું પણ કહી શકાય કે સારીને સફળ વાર્તા લખવી એ સર્જકની પ્રથમ ફરજ છે.

➤ સરોજ પાઠક

આધુનિક સાહિત્યમાં સ્ત્રી લેખિકાઓમાં ઉજળું નામ સરોજ પાઠકનું છે. તેમની પાસેથી સાત જેટલા સમૃદ્ધ વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. તેમાં 'પ્રેમ ઘટા ઝૂક આઈ' ૧૯૫૯, પ્રીતબંધાણી' ૧૯૬૧, 'વિરાટ ટપકું' ૧૯૬૬, 'હુકમનો એક્કો' ૧૯૮૭, 'હું જીવું છું' ૧૯૯૦ (મરણોત્તર વાર્તાસંગ્રહ) 'મારો અસબાબ મારો રાગ' ૧૯૬૬, 'તથાસ્તું' ૧૯૭૨ વગેરે આ બધા સંગ્રહોમાંથી કુલ એકસો બાવીસ વાર્તાઓ મળે છે. તેમના વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝૂક આઈ' અને 'વિરાટ ટપકું' વાર્તાસંગ્રહ દ્વારા તેઓ પ્રયોગશીલ વાર્તાકાર તરીકે સ્થાન પામે છે.

વાસ્તવિક જગતમાંથી કાચી સામગ્રી મેળવી તેનો સર્જક પ્રતિભા દ્વારા વાર્તામાં કલાત્મક વિનિયોગ કર્યો છે. સરોજ પાઠકની આંતરસૂઝ તેમની સુપ્રસિદ્ધ વાર્તા 'સારિકા પંજરસ્થા'માં ટેકનિકનો ઉપયોગ કરીને સારિકાના આંતરજગતને કલાત્મકતાથી પ્રગટાવ્યું છે. વાર્તાકાર તરીકે તો વધારે જાણીતા તેમની વાર્તા 'ન કૌશમાં ન કૌશ બહાર' વાર્તાથી આ ઉપરાંત 'મારો અસબાબ મારો રાગ', 'સ્વયંવર', 'દુશ્ચક્ર' વગેરે જેવી વાર્તાઓમાં સરોજ પાઠક માનવચિત્તના મનોવ્યાપારોને સૂક્ષ્મ રીતે પ્રયોજવામાં સફળ રહ્યા છે.

☛ પરંપરાગત તથા આધુનિકતાવાદી લેખન પદ્ધતિનો સમન્વય કરતા વાર્તાકારો

➤ ચન્દ્રકાન્ત બક્ષી

આ સર્જકના સમયગાળાના વાર્તાકારોમાં ઘટના તિરોધાનનું મહત્ત્વ હતું જ, તેમ છતાં કેટલાંક વાર્તાકારો પાસેથી ઘટનાવાળી સંતપર્ક વાર્તાઓ મળે છે. આ પ્રકારની વાર્તા લખનારામાં જેમને અગ્રતાક્રમે મૂકી શકાય તેવા સબળ અને સક્ષમ સર્જક ચન્દ્રકાન્ત બક્ષી છે. સુમન શાહે ચન્દ્રકાંત બક્ષીને 'ઘટનાના બેતાજ બાદશાહ' કહીને બિરદાવ્યા છે.

ચન્દ્રકાંત બક્ષીની વાર્તામાં ચમત્કૃતિ પ્રધાનશૈલી વડે અને આત્મસૂઝથી તેમની વાર્તાને મોટો ફાયદો થયો છે. તેના કારણે વાર્તાકાર તરીકે તેઓ પ્રતિષ્ઠિત થયા છે. આ સર્જક પાસેથી એક તરફ 'મીરાં' જેવી ઉત્તમ વાર્તા મળે છે. તો બીજી તરફ 'કુંત્તી' જેવી વાર્તા દ્વારા કોર્ટના પગથિયા પણ ચઢે છે. તેમણે જાતીયતાનું ખુલ્લેઆમ અલેખન કરવામાં ક્યાંય ક્ષોભ અનુભવ્યો નથી.

વાર્તાસૌંદર્યને સિદ્ધ કરવા માટે તેઓ એકથી વધારે ભાષાનો વિનિયોગ કરે છે. તેમની વાર્તાના વિષયો દામ્પત્યજીવનમાં પડતી તિરાડ, સ્ત્રીઓની એકલતા, કૌટુંબિક ભાવના, જાતીય આવેગો, હતાશા વગેરે વૈવિધ્યસભર વિષયોની કથાગૂંથણી કરતા અચ્છા લેખક છે. તેમની પાસેથી 'પ્યાર' ૧૯૫૮, 'એક સાંજની મુલાકાત' ૧૯૬૧, 'મીરાં' ૧૯૬૫, 'મશાલ' ૧૯૬૮, 'ક્રમશ' ૧૯૭૧ આ ઉપરાંત કેટલીક 'અમેરિકન વાર્તા' ૧૯૭૨, બક્ષીની કેટલીક વાર્તાઓ ૧૯૭૨, ૧૩૯ વાર્તાઓ ભાગ-૧-૨ ૧૯૮૦, આ બધા સંગ્રહોમાંથી 'મીરાં', 'તમે આવશો ?', 'ગુડ નાઈટ ડેડી', 'કુંત્તી' વગેરે કલાત્મક વાર્તાઓની સાથે સાથે સાહિત્યજગતમાં ચર્ચાસ્પદ કરતાં વિવાદાસ્પદ વધારે રહ્યા છે. ગુજરાતી સાહિત્યમાં કડવી દવાનો ડોઝ આપવાવાળા કડક વિવેચકોમાંના એક છે. ચંદ્રકાન્ત બક્ષીની ગુરુતાગ્રંથિએ તેમની વિશેષતા અને મર્યાદા બંને છે. પોતાના સાહિત્યથી એ બેધડક ગર્વ લે છે.

➤ **સુવર્ણા**

આધુનિક પ્રયોગશીલ વાર્તાકારોમાં સુવર્ણાનું નામ સગર્વ આગળ મૂકી શકાય. આ સર્જક આધુનિક વાર્તાપ્રવાહના પ્રતિનિધિ લેખિકા છે. સુવર્ણા તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'એક હતી દુનિયા' ૧૯૭૨ સાથે પ્રવેશે છે. ટૂંકીવાર્તાક્ષેત્રે પોતાની આગવી રચનારીતિ દ્વારા તેઓ ગુજરાતી સાહિત્યમાં નિશ્ચિત સ્થાનની અધિકારી બને છે. તેમની 'ઓથ' અને 'મશ્કરી' જેવી વાર્તામાં 'એકલતાથી પીડાતો માનવી' અહીંયા નવા જ કલેવર સાથે નિરૂપાયો છે. 'ફેન્ટસી', 'નોકરી' અને 'આકાશના કોક ખૂણે' જેવી વાર્તાઓની પ્રવર્તતી તેની ક્રિયા પ્રતિક્રિયા, પ્રક્રિયા ભાવકને સ્પર્શી જાય છે. તેમના પ્રયાસો સર્વથા તો કળાત્મક વાર્તાઓ તરફના જ છે એ તેનું અને વાર્તાનું ઉજળું પાસું છે.

➤ **રાવજી પટેલ**

આ વાર્તાકાર પાસેથી એક માત્ર વાર્તાસંગ્રહ 'વૃત્તિ અને વાર્તા' ૧૯૭૭માં પ્રગટ થાય છે. તેમાં માત્ર બાર જ વાર્તાઓ છે. તેમણે વાર્તા ઓછી લખી છે પણ આછી નથી લખી, તેમની મોટાભાગની વાર્તાઓમાં કલાત્મકતાના અંશો રહેલા છે. રાવજી પાસેથી બે પ્રકારની વાર્તાઓ મળે છે. ૧. પરંપરિત વાર્તાઓ ૨. પ્રયોગશીલ વાર્તાઓ, પરંપરિત વાર્તામાં 'સગી', 'અમસ્તી અમસ્તી રેલગાડીઓને ખાલીખમ ગજવાં', 'સૈનિકના બાળકો ચંપી રેષા' 'કિ-ધું દેવું ઘેટા છે.' જ્યારે પ્રયોગશીલ વાર્તામાં 'એક ઘડીના પંચોતેરમા ભાગનો ઉન્માદ' 'કીડી, કેમેરા અને નાયક' તેમની વાર્તામાં ભાવજગત વધારે ઘૂંટાઈને આવે છે.

➤ રઘુવીર ચૌધરી

વાસ્તવ સાથે સીધી જ નિસ્બત ધરાવતા રઘુવીર ચૌધરી પાસેથી 'આકસ્મિકસ્પર્શ' ૧૯૬, 'ગેરસમજ' ૧૯૬૮, 'બહાર કોઈ છે' ૧૯૭૨, 'નંદીઘર' ૧૯૭૭, રઘુવીર ચૌધરીની શ્રેષ્ઠવાર્તાઓ ૧૯૮૫ 'અતિથિગૃહ' ૧૯૮૮ આટલા વાર્તાસંગ્રહો સાહિત્યને ચરણે ધરે છે. વાર્તાના સર્જનની સાથે વિવેચન સંગ્રહ 'વાર્તાવિશેષ'માં તેમના વાર્તા વિશેના વિચારો પ્રગટ થયા છે. વ્યક્તિ અને સમાજ બંનેનું પ્રાધાન્ય તેમની વાર્તાઓમાં અગ્રસ્થાને છે. 'મુશ્કેલ', 'એક સુખી કુટુંબની વાત', 'ક્ષિતિજ ભણી', 'આ સમય પણ વહી જશે' વગેરે વાર્તાઓમાં તેમનો વિસ્તાર અને વિકાસ જોઈ શકાય છે.'પોટકું', 'પૂર્ણસત્ય', વાર્તા કળાત્મક નવોન્મેષ પ્રગટાવી શકી છે.

➤ ઈવા ડેવ : પ્રફુલ્લ ન દવે.'

'આગંતુક' ૧૯૬૯, 'તરંગિણીનું સ્વપ્ન'૧૯૭૧ અને તહોમતદાર ૧૯૮૦ સંગ્રહોની વાર્તાઓએ એમને ગુજરાતીના ધ્યાનપાત્ર વાર્તાકારોમાં સ્થાન અપાવ્યું છે. ઈવા ડેવ ૧૯૯૯માં 'કાળરાક્ષસ' વાર્તાસંગ્રહમાં કુલ છવ્વીસ વાર્તાઓ સાથે છવ્વીસ વર્ષના વાણા વાયા પછી પણ તાજગીભર્યા ઉલ્લાસ સાથે વાર્તાઓ આપતા રહ્યા છે. ઈવાડેવ વાર્તાસાહિત્યમાં સ્થિર તેજકિરણો પ્રસારતા શુક્તારક જેવા આપણા એક તેજસ્વી નવીન વાર્તાલેખક છે. આ વાર્તાઓ 'બચારી જમની', 'મિશ્ર લોહી', 'જિજીવિષા', 'ચોન્ટી' દ્વારા સાબિત કર્યુ છે.

➤ ચિનુ મોદી

આ વાર્તાકારની વાર્તાઓ 'દશાનનાખ્યાન' અને 'બાઈ ઓખા તે આંખ મીંચ્યાનું પાપ' જેવી વાર્તાઓમાં આ આખ્યાનશૈલીનું સુખદ પરિણામ પ્રાપ્ત કરી શકયા છે. તેમનો વાર્તાસંગ્રહ 'ડાબી મુઠ્ઠી જમણી મુઠ્ઠી' ૧૯૮૫ની જેમ જ તેઓ ડાબા હાથે વાર્તા અને જમણા હાથે કવિતા લખતા રહ્યા છે, તેમની 'પીળું પડતું પાંદડું' અને 'વિનાયક' જેવી વાર્તાઓ દ્વારા વાર્તાકાર તરીકે ધ્યાનાર્હ બન્યા છે. તેમના વાર્તાસંગ્રહ તરફ ભાવક અને વિવેચકનું ધ્યાન ઓછું ગયું છે. તે નોંધવું જ રહ્યું. ચિનુ મોદીનો બીજો વાર્તાસંગ્રહ છલાંગ ૧૯૯૭માં 'દૂરનો નાતો', 'સાદી સમજ', 'હવા', 'કળતર', 'તડકો', 'છલાંગ' વગેરે આ સંગ્રહની અસાધારણ વાર્તાઓ છે.

➤ હરિકૃષ્ણ પાઠક

હરિકૃષ્ણ પાઠકનો પ્રથમ વાર્તાસંગ્રહ 'મોરબંગલો' ૧૯૮૮માં મળે છે. હરિકૃષ્ણ પાઠક એ વાર્તાકલાના માહિર છે. 'સમળો' અને 'બાવળિયો' જેવી તેમની નખશીખ કલાત્મક વાર્તાઓ છે. શૈશવના સંભારણામાંથી નીપજતી વાર્તા 'મોરબંગલો' આ વાતાવરણમય વાર્તા છે. 'મોત આવ્યું ને મરી ગયા', 'ઘર ભંગ', 'ભલે વાગતો ઘંટ' વગેરે કળાત્મક વાર્તા છે.

➤ રવીન્દ્ર પારેખ

આ વાર્તાકાર પાસેથી સમયાંતરે ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. તેમાં 'સંધિકાળ', 'સ્વપ્નવટો' અને 'પર્યાય'. 'સ્વપ્નવટો'ના વાર્તાકારમાં કળાનો કસબ દાખવતી વાર્તા 'માઝેઈક', 'જન્મ' આશ્લેષ', 'સૂઝ', ધ્વનિદર્પણ' વગેરે છે. આ સંગ્રહને અકાદમી પારિતોષિકની સાથે 'સન્ધાન'નો ક્રિટિક્સ એવોર્ડથી પુરુસ્કૃત કરવામાં આવ્યો છે.

'પર્યાય' વાર્તાસંગ્રહ રવીન્દ્રને વાર્તાકાર તરીકે પાક્કા બનાવે છે. 'વેરાઈટી', 'ચાલ', 'પથરો', 'માખી', 'તર્પણ', 'કામચોર' વગેરે વાર્તાઓમાં તેમનો પરિશ્રમ લેખે લાગ્યો છે.

➤ સુધીર દલાલ

આધુનિક જીવનને પૂરી સ્વસ્થતતા અને તાટસ્થથી ઝિલતા આ લેખક ૧૯૭૦માં વીસ વાર્તાઓનો 'વ્હાઈટ હોર્સ' નામે સંગ્રહ આપે છે. સાચા વાર્તાકાર તરીકે આધુનિક વાર્તાકારોમાં પોતાનું સ્થાન અધિકારપૂર્વક મેળવે છે.

➤ ચંદુલાલ સેલારકા

સાહિત્ય જગતના એક પીઢ ધરખમ અને સક્ષમ વાર્તાકાર તરીકે ચંદુલાલ સેલારકા જેટલા જાણીતા છે. તેમની વાર્તાયાત્રાનો પ્રવાહ ૧૯૫૨થી આરંભાયેલ પ્રવાહ ૨00૩ સુધીમાં કુલ ઓગણીસ જેટલા વાર્તાસંગ્રહો આપે છે. તેમના નોંધપાત્ર વાર્તાસંગ્રહોમાં 'દૂરના ડુંગરા' ૧૯૫૯, 'અમૃતપાત્ર' ૧૯૬૦, 'જૂજવારૂપ' ૧૯૯૪ 'આઠમો શુક્રવાર' ૧૯૬૫, 'આકાર વગરનો સંબંધ' ૧૯૭૫ વગેરે પુરસ્કૃત થયેલા સંગ્રહો છે. ટૂંકીવાર્તા એ એકલવાયા આત્માનું અરણ્યરૂદન છે. તેમની વાર્તાઓમાં 'સર્જનનો આનંદ', 'સુકેશની મા', 'ઓપરેશન', 'સ્મિતાનું રૂપ', '૩૯૯૦ ગ્રીન એમ્બેસેડર' વગેરે સેલારકાની સરકતી જતી તેની આ સિદ્ધિ અને મર્યાદા પણ બની રહે છે.

➤ લક્ષ્મીકાંત ભટ્ટ

આ વાર્તાકાર 'ટીપે ટીપે' વાર્તાસંગ્રહ દ્વારા સાહિત્ય જગતમાં પ્રવેશ કરે છે. ૧૯૭૭માં પ્રગટ થયેલ વાર્તાસંગ્રહમાં માત્ર છ જેટલી પણ બળકટ રચનાઓ આપીને વાર્તાકાર તરીકે ધ્યાન ખેંચી શક્યા છે. આ તેની સિદ્ધિ ગણી શકાય તેમની પાસેથી 'ટીપે ટીપે', 'ક્યા છે ચાંદો', 'યાદ', 'શું એ હું જ હતો?', 'સમીર', 'ચોસઠથી આઠ ઉપર' વગેરે તેમની ઉત્તમકક્ષાની વાર્તાઓ છે.

➤ અશ્વિન દેસાઈ

સાતમા-આઠમા દાયકામાં વાર્તા દ્વારા ધ્યાન ખેંચતા આ વાર્તાકારને અવગણી શકીએ નહી. તેમની પાસેથી 'કોઈ ફૂલ તોડે છે' ૧૯૭૭માં છવ્વીસ વાર્તા અને 'વિખૂટા પડીએ' ૧૯૮૭માં છવ્વીસ વાર્તા સાથે વાર્તાજગતમાં પ્રવેશ કરે છે. તેમની પાસેથી 'ટેકરીઓની પેલે પાર', 'મરણ', 'યાદ', 'ગેરસમજ', 'ઘર એટલે ઘર એટલે ઘર', 'વિખૂટા પડીએ' વગેરે વાર્તાઓ સારી આપી શક્યા છે.

➤ તારિણી દેસાઈ

પ્રયોગશીલ વાર્તાકાર તરીકે તારિણી દેસાઈના કૃતક પ્રયોગો જાણીતા છે. તેમની 'આશ્ચર્ય', 'ક્ષિતિજ ઉપર', 'મૂઢ બન્યો મગન' વગેરે ફેન્ટસી પ્રકારની વાર્તા છે. તારિણી દેસાઈ તેમના વાર્તાસંગ્રહ 'પગ બોલતા લાગે છે'. આ સંગ્રહની દશ્યાત્મક શબ્દો દ્વારા ચિત્રો ઉભા કરતી વાર્તા 'વાદળા', 'સૂર્ય અને આકાશ', 'ઉંબર પર ઉભેલું કોલાજ', 'ઉઘાડ બંધ થયા કરતાં બારણાની પાછળ', 'કબરો પણ ચાલી શકે છે.' જેવી વાર્તાઓ સફળતા પ્રાપ્ત કરે છે. તારિણી દેસાઈનો બીજો વાર્તાસંગ્રહ 'રાજા મહારાજાની જે' ૧૯૯૨માં મળે છે.આ સંગ્રહમાંની પણ કેટલીક નોંધપાત્ર વાર્તા ધ્યાનપાત્ર બની છે.

➤ રમેશ પારેખ

કવિ, ગીતકાર તરીકે રમેશ પારેખનું એટલું મોટાગજાનું નામ અને કામ છે કે વાર્તાકાર રમેશ પારેખ તેની નીચે દબાઈ ગયા છે. પ્રયોગશીલ વાર્તાકાર અને લોકપ્રિય જનચેતનાનો ઉત્તમોત્તમ ગીતકાર રમેશ પારેખ શૂર શબ્દ-લયને વાર્તામાં ઘૂંટે છે અને તેમાંથી પ્રગટે છે. વાર્તાસંગ્રહ 'સ્તનપૂર્વક' ૧૯૮૩, પ્રમાણમાં કેટલીક સ-રસ વાર્તાઓ આપી છે.

ઉપરોક્ત જે વાર્તાકારોની વાર્તાઓની વિશેષતા મર્યાદા તથા તેમના સારા નરસા પાસાઓ અંગે ચર્ચા વિચારણા કરી તેથી કહી શકાય કે આ બીજા તબક્કાનાં વાર્તાકરોએ પરંપરા સાથેનો નાતો જાળવી રાખીને તેઓ ભાવકને ભૂલ્યા સિવાય વાર્તામાં સફળતાપૂર્વક પ્રયોગો કર્યા છે. આ પ્રવાહના વાર્તાકારોએ પ્રત્યાયનને અવગણ્યું નથી એ તેમનું જમા પાસું ગણી શકાય.

➤ આધુનિકોત્તર વાર્તાકારો

"માત્ર ૮૦ વર્ષની ઉંમરમાં ટૂંકીવાર્તાના સ્વરૂપે જેટલા સ્થિત્યંતરો જોયાં છે. તેટલા કદાચ અન્ય સાહિત્યસ્વરૂપોએ નથી જોયાં, આપણા સર્જકની અવનવા સાહસો કરવાની વૃત્તિ અને આ સ્વરૂપની શક્યતાઓને તાગવાની મથામણમાં સર્જકતા, સ્થગિતતા, પ્રયોગશીલતા, કૃતકતા, નવીનતા જેવા ઘણા મુકામો આવ્યા ને ગયા. પડતી આખડતી, ધૂળ ખંખેરીને ઉભી થતી વાર્તાને દરેક મુકાને કંઈક નવો પાઠ શીખવા મળ્યો છે. દરેક તબક્કે સર્જકતાના પ્રબળ ઉન્મેષ ધરાવતી, વાર્તા સ્વરૂપની શક્યતાઓની સીમાઓને વિસ્તારતી વાર્તાઓ મળી છે. તો ગતાનુંગતિક કૃતક, રેઢિયાળ ગદ્યના નમૂના સમી, વાર્તારસના ઘૂંટડા નહી પણ કૂંડાં પાતી વાર્તાઓના પણ ઢગ ખડકાયા છે."[૧૪૮] આ શબ્દો છે. આજના આપણા પ્રથમ પંક્તિના વિવેચક અને ટૂંકીવાર્તાના કડક પરીક્ષક નિરીક્ષક તથા આ સાહિત્ય સ્વરૂપના ઉંડા અભ્યાસી શરીફા વીજળીવાળાના.

વાર્તાપ્રવાહના આ ત્રીજા તબક્કામાં ઉપરના બંને પ્રવાહોથી ફંટાઈને પ્રયોગશીલતાના નામે જે દુર્બોધતાનું વાતાવરણ છવાયું હતું. અને તેના કારણે સર્જક ભાવક વચ્ચે અંતરાલ ઉભો થયો હતો. માનવીય ચૈતસિકવૃત્તિને ઝીણવટપૂર્વક સૂક્ષ્મતાથી આલેખવા પર ભાર મૂકતા આ સર્જકો કળા પ્રત્યે અને વાર્તાના માળખાને વફાદાર રહે છે. કોઈની અસરમાં કે પ્રભાવમાં આવ્યા સિવાય કે કોઈ પૂર્વગ્રહોમાં સપડાયા વિના આંતરિક સૂઝથી માત્રને માત્ર વાર્તાની સાથે જ નિસબત ધરાવી મથામણ કરે છે. સંજોગોને આધીન રહીને ટૂંકીવાર્તાએ એનું કલેવર બદલ્યા કર્યુ છે. દાયકે દાયકે પલટાતી જતી પરિસ્થિતિ જમાનાને વશવર્તીને ચાલે છે. માનવના વેરવિખેર થઈ ગયેલા વ્યક્તિત્ત્વની રેખાઓ ટૂંકીવાર્તાના સર્જકોના ધ્યાનમાં આવે ત્યારે એને વૈશ્વિક અનુભવ લેખે લઈને વાર્તાનું સર્જન કરનાર સર્જકો વિશેષ સમર્થ પુરવાર થાય છે.

➤ ભગવતીકુમાર શર્મા

ભગવતીકુમાર શર્મા વાર્તાક્ષેત્રે પ્રથમ વાર્તાસંગ્રહ 'દીપ સે દીપ જલે' ૧૯૫૮થી કરે છે. તેમનો વિકાસ પરંપરામાંથી પ્રયોગલક્ષી બન્યો છે. આજના આધુનિક સર્જકોમાં ભગવતીકુમાર શર્માએ વિપુલ પ્રમાણમાં વાર્તાઓનું સર્જન કર્યુ છે. ઈયતા અને ગુણવત્તા એમ બંને રીતે તેમનું સાહિત્ય સમૃદ્ધ છે. 'દીપ સે દીપ જલે' થી શરૂ કરી 'હૃદયદાન' ૧૯૬૧, 'રાતરાણી' ૧૯૯૪, ૧૯૯૭, 'મહેક મળી ગઈ' ૨૦૦૩, 'છિન્નભિન્ન' ૧૯૬૭, 'તમને ફુલ દીધાનું યાદ' ૧૯૯૪, 'કંઈ યાદ નથી' ૧૯૭૪, 'વ્યર્થનો કક્કો', 'છળ બારાખડી' ૧૯૭૯, 'અડાબીડ' ૧૯૮૫, 'અકથ્ય' ૧૯૯૪, અને 'ભગવતીકુમારની શ્રેષ્ઠવાર્તાઓ' ૧૯૮૭ વગેરે સુધીની તેમની અસ્ખલિત વાર્તાયાત્રામાં ઘણા બધા સ્થિત્યંતરોના તેઓ સાક્ષી રહ્યા છે. આ બધાનો સુભગ સમન્વય તેમની વૈવિધ્યસભર વાર્તાઓમાં જોવા મળે છે. આ સર્જક પાસે અનુભવનું અમૂલ્ય ભાથું છે. તેનો લાભ તેમની વાર્તાને મળ્યો છે.

➤ ધીરુબહેન પટેલ

ધીરુબહેન પટેલ કહે છે કે તેમ ટૂંકીવાર્તા અને લેખકનો સંબંધ નિરાળો હોય છે. ધીરુબહેન પટેલે 'ટાઢ' ૧૯૮૭, 'જાવલ' ૨૦૦૧ એમ બે વાર્તાસંગ્રહો માનવમનના ઉંડાણમાં પડેલ ભાવનાશીલતા, મનોવ્યથા, વેદના સંવેદના વગેરે વૃત્તિઓનું ઝીણવટભર્યુ કાંતવામાં ધીરુબહેનને અચ્છી ફાવટ છે. તેના ઉદાહરણરૂપે 'ટાઢ' વાર્તા જોઈએ તો તેમાં બાળક તેના મિત્ર સાથે શરત લગાવે પછી અવાવરુ કૂવા પાસે જાય છે. ત્યારે તેના મનમાં ચાલતી ગડમથલ તાદશ રીતે નિરૂપાઈ છે. ધીરુબહેન પટેલનું અનુભવવિશ્વ વ્યાપક છે. આ વાર્તાકારની 'મમ્મી નામનો પરપોટો', 'અંગત અનુભવ', 'દસ્ટોદસ્ટ', 'શૂળ' કે 'ટાઢ' વગેરે જેવી વાર્તામાં તેઓ પૂરા ખીલ્યા છે.

➤ ધીરેન્દ્ર મહેતા

આ સર્જક પ્રથમ વાર્તાસંગ્રહ 'સન્મુખ' ૧૯૮૫થી ભાવક સમક્ષ સન્મુખ થાય છે. કચ્છની ખમીરવંતી ધરતીને તેઓ નવ્યરૂપ આપે છે. તેના ગર્ભિતસંકેતો 'સન્મુખ' વાર્તાસંગ્રહમાં વણાયા છે. 'સન્મુખ' અને 'અકારણ' વાર્તાઓમાં સ્ત્રીના આંતર બાહ્ય સંઘર્ષની સ્ત્રીઓની કરમકથનીને તેમણે વાચા આપી છે. તદ્‌પરાંત 'ફાળ', 'આંચકો', 'ઘટના', 'નીરજ' વગેરે વાર્તાઓ સંતપર્ક બની છે. ટૂંકીવાર્તા ના એક સભાન સર્જક તરીકે કામ કરવાનું બીડું આ સર્જકે ઉપાડ્યું અને તેમાં મહદ્‌અંશે સફળ પણ રહ્યા છે.

➤ વર્ષા અડાલજા

આ સર્જકમાં ઊર્મિનો અતિરેક, ભાવનાશીલતા, લાગણીશીલતા એ તેની સિદ્ધિ અને મર્યાદા બંને છે. તેમની પાસેથી 'એ' ૧૯૭૯, 'એંધાણી' ૧૯૮૯ અને 'વિયેના વુડ્ઝ' ૧૯૮૯ એમ ત્રણ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે.તેમની 'એંધાણી' વાર્તાસંગ્રહમાંથી 'રીતુ નામની એક છોકરી' અને 'એક પ્રણય કથાનો અંત એટલે કે આરંભ' બીજી વાર્તાઓથી અલગ પ્રકારનો માહોલ સર્જે છે.

આ ઉપરાંત 'હરિ મને આપો એકાદી એંધાણી' અને 'ફૂલોની સુગંધનું નામ શું ?' કે 'બદ્રીકેદાર' વગેરે જેવી વાર્તાઓમાં ઉર્મિમાંધતા કે વધારે પડતી લાગણી વાર્તાને મોળી પાડી દે છે. 'વિયેના વુડ્ઝ' સંગ્રહની 'પ્રેમનગર' અને 'ભારત વિજય'ની હળવીફૂલ વાર્તાઓ છે.

➤ કુન્દનિકા કાપડિયા

આ લેખિકા પાસેથી 'જવા દઈશું તમને' ૧૯૮૩ 'પ્રેમના આંસુ', 'કાગળની હોડી' ૧૯૭૮, 'મનુષ્ય થવું' ૧૯૯૦ વગેરે વાર્તાસંગ્રહ પ્રાપ્ત થાય છે. આ સંગ્રહોમાંની કેટલીક વાર્તા નરેશ વેદને જીવનના મર્મો પ્રગટાવતી વાર્તા લાગી છે. મનુષ્યની કથા શ્વાસના પહેલા કિરણથી થાય છે. અને મૃત્યુના નિસ્પંદ અંધકારમાં ઢળી જાય છે. વાર્તામાં 'સાથ', 'ચળકાટ' તો! 'મુક્તિ', 'નિયતિ', 'કાગળની હોડી', 'ફ્લાવરવેલી', 'દરિયાની સાક્ષીએ ઢોળાયેલી સુગંધ', 'મિલન' વગેરે સુખાન્ત વાર્તાઓ છે.

તમને અને 'અભાવ' આ બંને વાર્તાઓનું કલાત્મક સૌંદર્ય નિખરી આવે છે. આ ઉપરાંત 'ભર્યું ઘર', 'પસંદગી', 'વરસે છે.', 'સંપૂર્ણ સુંદર પળે' વગેરે વાર્તાઓમાં પારદર્શકના નિરાળી પ્રવાહિતા અને તેમની ભાવના ચિંતનના રસાયણમાં એકરૂપ થઈને પ્રગટે છે.

➤ ઈલા આરબ મહેતા

તેમના વાર્તાસંગ્રહમાં 'એક સિગરેટ એક ધૂપસળી' ૧૯૮૧, 'અતિથિગૃહ' ૧૯૮૮, 'બળવો, બળવી, બળવું' ૧૯૯૮ એમ ત્રણ વાર્તાસંગ્રહો આપે છે. કેટલીક વાર્તાઓ જે પ્રત્યક્ષ થયેલા અનુભવો કલાત્મક પરિણામ પ્રાપ્ત કરી શકી નથી. અમુક વાર્તાઓ ઘટનાના ભારની નમી ગઈ છે. જેમાં 'તારે પ્રેમમાં પડવું છે?', 'અધિકારી', 'ધન્યા તદંગ રજસા', 'ઉછેર', 'સાથે હોવાનું સુખ' જેવી વાર્તાઓનો નમ્રતા સાથે સમાવેશ કરી શકાય.

➤ ઉત્પલ ભાયાણી

'હેલો' ૧૯૮૩, 'નિમજ્જન' ૧૯૭૮, 'ખતવણી' ૧૯૯૫ એમ ત્રણ વાર્તાસંગ્રહો આપે છે. આ સર્જક આધુનિક ખરા પણ તેમની વાર્તાઓમાં દુર્બોધતા નથી. 'ખતવણી' વાર્તાસંગ્રહથી વધારે જાણીતા થયા વાર્તાક્ષેત્રે તેમનું ખાતું મજબૂત બન્યું છે.

આ વાર્તાકારની 'આધુનિક પ્રેમીઓની છેલ્લી મુલાકાત', 'વારતા રે વારતા', 'તેજ તિમિર', 'રંગભેદ', 'અરીસો' વગેરે વાર્તાઓમાં જોવા મળે છે. 'હેલો' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં જુદા જુદા પ્રયોગોનું નિરૂપણ કર્યુ છે. તેમની 'માખીઓ' વાર્તામાં વાર્તાકળાનું સૌંદર્ય કંઈક જુદી જ રીતે અભિવ્યક્ત થયું છે. 'ઉત્પલ' ખતવણીથી નવો ચીલો ચાતરે છે. તેમાં 'વાર્તાકાર', 'હુમલો', 'ખતવણી', 'પ્રદર્શન', 'દૃષ્ટિ' વગેરે વાર્તા નોંધપાત્ર છે.

➤ વિજય શાસ્ત્રી

આ વાર્તાકાર જુદી જુદી રીતે વૈવિધ્યસભર વાર્તાઓ આજ પર્યંત લખતા રહ્યા છે. જેમાં ઘટના કેન્દ્રસ્થ હોય તેવી અને ઘટનાહ્રાસવાળી એમ બંને રીતિઓને અજમાવતી તેમને કેટલીક ઉત્તમ વાર્તાઓ આપી છે. તેમની પાસેથી કુલ પાંચ વાર્તાસંગ્રહો મળે છે. જેમા 'મિસિસશાહની એક બપોર', 'અહીં તો', 'હોવું એટલે હોવું', ઈત્તરેત્તર અને 'ઈત્યાદિ' વગેરે.

'અહીં તો' સંગ્રહની વાર્તા, '૧૨, દર્શન સોસાયટી', 'અહીં તો', 'બીજા ગાંધીની પહેલી વારતા', 'શૈલજા' વગેરે વાર્તા રાધેશ્યામ શર્માને સ્પર્શી ગઈ છે.

➤ શિરીષ પંચાલ

તેમની પાસેથી 'અંચઈ' ૧૯૯૩-૯૭ 'આયનો' ૨૦૦૪ એમ બે વાર્તાસંગ્રહો મળે છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'અંચઈ' પ્રગટ થયો ઠેઠ ૧૯૯૩માં પરંતુ તેમનું વાર્તાલેખન તો છેક ૧૯૬૦-૬૧થી સુરેશ જોષીના સાનિધ્યમાં શરૂ થયેલ તેમની વાર્તાઓ 'પીતાંબરના આરામ', 'ચાંદની', 'આરાધના', 'વલ્લરી', 'વર્ષા' વગેરે સામયિકોથી આ દિશાની સાધના આરંભાય છે.

'અંચઈ'માંથી પસાર થતા બધી જ વાતો પરસ્પરથી જુદી પડે છે. વાર્તામાંથી નીપજતી કલાત્મકતા એક નવા જ દૃષ્ટિકોણને તાંકે છે. તેમાં 'હેવલી', 'કોશેટો',

'મજૂર' અને 'અંચઈ' વાર્તાઓ આ દિશાની છે. 'આયનો' વાર્તાસંગ્રહમાં આઠ વાર્તાઓ છે. આજનું કલુશિત કળણ જેવું વાતાવરણ માનવીયતાનો થતો ક્રમિક મૂલ્યહ્રાસ, વર્ણભેદ, વર્ગભેદ, જ્ઞાતિભેદ, સંપ્રદાયભેદ, વગેરે આ સર્જકને અંદરથી વિહ્વળ બનાવી દે છે. તેમની 'ઓરમાંથી બહાર', 'વેર અવેર', ગોધરા હત્યાંકાડ પછી જે જઘન્ય કાળજું કંપાવી નાખનારી ઘટના ઘટી તે 'ઝુબેદા અને કલ્લોલમા' તાદશ રીતે આલેખાયું છે. આ વાર્તામાં કેન્દ્રસ્થાને માનવી છે.

➤ સ્વ. ભૂપેશ અધ્વર્યુ

આ વાર્તાકારનો હિસાબ આપણને 'હનુમાનલવકુશમિલન' વાર્તાસંગ્રહમાંથી મળી રહે છે. જેમાં સોળ જેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. આપણા પ્રથમ હરોળના વિવેચકો વાર્તા મર્મજ્ઞો રમણ સોનીને શરીફા વીજળીવાળાએ આ અંગે અફસોસ વ્યક્ત કર્યો જ છે. ભૂપેશે તેના સર્જનના બળથી સાતમા આઠમા દાયકાના નોંધપાત્ર વાર્તાકાર તરીકે ટટ્ટાર ઊભા રહી શકે તેવું તેનું સર્જકત્ત્વભર્યું કાઠું હતું. ભાષા પાસેથી એણે કસીને કામ લીધું છે. આ સંગ્રહની વાર્તાના વર્ણનોમાં સર્જકનાત્મક વિનિયોગ દાખવતી વાર્તામાં 'અંત', 'પેટ', 'આરોહ', 'લીમડાનું સફેદ ઝાડ', 'એક ખંડ આ' વગેરે વાર્તાઓમાં તેઓ સફળ રહ્યા છે. સૂક્ષ્મનિરીક્ષણ શક્તિ એ આ સર્જકનું જમા પાસું છે. એ તેની સર્જકતાનો આગવો વિશેષ બને છે. સ્ત્રી પુરુષના જાતીય દૈહિક સંબંધના સ્તરે રચાયેલી 'બાય.....બા..ય' વાર્તા મહત્ત્વની પૂરવાર થાય છે.

'હનુમાનલવકુશમિલન' વાર્તા કદાચ સૌથી વધુ નોંધપાત્ર નીવડી છે. આ વાર્તા તેના વાર્તાકારને યશ અપાવે છે. આ ઉપરાંત તેમની પાસેથી 'લીમડાનું સફેદ ઝાડ', 'છિનાળ', 'એક ખંડ' વગેરે વાર્તાઓ ભાવક પક્ષે પરિશ્રમ માગી લે તેવી છે.

➤ પ્રવીણસિંહ ચાવડા

એક માત્ર ટૂંકીવાર્તાના સાહિત્યસ્વરૂપને વરેલા આ વાર્તાકાર પાસેથી 'સુગંધિત પવન' ૧૯૯૮, 'નવું ઘર' ૧૯૯૯, 'નાટકના પાત્રનો પ્રવેશ' ૨૦૦૧ અને 'વનદેવતા' ૨૦૦૨ એમ ચાર વાર્તાસંગ્રહો સાંપડે છે. તેમાં વાર્તાઓની ભરતી જોવા મળે છે. 'સુગંધિત પવન', સંગ્રહની 'ચાર બિલાડીઓ', 'બારી પાસેનો દરિયો', 'ભૂતાવળ' જેવી વાર્તાઓ તેમજ 'નવું ઘર' સંગ્રહની 'શ્રી બુદ્ધિચંદ્રનો વિજય', 'હાથ મારે નાચને ?', 'છેલ્લી વાત', 'વાર્તા લખ....', 'છેલ્લો બહારવટિયો', 'મનુ મારી

સખી' વગેરે વાર્તાઓ પ્રમાણમાં ચઢિયાતી ઉતરતી એમ બંને પ્રકારની વાર્તાઓ સાંપડે છે. માનવજીવનની લાચારી કે બિચારાપણું 'લાચારી', 'પંખી અને આકાશ', 'ચાકરી' તથા 'પારેવડા વગરનું' વગેરે વાર્તાઓમાં સુરેખ રીતે નિરૂપણ થયું છે.

➤ **વીનેશ અંતાણી**

પ્રથમ વાર્તાસંગ્રહ 'હોલારવ' ૧૯૮૩માં પ્રગટ થયો. બીજો વાર્તાસંગ્રહ 'રણઝણવું' ૧૯૮૯, ત્રીજો વાર્તાસંગ્રહ 'અહીં કોઈ રહેતું નથી.' નામે ૨૦૦૧માં મળે છે. તેમની વાર્તાઓમાં 'તું', 'ખાલી પ્લેટફોર્મ','શ્વાસનળીમાં ટ્રેન' વગેરે ભીના સંવેદનનોની કોમળ અભિવ્યક્તિ તેમની અને વાર્તાઓની ઉજળી બાજુ છે. 'કોરો સારંગ', 'સાંઢણી' જેવી વાર્તાઓ વાંચતા જયંત ખત્રીની 'ધાડ'ની સાંઢણીનું સ્મરણ થાયે અને આ વાર્તા તેના પરિવેશને કારણે આસ્વાદ્ય બને છે. વાતાવરણની આબોહવા ઊભી કરવામાં આ લેખકને કોઈના આંબે એ તેમની સશક્ત કલમથી પરખાય આવે છે. 'અહીં કોઈ રહેતું નથી.', 'સત્તાવીસ વર્ષની છોકરી', 'બારી પાછળ વાદળ', 'છપ્પર', 'સંચાર' વગેરે જેવી વાર્તામાં તેમની કલમ પૂર બહારમાં ખીલી છે.

➤ **હિમાંશી શેલત**

વાર્તાક્ષેત્રે હિમાંશી શેલત એક સશક્ત હસ્તાક્ષર છે. 'અંતરાલ' ૧૯૮૭, 'એ લોકો' ૧૯૯૭, 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' ૧૯૯૨,૯૮, 'સાંજનો સમય' ૨૦૦૨, તથા 'ખાંડણિયામાં માથું' વગેરે પાંચ વાર્તાસંગ્રહો તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. તેમના 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાસંગ્રહને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દિલ્લીનું પારિતોષિક પ્રાપ્ત થયું. આ ચારે વાર્તાસંગ્રહોની વાર્તા દ્વારા હિમાંશી શેલત આ પેઢીના અગ્રણી વાર્તાકારોમાંના એક છે. વાર્તાકાર તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરે છે. તેમની વાર્તાઓમાં મધ્યમવર્ગના સુખી સંપન્ન, ભણેલા-ગણેલા, નોકરી વ્યવસાયમાં જોડાયેલા તેમની સંવેદનાને નાની મોટી કુટુંબજીવનની આંતરબાહ્ય સમસ્યાઓની તેમની વચ્ચે ભીંસાતા માનવી તેમની ચૈતસિક મનોવૃત્તિ વગેરે વિષય બનીને આવે છે.આધુનિક વાર્તાકારોની વાર્તામાં દેખા દેતા હતાશા, એકલતા, વિષાદ, શૂન્યતા વગેરે પણ અહીં હાજર છે. આ સર્જકની વાર્તાની ખૂબી ભાષાની તાજગીમાં રહેલી છે. તેમની 'અંતરાલ', 'ઈત્તરા', 'અવલંબન', 'અકબંધ', 'બળતરાના બીજ' વગેરે સબળ વાર્તાઓ છે.

હિમાંશી શેલતનું વાર્તાનું વાતાવરણ અનોખી રીતે વેશ્યાજીવનની વાર્તા દ્વારા ખડું થાય છે. તેમાં 'બારણું', 'કિંમત', 'બળતરાના બીજ' અને 'બીજો કોઈ માણસ' વગેરે વાર્તાઓ તેનું પ્રતિનિધિત્વ કરે છે. 'એ લોકો' સંગ્રહની વાર્તાસૃષ્ટિ વેશ્યાજીવનથી પીડાતી નારીની વ્યથા સૃષ્ટિ છે. તેમની અન્ય વાર્તાઓમાં 'જાગીર', 'હેવમોર', 'હેવનથીંગ', 'મુઠ્ઠીમાં એ નામ', 'શરમ વિનાનો', 'સાંજનો સમય', 'પ્રેમપદારથ', 'સુવર્ણફળ' વગેરે વાર્તાને ભાવક પૂરા આદરથી વધાવી છે. આ સર્જક કળા પ્રત્યે પૂરા વફાદાર રહે છે અને એ જ તેમની વાર્તાની સફળતાનું રહસ્ય છે.

➤ **હરીશ નાગ્રેચા**

'તું બોલને', 'અને છતાં પણ' આ બે વાર્તાસંગ્રહનો દ્વારા વાર્તાકારોની યાદીમાં હરીશ નાગ્રેચાનું નામ તેના કામને કારણે ઉમેરાય છે. 'તું બોલને...' વાર્તાસંગ્રહમાં આ સર્જક પરંપરામાં પગ રાખી પ્રયોગશીલતા સિદ્ધ કરવા મથી રહ્યા છે. મોટાભાગની વાર્તામાં શૂન્યતા, એકલતા, નિઃસહાયતા નજરે પડે છે. તેમાં 'ખલેલ', 'નલ્લી', 'સુમન મળી હતી', 'કાગ', 'દર્પણ અને ફેરિયો', 'દીવા પરની જાળ', 'તું બોલને' વાર્તા ભાવકને વાર્તાસૃષ્ટિમાં વિહાર કરવા લલચાવે છે. વાર્તામાં ગદ્યની તાજગી લેખકનું જમા પાસું છે.

➤ **રમેશ ર.દવે**

'શબવત્' જેવી વાર્તાથી ભાવકોનું ધ્યાન ખેંચ્યું છે. પાછળથી આ શીર્ષક આધારિત વાર્તાસંગ્રહ 'શબવત્' ૧૯૯૫માં આપે છે. તેમનો બીજો વાર્તાસંગ્રહ 'જલાવરણ' ૨૦૦૧માં પ્રગટ થયો. તેમની પાસેથી 'બીલીપત્ર', 'ગોરેનંદ', 'યશોદા ગોરી', 'બપોરની ટપાલના બે પત્રો', અને કંઈક થયું તો ?' વગેરે જેવી આસ્વાદ્ય વાર્તાઓ મળે છે. ટૂંકીવાર્તાક્ષેત્રે નામના કાઢનાર આ વાર્તાકારને તેમના જ શબ્દોમાં કહીએ તો 'આપણે જેનામાં ગળાડૂબ હોઈએ તે ક્યારેક આપણને ડૂબાડી દે એવી પણ સંભાવના છે.

➤ **પરેશ નાયક**

વાર્તાનો આ જણ 'પાંચ સારાં જણ' ૧૯૯૯ નામે વાર્તાસંગ્રહ આપે છે. પરંપરા અને પ્રયોગશીલતા, આધુનિકતા એમ ત્રિવિધ તરેહોની સરહદોને આ વાર્તાકારે સ્પર્શી છે. પરંપરાથી આ વાર્તાકારને જુદા પાડતી વાર્તાઓમાં 'અરીસાના કાચનો

ટુકડો', 'નદી', 'નામ', 'પીઠ', 'બાજી', 'પૂતળાં અને પતંગિયું', અને 'ખાંડ' વગેરે વાર્તામાં આધુનિકતાના અસર છવાયેલી છે. આ સર્જકની ઉત્તમ વાર્તા 'પરપોટો'માં તેમની કલમનું તેજ જોવા મળે છે.

➤ કિરીટ દૂધાત

ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે દશમા દાયકાના ખમીરવંતા સર્જકોમાં કિરીટ દૂધાતના નામને નિઃસંકોચપણે આગળ મૂકી શકીએ. 'બાપાની પીપર' તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. તેમ છતાં પણ અનુઆધુનિક વાર્તાકારોમાં કિરીટ દૂધાત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. 'બાપાની પીપર' વાર્તાસંગ્રહમાં કુલ અગિયાર વાર્તાઓ છે. તેની વિશિષ્ટતા એ છે કે 'મૂંઝારો' સિવાયની વાર્તાઓમાં કાળું વાર્તાઓનો નાયક છે.આ ક્ષણે મધુરાયનો હરિયો યાદ આવે પ્રતીક, કલ્પન, કથનરીતિનો સફળતાપૂર્વક વિનિયોગ તેમની વાર્તામાં થયો છે. એક સબળ સફળ વાર્તાકાર તરીકે સ્થાપતી વાર્તામાં 'ભાય', 'બાયું', 'વી.એમ', 'પાવય', 'બાપાની પીંપર' અને 'મૂંઝારો' વગેરે વાર્તાઓ જુદી માટીથી ઘડાયેલી છે. તેમાં પણ 'લીલ' વાર્તા અનોખી રીતે નીપજી આવી છે. તેનું ભાવવિશ્વ નિરાળુ છે.

➤ બિપીન પટેલ

ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે બિપીન પટેલ ઉગતા તેજસ્વી વાર્તાકારોમાંના એક છે તેમના વાર્તાસંગ્રહ 'દશમન' ૧૯૯૯માં પ્રગટ થયો તેમાં પંદર જેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે.

આ વાર્તાસંગ્રહમાંની 'કસ્તર', 'ગ્રહણ', 'વોશીંગ મશીન', 'બૂફે', 'તદ્ દૂરે તદ્ દૂર' વગેરે વાર્તાઓ દ્વારા એક આશાસ્પદ વાર્તાકાર તરીકે ધ્યાન ખેંચ્યુ જ છે. વાર્તાકારનું કર્મ આ દીવાલને તોડવાનું છે.

➤ કંદર્પ દેસાઈ

ગુજરાતી ટૂંકીવાર્તા સાહિત્યક્ષેત્રે જે કેટલાંક ઉત્સાહી લેખકો વાર્તાનો એકડો ઘૂંટવા મથી રહ્યા છે. તેમાં કંદર્પ દેસાઈનો સમાવેશ કરી શકાય. આ આશાસ્પદ યુવાન વાર્તાકારની પ્રથમ ટૂંકીવાર્તા માત્ર અઢારમા વર્ષે 'સ્ત્રી'માં પ્રકાશિત થઈ હતી. 'કાંઠાનું જળ' ૨૦૦માં મળે છે. આ સર્જકની પ્રથમ વાર્તા 'ટૂંકી લીટી લાંબી લીટી' ૧૯૮૭માં 'સરવાણી'માં પ્રગટ થઈ ત્યારબાદ વાર્તાની ફૂટેલી આ સરવાણી આજ સુધી સુકાઈ નથી. વાર્તાયાત્રા આગળ ધપતી જ રહી છે.

➤ અંજલિ ખાંડવાળા

અંજલિ ખાંડવાળા વાર્તાકારની સાથે સાથે આકાશવાણીના કલાકાર પણ ખરા! એટલે તેનામાં શબ્દ અને સંગીતનો એમ બંનેનો સુભગ સમન્વય થયો છે. આ બંનેનું સાહસ તેની નસોમાં ઘોડાપૂરની જેમ વહે છે. સંગીતના સ્વરને શબ્દમાં મઢીને વાર્તામાં નિરૂપણ કર્યુ છે. વાર્તાસંગ્રહ 'આંખની ઈમારતો' ૧૯૮૮ પ્રગટ થયો આ સંગ્રહની વિશેષતા એ છે કે શબ્દો સ્ફૂર્તિવાળા તાજગીભર્યા છે તેનું પરિમાણ 'ઈન્દુભાઈ ગાયબ', 'શાપ મુક્તિ' અને 'શક્તિપાત્ત' જેવી કલાત્મક વાર્તાઓમાંથી પ્રગટ સાહિત્યિક સૌંદર્ય લેખિકાનું આંતરસૂઝનું સુંદર રમ્ય પરિણામ છે.

➤ ભારતી દલાલ

તેમનો વાર્તાસંગ્રહ 'એક નામે સુજાતા' ૧૯૮૫માં પ્રાપ્ત થાય છે. સમગ્ર તેમાંના પાત્રો ભણેલા ગણેલા હોવાથી સાહિત્યિક ભાષામાં વાત કરે ત્યારે મુખર બની જવાનું ભયસ્થાન ડોકાય છે. આ લેખિકાને સુરેશ જોષીના સાનિધ્યમાં વાર્તાના પાઠ ભણાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

➤ હર્ષદ ત્રિવેદી

વાર્તાકળાની પરખ સાથે 'જાળિયું' ૧૯૯૪ વાર્તાસંગ્રહ આપે છે. આ સંગ્રહની દસ વાર્તાઓમાં 'સોનું', 'જળો', 'જાળિયું', 'પરું', 'કમળપૂજા', 'સાહેબ', 'આઢ' તથા 'અપૈયો' વગેરે વાર્તા વિષયવૈવિધ્ય અસરકારક લાઘવયુક્ત ભાષા તેમજ જુદી-જુદી કથનરીતિનો વિનિયોગ કર્યો છે. આ વાર્તાકાર માનવમનની ચૈતસિક ગતિવિધિઓ આલેખવામાં સફળ રહે છે.

➤ રામચન્દ્ર પટેલ

પ્રથમ વાર્તાસંગ્રહ 'સ્થળાંતર' ૧૯૯૬મા પ્રગટ થયો. પરંતુ તે પહેલા છેક ૧૯૫૭થી વાર્તામાં હાથ અજમાવતા રહ્યા છે. બીજો વાર્તાસંગ્રહ 'બગલથેલો'માં આવી કેટ-કેટલી સ્ફોટક જીવનરહસ્યની સામગ્રી ભરી છે. આ વાર્તાકારના સર્જનમાં તીવ્ર લાગણીના તત્ત્વની સાથે ઘેરું સંવેદન ભળે છે. વાર્તાકારનો જીવાતા જીવન સાથે વધારે ઘરોબો છે. જે તેમની 'યજ્ઞ', 'તરસ', 'દેવપુરુષ', 'ગંધ', 'કન્હાઈ', 'જળરાણી' વગેરે વાર્તાઓમાં જોઈ શકાય છે.

➤ પિનાકીન દવે

આ વાર્તાકાર પાસેથી 'તુપ્તિ' ૧૯૭૦, 'ડૂબતા અવાજો' ૧૯૭૭ એમ બે વાર્તાસંગ્રહો મળે છે. બંનેમાં કુલ ચુમાળીસ વાર્તા ગ્રંથસ્થ છે. તેમની વાર્તાઓમાં વિષયવૈવિધ્ય, વાર્તાના શીર્ષક ગુજરાતી હિન્દી મિશ્રિત ભાષાને કારણે નોખી ભાત પાડે છે. ઐતિહાસિક, પૌરાણિક સ્પંદનો 'માધવી' વાર્તામાં નિરૂપાયા છે. 'અકસ્માત' વાર્તાથી પ્રસિદ્ધિ પામ્યા છે. 'સત્ય ઘટના', 'કસ્મૈ દેવાય' તથા 'માણસ, કૂતરાને ચૂંટણી' વાર્તા તત્કાલીન પરિસ્થિતિનું તાદશ નિરૂપણ કરે છે. વાર્તાકારને યશ અપાવતી 'વેદનાસહ', 'સમય નામનું એક પ્રાણી', 'ડૂબતા અવાજો' વગેરે સરસ વાર્તા છે.

➤ પ્રાણજીવન મહેતા

ટૂંકીવાર્તાના આ પ્રવાહમાં જેમની વાર્તાઓ સત્વશીલતાને કારણે કાઠું કાઢી શકી છે તેવા વાર્તાકાર પ્રાણજીવન મહેતા છેક ૧૯૬૭થી આજસુધી વાર્તાલેખન કરતા રહ્યા છે. તેમની પ્રથમ વારતા 'અમારો સંબંધ', 'સંસ્કૃતિ'માં ૧૯૬૭માં પ્રગટ થઈ. ત્યાર પછી તો જુદા જુદા સામયિકો જેવા કે 'રુચિ', 'વિશ્વમાનવ', 'કંકાવટી', 'ગદ્યપર્વ','વિ' વગેરે સામયિકોમાં તેમની વાર્તાઓ પ્રસિદ્ધ થતી રહી અને નોંધપાત્ર વાર્તાકાર તરીકે ધ્યાન ખેંચતા રહ્યા. તેમનો વાર્તાસંગ્રહ 'પ્રા.કથન' ૧૯૯૭માં પ્રગટ થયો તેમાં પચ્ચીસ વાર્તાઓનો સમાવેશ થયો છે. આ વાર્તાકાર પાસેથી કલાત્મક અભિગમ દાખવતી વાર્તાઓમાં 'પીછેહઠ', 'સ્વ છેદ', 'મહાભિનિષ્ક્રમણ' તથા 'અમારો સંબંધ એક, બે, ત્રણ, ચાર અને ખાલી ખુરશી'ઓ વગેરે ધ્યાનાર્હ છે.

➤ વસુબહેન ભટ્ટ

તેમનો વાર્તાસંગ્રહ 'ઘડીક અષાઢ, ઘડીક ફાગણ' ૧૯૮૦માં કેટલીક વાર્તાઓ નારીપ્રધાન છે. જેમાં 'મને મારુ નામ આપો', 'ૐ સ્વાહા', 'ત્રીસ વરસની સગાઈ' વગેરે વાર્તાઓ તેનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની વાર્તાના શીર્ષક પરથી કહીએ તો વાર્તાની 'આતશબાજી' જોવા સહૃદયભાવક પાસે રુચિતંત્રવાળો 'કેલિડોસ્કોપ' હોવો અનિવાર્ય છે.

વસુબેનની કલમને વાર્તા એવી તો માફક આવી ગઈ કે ધડાધડ છ જેટલા સંગ્રહો આપે છે. જેમાં 'પાંદડે પાંદડે મોતી' ૧૯૬૩, ૨૦૦૨ 'સરસિજ', 'દિવસે

તારા રાત્રે વાદળ' ૧૯૬૮, 'માણારાજ', 'બે આંખી શરમ' ૧૯૯૭ વગેરે 'પાંદડે પાંદડે મોતી' વાર્તાસંગ્રહને ગુલાબદાસ બ્રોકર શબ્દના સૌંદર્યને નવાજે છે. આ લેખિકાની વાર્તા લાગણીશીલતા અને પ્રસ્તારને કારણે કથળી ગઈ છે. તેમ છતાં 'કૃષ્ણાર્પણ', 'કાંઈ ગમતું નથી.', 'ગુરુદક્ષિણા' ઉત્તમ વાર્તાઓ છે. વસુબેનના પગલે 'તરુલતા મહેતા' કોઈને કોઈ રીતે' તથા 'લાભુ બેન મહેતા' શોધ અને બીજી વાર્તા' સંગ્રહો આપે છે.

☛ લોકપ્રિય વાર્તાકારો

સૌથી મોટી સંખ્યામાં વાર્તાઓ લખનારો લોકપ્રિય વાર્તાકારોનો પ્રવાહમાં રજનીકુમાર પંડ્યા, દિલીપ રાણપુરા, મોહમ્મદ માંકડ, પ્રિયકાન્ત પરીખ અને ભૂપત વડોદરિયા મુખ્ય છે. તેમની પાસેથી ઘણી વાર્તાઓ મળે છે. પરંતુ ગુણવત્તાની દૃષ્ટિએ ઊભી રહી શકે તેવી પ્રમાણમાં ઓછી મળે છે.

➤ મોહમ્મદ માંકડ

આ સર્જકે ચાલીસ વર્ષમાં સવા બસો જેટલી વાર્તાઓ લખી. તેમના બધા મળીને દશ જેટલા વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં 'તપ', 'ક્યારે આવશો?', 'વાત વાતમાં', 'ના', 'ચોટ', 'મનના મરોડ', 'ઝાકળના મોતી', 'માટીની મૂર્તિઓ', 'સંગાથ' અને 'વળાંક' વગેરે.

આપણે ત્યાં વાર્તાસાહિત્યમાં જથ્થાબંધ વાર્તાઓ લખનારાઓની લાંબી યાદી છે. પરંતુ તેમાંથી તેમની વાર્તાઓ કલાત્મક વાર્તાકળાની દૃષ્ટિએ ટકી શકતી નથી. મોહમ્મદ માંકડે વાર્તાની શરૂઆત કોલેજકાળમાં ૧૯૪૮માં 'રહેસાતાં જીવન' વાર્તા 'અખંડ આનંદ'થી શરૂ કરેલ વાર્તાયાત્રા આજ સુધી અવિરત ચાલુ રહી છે.અમુક વાર્તાકારોએ તેમના કૌવત દ્વારા વાર્તાકાર તરીકે ચોક્કસ ધ્યાન ખેંચ્યું છે. પરંતુ તેની વ્યવસ્થિત નોંધ લેવાઈ નથી. મોહમ્મદ માંકડે તેની યાદી આપી છે. જેમાં બકુલેશ, ભૂપત વડોદરિયા, કેતન મુનશી, વનુ પાંધી, સુધીર દલાલ, અભેસિંહ પરમાર, રમણ પાઠક, કનુ અડાસી, રજનીકુમાર પંડ્યા, નાનાભાઈ જેબલિયા, સારંગ બારોટ, દિલીપ રાણપુરા વગેરે આ યાદીમાં આપણે મોહમ્મદ માંકડનો પણ ઉમેરો કરી શકીએ.

➤ રજનીકુમાર પંડ્યા

લોકપ્રિય વાર્તાકાર રજનીકુમાર પંડ્યા વ્યવસાયે પત્રકાર છે. 'ચંદ્રાદાહ' ૧૯૮૯ વાર્તાસંગ્રહથી વાર્તાકાર તરીકે જાણીતા બન્યા છે. તેથી ભાવક સમ સંવેદના અનુભવે છે. આ ઉપરાંત 'નક્કી?', 'મરદ', 'જુગાર', 'અંધારુ', 'વાહિયાત' અને 'સમાંતર' વગેરે વાર્તાઓ સ-રસ છે.

➤ દિલીપ રાણપુરા

'રાતોરાત' ૧૯૮૮માં વાર્તાસંગ્રહ પ્રગટ થયો, આ સંગ્રહની લગભગ મોટાભાગની વાર્તાઓ અરણ્યરુદન, જનચેતના, ગ્રામચેતનાને સ્પર્શતી વાર્તાઓ છે. આ વાર્તાકારની વાર્તાઓમાં માનવીની આશા, આકાંક્ષા, મમત્વનો ભાવ, તેની સમ-સંવેદના વગેરે વાર્તામાં હળવી શૈલીમાં નિરૂપાઈ છે. દિલીપ રાણપુરાની વાર્તાસૃષ્ટિના પાત્રો અભણ માણસ પરંતુ તેની કોઠાસૂઝ, હૈયા ઉલકત, ભલભલાને ભૂ પીવડાવે તેવી હોય છે. આ વાર્તાકારની કલમે તેનું ભાવવિશ્વ અંકિત થાય છે તેમની વાર્તાઓમાં 'તરસ', 'છગનકાકાનો ચંદુ', 'વગર વાંકે' વગેરે વાર્તાઓ આસ્વાદ્ય બની રહે છે. મનુષ્યનું મન કોઈ યાંત્રિક કેમેરો નથી. એક જ પરિસ્થિતિની અનેકવિધ છાપ એક સાથે યા એક પછી એક ચિત્તમાં ઉપસતી જ રહે છે. આ બધી જ મુદ્રાઓ અભિવ્યક્ત થતી રહે. એવો આકાર સર્જકે ઉભો કરવાનો છે.

☛ દલિતચેતના, ગ્રામચેતના, નારી ચેતના, નગરચેતના અને પરિષ્કૃત વાર્તાનું નિરૂપણ કરતા વાર્તાકારો

★ ટૂંકીવાર્તાક્ષેત્રે બદલાતા સ્થિત્યંતરો

સમયના પ્રવાહની સાથે સાથે માન્યતાઓ, રુચિઓ, સંવેદનતંત્ર વગેરે જમાને જમાને બદલાતાં રહે છે. અનેક પ્રકારની ઉથલ પાથલ, ઊહાપોહ, વાદ વિવાદ વચ્ચે પણ ટૂંકીવાર્તાની ગતિવિધિ પલટાતી રહે છે. આધુનિક ટૂંકીવાર્તાના ઘોડાપૂર ૧૯૮૦ની આસપાસ ઓસરવા માંડે છે. વાર્તાની નવી ક્ષિતિજો વિકસી તેની સાથે સાથે વાર્તાની નવી વિભાવના અસ્તિત્ત્વમાં આવી. તેના કારણે નવી સૂઝ-સમજ સાથે નવા સમર્થ વાર્તાકારો પણ આવ્યા. આપણે આગળ આધુનિક આધુનિકોત્તર વાર્તાકારોની વાર્તાઓ વિશે ચર્ચા કરી તેમાં મુખ્યત્વે ભગવતીકુમાર શર્મા, ધીરુબહેન પટેલ, વિજયશાસ્ત્રી, શિરીષ પંચાલ, પ્રવીણસિંહ ચાવડા, વીનેશ અંતાણી, હિમાંશી શેલત, રમેશ ર.દવે,

પરેશ નાયક, ચન્દ્રકાન્ત બક્ષી, રઘુવીર ચૌધરી, ઈવા ડેવ, સુમન શાહ, મધુરાય, રાધેશ્યામ શર્મા, સુવર્ણા વગેરે વાર્તાકારોએ તેમનો વાર્તાલેખનનો મિજાજ આજ સુધી જાળવી રાખ્યો છે. આ સંનિષ્ઠ સર્જકોની કલમ વાર્તાક્ષેત્રે આજપર્યંત સક્રિય રહી છે. આથી વાર્તારસિક ચાહકોનો આંનદ બેવડાય એ સ્વાભાવિક છે. આની સાથે એટલું ચોક્કસ ઉમેરી શકાય કે બદલાતી જતી તરેહોથી તેમની વાર્તાનું ભાવવિશ્વ બદલાયું છે. તેમની વાર્તાની ભોંય બદલાય છે. તેમાં પરિવર્તનની લહેર જોવા મળે છે. આ સર્જકોના મતે ટૂંકીવાર્તાનું સાહિત્ય સ્વરૂપ પ્રિય અને સહેલું લગતું અઘરું સાહિત્ય સ્વરૂપ છે.

ગુજરાતી ટૂંકીવાર્તામાં દરેક દાયકે અને દરેક તબક્કે જે પરિવર્તનો આવ્યા તેમાં પ્રથમ તબક્કો આરંભનો મથામણનો ગાળો કે પરંપરિત વાર્તાનો હતો. બીજો તબક્કો આધુનિકતાનો જ્યારે ત્રીજો તબક્કો પરંપરિત અને આધુનિક એમ બંને પ્રકારનો તથા ચોથો આધુનિકોત્તર વાર્તાને તબક્કો. આ બધામાંથી પસાર થતી વાર્તા આજે એક જુદી જ ધારા પર વિસ્તરી વિકસી રહી છે. જે રીતે પરંપરિત વાર્તા સામે પડકારો થયા અને આધુનિકતાનો જન્મ થયો તેમ આધુનિક આધુનિકતોત્તર વાર્તા સામે પડકારો ઉભા થયા જેના પરિણામ સ્વરૂપ આજની સાંપ્રત વાર્તાનો જન્મ થયો.

આજની સાંપ્રત વાર્તાને ચાર ભાગમાં વહેંચીએ જેમાં મુખ્યત્વે

- **દલિતચેતનાનું નિરૂપણ કરતી વાર્તા**

  દલિતો, પીડિતોના શોષણ, આક્રોશ, વ્યથા, રીત-રિવાજોને રજૂ કરતી વાર્તા.

- **પરિષ્કૃત વાર્તા**

  પરિષ્કૃત વાર્તામાં તળપદ, જનચેતના, આરણ્યકની ભોંય પર રચાતી વાર્તા.

- **નગર ચેતનાનું નિરૂપણ કરતી વાર્તા**

  નગરચેતનાનાં સૂક્ષ્મ સંવેદનો પ્રગટાવી નવા નવા સમીકરણો રચતી વાર્તા.

- **નારી ચેતનાનું નિરૂપણ કરતી વાર્તા**

  નારીનું આંતરબાહ્ય ભાવવિશ્વ તથા તેમની વ્યથા પીડાનું વ્યાકરણ વદતી વાર્તા

જે રીતે પંડિતયુગમાં વિદ્વાન સાક્ષરો પોતાની પંડિતાઈને કારણે ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરુપ તરફ તેમનું લક્ષ્ય ન ગયું તેમ આધુનિક ટૂંકીવાર્તાના સર્જકોએ તેમના બળકટ અવાજ દ્વારા પ્રયોગશીલતાની ધુનમાં કે કશુંક નવું કરવાની

ખોજવાની પામવાની લ્હાયમાં તેમના આવા વલણને કારણે આપણો આજ સુધી હડસાયેલો હાંસિયામાં રહી ગયેલો મોટા ભાગનો સમાજ તેની વેદના, વ્યથા તેની દયનીય સ્થિતિ વગેરે જાણે કે આ સર્જકોને સ્પર્શયા નથી. તેમના માટે આ ક્ષેત્ર આલેખવાનું ચૂકી જવાયું છે. માનવીય ચૈતસિકવૃત્તિ ગતિ મતિ પરિવર્તનશીલ રહી છે. સમય સાથે માનવી નખશીખ બદલાતો રહ્યો છે.

ભારતીય સમાજ સાગરપેટો અને વૈવિધ્યસભર છે. તેમાં અનેક જાતિ, ધર્મ, પ્રદેશના લોકો વસવાટ કરે છે. આ બધાની જાતભાતની રહેણીકરણી, રીત રિવાજો, સમસ્યાઓ, વગેરે આ સર્જકોની કલમે જાણે કે અવતરણ કરવું બાકી જ રહે છે. વાર્તામાં બોલી અને તળપદીશૈલીનો વિનિયોગ કરી તેના માધ્યમ દ્વારા આધુનિક કળાગત લક્ષણો સંદર્ભે આ સર્જકો દ્વારા વાર્તામાં તેનું સુખદ પરિણામ નીપજાવવાની અનેક શક્યતાઓ પડેલી છે.

આજનો સાંપ્રત વાર્તાકાર આધુનિક વાર્તાથી નોખા ચીલે ચાલી રહ્યો છે. આ વખતનું નોંધપાત્ર અને ધ્યાન ખેંચતું પરિબળ ભાષાકૌશલ્ય, તળપદી લોકબોલી તેની આબોહવા પરિસર તેના અનેકવિધ સ્તરો રહેલાં છે. તેના દ્વારા વાર્તામાં સૂક્ષ્મ સંવેદનો એટલી જ સહજતાથી સિદ્ધ કરી શક્યા છે. એમ કહેવામાં અતિશયોક્તિ નહિ લાગે કે આજની વાર્તા તેના રૂપેરંગે વધુને વધુ બલિષ્ઠ બનતી જાય છે.

અત્યારે ટૂંકીવાર્તાની જે રૂખ બદલાય રહી છે. તેમાં દલિત સાહિત્યની ધારામાં કેટલાક બળવાન સર્જકોમાં મોહન પરમાર, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્, જોસેફ મેકવાન, નીરવ પટેલ, પ્રવીણ ગઢવી, ભી.ન. વણકર, અજિત ઠાકોર, અનિલ વ્યાસ, ધરમાભાઈ શ્રીમાળી, અને બી. કેશરશિવમ્ વગેરે જેવા સમર્થ વાર્તાકારો પ્રાપ્ત થયા છે. આ વાર્તાકારોએ તેમની વાર્તામાં લોકબોલી, તળજીવન વગેરેનું તેનું વાસ્તવદર્શી નિરૂપણ તાજગીથી પૂરી સજ્જતા સાથે કર્યુ છે. કેટલાંક માન્ય વિવેચકો આ શક્તિસ્રોત કે ધારાને જુદા-જુદા નામાભિધાન આપ્યા છે. તેમાં આ પ્રકારની વાર્તાને પરિષ્કૃત વાર્તા, દલિત વાર્તા કે જનચેતના પરિવેશવાળી વાર્તા વગેરે દ્વારા પણ ઓળખવાનો પ્રયાસ કર્યો છે.

વાર્તાની વાત કરીએ એટલે આ સમયગાળાનાં મહત્ત્વના સામયિકો 'વિ' અને 'ગદ્યપર્વ' ને કેમ ભૂલાય ? કારણ કે આ સામયિકોમાં આ પ્રકારની વિવિધ મુદ્રાવાળી

વાર્તાઓ પ્રસિદ્ધ કરવાનું શ્રેય આ સામયિકોના ફાળે જાય છે. 'વિ'નો વિશેષાંક 'ગુજરાતી પરિષ્કૃત વાર્તાઓ' પ્રગટ થતાંની સાથે જ એક નવી જ ઉષ્મા આકરિત થાય છે, તેના સંપાદકો અજિત ઠાકોર અને મણિલાલ હ. પટેલે ગુજરાતી પરિષ્કૃત વાર્તાની વિભાવનાને સ્પષ્ટ કરી સમજાવવાનો પરિશ્રમ ઉઠાવ્યો છે. પરિષ્કૃત વાર્તા ગુજરાતી ચેતનાથી નગરચેતના, તળપદ જનપદ અને આરણ્યક ચેતના સુધીનો તેનો વ્યાપ વિસ્તર્યો છે.

આજના વાર્તાકારનો ઝોક તળપ્રદેશ તરફ વિશેષ રહ્યો છે તે કંઈક નવું કરવા સતત મથી રહ્યો છે. તેની ચેતોવિસ્તારની યાત્રા વૈશ્વિક સ્તર સુધી લંબાઈ છે. તેને હવે માત્ર ગુજરાતી જ રહેવું પાલવે તેમ નથી. ટૂંકીવાર્તાની કાયાપલટ થઈ તેની સાથે સાથે આપણી વિવેચનો અને વિવેચકની ભૂમિકા પણ બદલાઈ તેની ચેતના પણ ઊર્ધ્વમૂલ બની.

આ સમયગાળા દરમ્યાન દલિતવાર્તાની માંડણી થાય છે અને તે એક સશક્ત ધારા તરીકે ઉભરી આવે છે. તેની ક્ષમતા, પોત અને તેજને કારણે ધ્યાન ખેંચ્યુ છે. અત્યારે તો તેમાં જાણે કે ઘોડાપૂર આવ્યું હોય તેમ એક એકથી ચઢિયતા શક્તિશાળી સર્જકો પૂરી સજ્જતાસહ આ ક્ષેત્રે મજબૂત ડગ માંડી રહ્યા છે. વર્ષોથી ભારેલા અગ્નિની માફક રુંધાયેલો અવાજ લાવારસની જેમ આ સર્જકોની કલમમાંથી ભભૂકી ઉઠ્યો છે. આ વાર્તાકરોમાં માત્ર આક્રોશ કે વિદ્રોહ જ નહિ પરંતુ કલાત્મક ધોરણે પરિણામો પણ સિદ્ધ કર્યા છે.

આ પ્રવાહના સર્જકો સાથે તેમનો સૂર પણ ભળ્યો છે. આ સર્જકો ટૂંકીવાર્તાક્ષેત્રે કશુંક નિત્યનૂતન કરી રહ્યાની અવશ્ય પ્રતીતિ કરાવે છે, અનેક પ્રકારના વાદ વિવાદ, મનભેદ મતભેદ વચ્ચે પણ દલિત સાહિત્યે પોતાની આભા પ્રભા ઊભી કરી છે અને તેના કારણે તેમના સર્જકનાત્મક સાહિત્ય દ્વારા આગવી ઓળખ બની રહે છે. તેનું મૂલ્ય આંકીએ એટલું ઓછું ગણાય.

ગુજરાતમાં ૧૯૮૧ અને ૧૯૮૫માં અનામતના નામે જે હિંસાની હોળી સળગી તેમાં આ જાતિયુદ્ધના દાવાનળમાં કંઈ કેટલાંય દલિતો, દરિદ્રો, નિઃસહાયભરી અવસ્થામાં મરાયા, ભૂંજાયા, રહેંસાયા કે જીવતા સળગ્યા તેના પરિણામે દલિત સમાજમાં ચેતનાની ચિનગારી પ્રગટી તેની અસ્મિતા જાગ્રત થઈ ઉઠી. માનવતાવાદી

આ જાતિભેદ, વર્ગભેદ, વર્ણભેદ સામે જેમણે આખી જિંદગી હોમી દીધી તે ડૉ. બાબાસાહેબ આંબેડકરને પોતાના આરાધ્ય શક્તિપુરુષ તરીકે સામે રાખી તેમના જીવનમાંથી પ્રેરણા લઈ તેના ચીંધેલા ત્રિવિધ મંત્રો શિક્ષણ, સંગઠન, સંઘર્ષના માર્ગે આગેકૂચ કરી. તેના કારણે વર્ષોથી મૂક માનવીને પોતાના હૃદયમાં જાગેલી વિદ્રોહ વેદનાની ભાવનાને વાચા ફૂટી આ બધા પરિબળોના પરિણામ સ્વરૂપ આંદોલન રચાયું. આ અંગે ભી.ન. વણકર તેમની તેજસ્વી કલમે લખે છે-

"દલિત સર્જકોમાં અસ્તિત્વની અસ્મિતાની સંવેદના વિશિષ્ટરૂપે વ્યક્ત થવા લાગી. વિષાદની, વેદનાની, વિદ્રોહની ચોમેર વ્યાપેલી સંવેદના શબ્દરૂપે સર્જાવા લાગી. છિન્ન ભિન્ન થતો માનવી ભીતરથી છળી ઉઠ્યો. અન્યાય સામે ચિતકારી ઉઠ્યો, સામાજિક બહિષ્કારની ભયાનક વેદના એનું અંતર કોતરવા લાગી. 'न मनुषात् श्रेष्ठतरं हिकिंचित' 'માણસથી શ્રેષ્ઠ બીજું કશું નથી.' જેવા પોકળ આદર્શો સામે ભારતીય સમાજ પરંપરા સામે જાગ્રત ચિત્ત વિદ્રોહ કરવા પોકારી ઉઠ્યું. દલિત સમસ્યા સમાજના રુંવે રુંવે પ્રગટી ઉઠી. માનવીય અધિકારોને આહ્વાન મળ્યું, પરિણામે વાસ્તવસમાજને, સચ્ચાઈથી, પ્રામાણિકતાથી, ઉત્કટ અભિવ્યક્તિથી, સ્વાનુભૂત વેદનાથી, વિદ્રોહની બળૂકી બોલીમાં યુગચેતનાને અભિવ્યક્ત કરવાની દલિત સર્જકોને અનિવાર્યતા જણાઈ અને અનિવાર્યતાની નીપજ સમું, સાંપ્રત સમાજનો સંદર્ભ ધરાવતું સાહિત્ય દલિત સાહિત્યના નામે આજે ઓળખાવા લાગ્યું છે."[૧૦૧]

દલિત સાહિત્ય એ વીસમી સદીના ઉત્તરાર્ધના ભારતીય સમાજની સાહજિક છતાં વિશિષ્ટ નીપજ છે. હજારો વર્ષથી જેની વાચા અને દૃષ્ટિ હરી લેવામાં આવી હતી. જેના હાથ પગ બાંધી દેવામાં આવ્યા હતા. એવા એક વિરાટકાય પુરુષને આજે પહેલીવાર વાચા ફૂટી છે. આજ સુધી અસ્પૃશ્ય ગણાતા લોકોએ લખેલું કે તેમને વિશે લખાયેલું સાહિત્ય એટલે દલિત સાહિત્ય એવો સંકુચિત અર્થ 'દલિત સાહિત્યનો ન જ કરવાનો હોય' દલિત સાહિત્યની વ્યાખ્યાને વ્યાપક રીતે સ્પષ્ટ કરતા દીપક મહેતા કહે છે. "દલિત સાહિત્ય એ કોઈ એક વર્ગ કે વર્ણનું સાહિત્ય નથી. દુનિયામાં જ્યાં જ્યાં દલિત પીડિત, શોષિત ક્ષુધાર્ત સમાજ હોય તેની સાથે ચૈતસિક અને ભાવનાત્મક ઐક્ય નીપજાવી શકે તે દલિત સાહિત્ય" [૧૦૨]

૧૦૧. અનુસંધાન-ભી.ન. વણકર, પૃ.૬૯

૧૦૨. ગુજરાતી દલિત સાહિત્ય : સ્વાધ્યાય અને સમીક્ષા-સં. મોહન પરમાર, હરીશ મંગલમ્, પૃ.૨૧૭

દલિત સાહિત્યના કેન્દ્રબિંદુ પર માણસ ઉભો છે. દેવ, દેશ કે ધર્મ કરતા પણ માણસ વડેરો છે. સાંપ્રત વાર્તામાં એક બાજુ પ્રયોગશીલતાનું જોમ ઘટ્યું એટલે બીજી બાજુ સર્જકો વાસ્તવ સાથે સીધા સંપર્કમાં આવ્યા જેના કારણે માનવજીવનના સનાતન સત્યો, જીવનના રહસ્યો વગેરે તત્ત્વોને પામવા તત્પર થયો. તેમનું લક્ષ્યમાત્ર વાર્તા કલાત્મકતાની એરણે પાર પાડવાનું રહ્યું છે. એ તેમની સાચી દિશાની ગતિ છે. એમ કહી શકાય આ સર્જકોની નેમ જીવનની પૂરી બારીકાઈથી નીરખી સૂક્ષ્મ નિરીક્ષણો દ્વારા વાર્તાક્ષણ રચવાની રહી છે. આને કારણે ભાષા અને વાર્તા બંનેનું પોત બદલાય જાય છે.

સાંપ્રત વાર્તામાં અર્થના નૂતન સમીકરણો બદલાયા છે. પરંપરિત વાર્તામાં વાર્તાકાર જે ઉઘાડું પાડીને કે ખોલીને બતાવતો હતો, તેનો બોધલક્ષી અભિગમ હતો. તેવો અહિંયા નહિ જોવા મળે, આ વાર્તામાં તો સર્જકકૃતિની આંતરચેતનમાં તત્ત્વને ગોપિત રાખે છે. વાર્તામાં સંકેતસુત્રો કે ચાવીરૂપ ક્ષણ તરફ અંગૂલિનિર્દેશ કરી બાકીનું બીજું બધું સુજ્ઞ ભાવક પર છોડી દે છે. આ સર્જકનો વિશેષ તો વાણી વર્તન પર આધારિત રહે છે. તળપદા પરિવેશમાં લખાતી આજની સાંપ્રત વાર્તામાં વાણી વર્તન અને વ્યવહાર દ્વારા સિદ્ધ થતી વાર્તાઓએ સારું કાઠું કાઢ્યું છે. આ વાર્તાએ અનેક ઉચ્ચ પ્રકારની નૂતન શક્યતાઓ માપી છે. તાગી છે અને તાંકી છે. વાર્તાને કલાત્મક રીતે સિદ્ધ કરવામાં આ સર્જકોનો પરિશ્રમ એળે ગયો નથી. પરંતુ લેખે લાગ્યો છે. આખરે એવું કહી શકાય કે ઉચ્ચ શિખરની પાછળ પણ શિખરની પૂરી શક્યતા રહેલી છે.

➤ **મોહન પરમાર**

વાર્તાકાર મોહન પરમાર ગુજરાતી સાહિત્યમાં સુપ્રતિષ્ઠિત છે. આ સર્જક અનુઆધુનિક વાર્તાના અગ્રણી વાર્તાકાર છે. વાર્તામાં ઝીણું અને ગુણવત્તાવાળું કાંતતા આ વાર્તાકાર પાસેથી 'કોલાહલ' ૧૯૮૦, 'નકલંક' ૧૯૯૧, 'કુંભી' ૧૯૯૬ અને 'પોઠ' ૨૦૦૧ એમ ચાર વાર્તાસંગ્રહોમાં કુલ તોતેર જેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થયેલી છે. આ ઉપરાંત 'સુરેશ જોષી પછીની વાર્તાનાં વિશેષ પરિણામો' નામે સંશોધનગ્રંથ પણ આપ્યો છે.

આ સર્જકની રાષ્ટ્રીય તેમની આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરતી વાર્તાઓમાં 'નકલંક', 'આંધું', 'કોહ', 'વેઠિયા', 'થળી', 'તેતર', 'લૂગડા', 'કળણ', 'છીડું', 'ભાગોળ', 'રઢ' વગેરે દલિત વાર્તાઓ ગણાવી શકાય તેમની આ વાર્તાઓને દિગ્ગજ વિવેચકોનો લાભ મળ્યો છે. આ સંગ્રહની 'આંધુ' અને 'હિરવણું' વાર્તા માત્ર મોહન પરમારની શ્રેષ્ઠતમ નહી પણ છેલ્લા કેટલાક વર્ષમાં લખાયેલી બધી ગુજરાતી વાર્તાઓમાં આગળ પડતું માન ધરાવે છે. 'પોઠ' વાર્તાસંગ્રહને ભગીરથ બ્રહ્મભટ્ટ 'પોઠ ભરીને આવ્યું રે અજવાળું લ્યો !' જેવા શીર્ષકથી આવકારે છે. દાન વાઘેલા અને મહેન્દ્રસિંહ પરમારને પણ આ વાર્તાસંગ્રહની વાર્તામાં સત્ત્વ દેખાયું છે. તો જોસેફ મેકવાન આ વાર્તાકાર પર વારી જાય છે.

➤ **દલપત ચૌહાણ**

આ વાર્તાકાર ઘણા લાંબા સમયથી વાર્તાસર્જન કરતા રહ્યા છે. વિવિધ સમૃદ્ધ સામયિકોમાં તેમની વાર્તાઓ તેનું શક્તિશાળી કૌવત દાખવી ચૂકી છે. પરંતુ પૂરી પ્રતિબદ્ધતા સાથે દલિત સાહિત્યનું સર્જન કરતા રહ્યા છે. તેમના મતે દલિત સાહિત્ય કળાત્મક રીતે ક્યાંય ઊણું ઉતરવું ન જોઈએ. તેમની આ નેમ વાર્તાસંગ્રહ 'મૂંઝારો'ની વાર્તાઓ પરથી પામી શકાય છે.

તેમના સર્જનકર્મમાં આ જાત સાથેની વફાદારીનું પ્રમાણ તેમની વાર્તાઓમાં જોવા મળે છે. અમાનવીય સમાજવ્યવસ્થા સામે તે કલમ દ્વારા બળવો પોકારે છે અને તેમાં સફળ પણ રહ્યા છે. તેમની ઉત્તમ વાર્તાઓમાં 'બદલો', 'દરબાર', 'મૂંઝારો', 'બાનુ મૃત્યું', 'હડકાયું કૂતરું', 'ઠંડું લોહી', 'એરુંઝાંઝરુ', વગેરે વાર્તાઓમાં તેઓ સક્ષમ પૂરવાર થયા છે. 'મૂંઝારો' વાર્તા ભરત મહેતાને અનોખી ભાત પાડતી વિશિષ્ટ વાર્તા લાગી છે.

આ સંગ્રહની બધી વાર્તાઓમાં લેખકે વાર્તાકલાની માવજત કરી છે અને તેના કલાતત્ત્વને અમળાવા નથી દીધું. લાઘવ અને સંઘર્ષ આ બે વાર્તાકલાના પ્રાણતત્ત્વો છે અને સઘળી વાર્તાઓમાં તે દેખા દે છે, તેની વાર્તાઓમાં સૂક્ષ્મતા ધ્યાનપાત્ર છે. આ વાર્તાકારની 'બદલો', 'ગંગામા', 'ચાંલ્લો', 'મૂંઝારો' અને 'ઠંડું લોહી' વગેરે વાર્તાઓમાં લેખકની સિદ્ધિ રહેલી છે.

➤ જોસેફ મેકવાન

આ વાર્તાકાર પાસેથી 'સાધનાની આરાધના' ૧૯૮૫, 'પન્નાભાભી' ૧૯૯૨, 'આગળો' ૧૯૯૨, 'ફરી આવ્યા મહોર' ૧૯૯૮ અને 'આર્કિડનાં ફુલ' ૨૦૦૫ વગેરે તેમની પાસેથી પાંચ વાર્તાસંગ્રહો મળે છે. 'સાધનાની આરાધના' સંગ્રહની 'ચોથી શરત', 'બસ, એટલું તો પાછું આપો', 'મારું કોણ?', 'તાજિયા' વગેરે વાર્તાઓ આસ્વાદ્ય છે. 'આગળો' વાર્તાસંગ્રહમાં સર્જકની જીવન પ્રત્યેની સત્યતતા, વફાદારીનું અનુસંધાન 'આગળો', 'ઘરનું ઘર', 'આદર્શ સોસાયટી', 'ઈવનો બીજો અપરાધ' વગેરે વાર્તાઓ થયેલું અનુભવી શકાય છે. પોતાની આજુબાજુ જીવાતું જીવન જ તેમાં કળાત્મક રીતે ઝિલાયું છે.

જોસેફ મેકવાનનું નામ ઘરે ઘરે વાર્તાકાર તરીકે જાણીતું થયું હોય તો તેમના વાર્તાસંગ્રહ 'પન્નાભાભી' અને 'ફરી આબાં મહોરે' વાર્તાસંગ્રહમાં જોસેફ મેકવાન વાર્તાકાર તરીકે એક જુદા જ પોઝમાં દશ્યમાન થાય છે. તેમની કલમ જેટલી રેખાચિત્રો ક્ષેત્રે પૂરબહારમાં ખીલી છે. તેટલી વાર્તામાં ખીલી તો છે પણ પૂરબહારમાં નહિ, આ નારીપાત્રનું પ્રતિનિધિત્ત્વ કરતી 'ઉર્વશી', 'સાવિત્રી', 'જીવતર', 'કેર ઓફ' વગેરે વાર્તાઓ છે. જ્યારે 'છગનાને ન સમજાતા સવાલો', 'રામરાજ', 'પૂતળીની કથા', 'રોટલો નજરાઈ ગયો', 'તથા' 'ગોવિંદો' વગેરે વાર્તાકારની દલિત જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પરિણામ બક્ષતી દલિત વાર્તાઓ છે.

➤ હરીશ મંગલમ્

આ વાર્તાકાર પાસથી એકમાત્ર 'તલપ' વાર્તાસંગ્રહ મળે છે. આ સર્જક તેમની વાર્તાઓમાં છેવાડાના માનવીની વ્યથા, પીડા, અન્યાય, અસમાનતા, વિદ્રોહ, આક્રોશ, અસ્પૃશ્યતા, ડરપોકપણું વગેરે દલિત સમસ્યા તેમની વાર્તાઓમાં સામગ્રીરૂપ આવે છે. 'તલપ' વાર્તાસંગ્રહને ઘણા માન્ય વિવેચકોએ આવકાર્યો છે. આ સંગ્રહની 'ઝોળ' એક આરપાર વીંધતી વાર્તા છે. એ પ્રતીકાત્મક વાર્તા છે 'ખરજવું' એ પ્રતીક છે. આ ખરજવું સમાજજીવનના હાડમાં વ્યાપી ગયેલા વિષનું શોષણ, વર્ણ, વર્ગ વિષમતા, અસ્પૃશ્યતા, અત્યાચાર, વગેરેનું ખરજવું જે હાડમાં ફેલાઈ ગયું છે. આ ખરજવું મટવાનું નામ લેતું નથી. 'દલો ઉર્ફે દલસિંહ' એ ઓળખના અપરાધની વાર્તા છે. 'દાયણ' વાર્તામાં સમાજ જીવનની વરવી વાસ્તવિકતા પ્રતિબિંબિત થઈ છે.

આ સર્જક ટૂંકીવાર્તાના કળાગત લક્ષણો પ્રત્યે વફાદાર રહે છે. તેમની વાર્તાઓમાં 'દાયણ', 'ઝોળ', 'ઉટાટિયો', 'દલો ઉર્ફે દલસિંહ', 'પગદંડી', 'ઝોળ' વગેરે વાર્તાઓમાં દલિત સમસ્યા કલાત્મક રીતે નિરૂપાય છે. તેમની વાર્તાઓ અન્ય ભાષામાં અનુવાદિત થઈ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે પોંખાય છે.

➤ **ભી.ન.વણકર**

આ સર્જક પાસેથી 'વિલોપન' વાર્તાસંગ્રહ ૨૦૦૧માં મળે છે. તેમાં કુલ ચૌદ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. પ્રવીણ ગઢવી, હરીશ મંગલમ્, દલપત ચૌહાણ, બી. કેશરશિવમ્ પછી ભી.ન.વણકર પાસેથી સાદ્યંત દલિત વાર્તાઓનો સંગ્રહ મળે છે તે આનંદદાયક ઘટના ગણાવી શકાય.

વાર્તાકાર ભી.ન.વણકરે પોતાના અનુભવ જગતને વાર્તાસર્જનમાં ખપમાં લીધું છે. આ સંગ્રહની 'વિલોપન' વાર્તા જયંત ગાડિતને વિશેષ ધ્યાનપાત્ર લાગી છે. તદ્દુપરાંત 'પગ', 'ધારાવઈ', 'સાઈકલોન' ઉત્તમ વાર્તાઓ છે. ડૉ. અજિત ઠાકોરે 'દલિત ગુજરાતી વાર્તા ૧૯૯૫ના સંપાદનમાં 'વંટોળ' વાર્તા સ્થાન પામી છે. આ પ્રતીકાત્મક ઉત્તમ વાર્તા છે. દલપત ચૌહાણ આ સંગ્રહને 'સમાજલક્ષી વાર્તાઓનો વંટોળ' શીર્ષક દ્વારા આવકારે છે. તેમની દલિત વાર્તાઓ કળાત્મકતાની એરણ પર પાર ઉતરી છે.

➤ **પ્રવીણ ગઢવી**

આ સર્જક વિશે ગૌરવ લીધા જેવી વાત તો એ છે કે જન્મે બિનદલિત હોવા છતાં સૌ પ્રથમ વખત સમગ્ર દલિત વાર્તાઓનો સંગ્રહ 'અંતરવ્યથા' ૧૯૯૬ તેમની પાસેથી મળે છે. આ વાર્તાઓમાં દલિતસંવેદન ધારદાર રીતે ઘૂંટાયું છે. ઈતિહાસના નવા મર્મસત્યો અને યુગસંદર્ભોના આ સર્જક પાસેથી 'સૂરજમુખી' ૧૯૭૫ 'મલાકા' ૨૦૦૧, 'પ્રતીક્ષા' વગેરે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. તેમની વાર્તાઓ ભાષાવૈભવ અને સબળ પ્રતીક સમૃદ્ધિથી ઉઠાવ પામે છે. આ સંગ્રહની 'સૂરજપંખી', 'ફાગણ વહી ગયો', 'લીમડાનું પાંદડું', 'એક ભલો માણસ' વગેરે વાર્તાઓમાં સર્જકની સૂક્ષ્મ સંવેદનાની અનુભૂતિના દર્શન થાય છે. રવીન્દ્ર ઠાકોરને 'સૂરજમુખી', સંગ્રહ 'ધરતીની માટીની સુગંધ' જેવો લાગ્યો છે. આ સર્જક પાસેથી પ્રતીક્ષા વાર્તાસંગ્રહમાં 'પરંપરિત' અને 'પ્રયોગશીલ' એમ બંને પ્રકારની વાર્તાઓ મળે છે. તેમની સર્જનશક્તિ

'જેસલમેર', 'અંતર પિયાલો' અને 'પ્રતીક્ષા' વગેર વાર્તાઓમાં ઓર ખીલી ઉઠે છે. આ સંગ્રહની શિરમોર કૃતિ છે. 'અંતરવ્યથા' વાર્તાસંગ્રહમાં આ વાર્તાકારનો મિજાજ કંઈક અનેરો જોવા મળે છે.

આ સંગ્રહની તેમની લાજવાબ વાર્તાઓમાં ઈતિહાસના નવા મર્મસત્યોને જુદી જ દષ્ટિથી અવલોકે છે. દલિતનારીની વ્યથા, પીડા, તેની વેદનાને વાચા આપતી 'સપાટુ પેરવાનું મન', 'રૂપવતી', 'એકલવ્ય' અને 'મત્સ્યગંધા' વગેરે વાર્તાઓને વિવેચકોએ ખૂબ જ વખાણી છે. લેખક પાસે ગ્રામજીવનનાં નિરીક્ષણોની પ્રકૃતિની મનોરમ સૌંદર્યલીલાની કિમતી અને અનુભવથી ઘડાયેલી અમૂલ્ય મૂડી છે. તે વાર્તામાં નિરૂપાતા ભાવક તેને ભૂલી શકે તેમ નથી.

➤ દશરથ પરમાર

પ્રથમ વાર્તાસંગ્રહ 'પારખું' ૨૦૦૧માં આ વાર્તાપારખું સર્જક લઈને આવે છે. 'પારખું' વાર્તાસંગ્રહની મોટાભાગની વાર્તાઓ પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રસિદ્ધ થઈ છે. ત્યારથી વાર્તાકાર તરીકે ચોક્કસ ધ્યાન ખેંચ્યું છે. તેમની વાર્તાઓ વિવેચકોની નજરે પરિણામલક્ષી પણ નીવડી છે.

'પારખું' વાર્તાસંગ્રહમાં લેખકની ભાષા પ્રયોજનની સૂઝ, બોલી, માનવમનની અટપટી લીલાઓ આલેખાઈ છે. તેવી વાર્તાઓમાં 'ત્રીજું ઘર', 'રમત', 'પાટ', 'ઉકેલ', 'ગીધાનુભૂતિ', 'થેપડો', 'જાકારો' અને 'પારખું' વાર્તાઓ દશરથ પરમારને ખ્યાતિ અપાવે છે." 'પારખું' વાર્તાસંગ્રહમાંથી પસાર થતા આ વાર્તાકારના અનેક ચહેરા જોવા મળે છે. વાસ્તવને ઊંડાણથી સ્પર્શતા દશરથ પરમાર નોંધપાત્ર વાર્તાકાર તરીકે ઉભરી આવ્યા છે. તેમની કલમ માવજતથી નીખરી આવે છે."

➤ રાઘવજી માધડ

રાઘવજી માધડ આપણી નવી પેઢીના એક આશાસ્પદ વાર્તાકાર છે. માનવમૂલ્યોની ખેવના કરતો સર્જક રાઘવજી માધડ 'ઝાલર' વાર્તાસંગ્રહની વાર્તા સમૃદ્ધિ જીવન ભણી પ્રત્યાગમન તરફ ગતિ કરે છે તેની પ્રતીતિ આ વાર્તાઓમાંથી થાય છે. આ સંગ્રહની 'ઝાલર', 'સંસાર', 'જિજીવિષા', 'કંકુ', 'વાઝણી તૃષ્ણા' વગેરે વાર્તાઓ આસ્વાદ્ય છે. 'મોભે', 'મેલી મથરાવટી', 'હલકી વરણ' વગેરે વાર્તાઓમાં જન્મજાત પડછાયા જેવી વેદના અભિવ્યક્ત થઈ છે. જ્યારે 'સુખના વળામણા',

'નાની અમથી વાત', 'ખેંચાણ અને આથમતે પહોરે અજવાળા' કહેવાતા હલકા વર્ણના હૈયાની અમીરાતને ઉજાગર કહે છે. તેમની નોંધપાત્ર વાર્તાઓમાં 'દાન', 'અષાઢ', 'અખતરો', 'હોળી', 'ફારગતિ', 'પ્રતિભાવ', 'સૂરજને કહો ઉગે નહિ', જેવી દલિત ચેતનાને પ્રજવલ્લિત કરતી ટૂંકીવાર્તાઓ છે. તેમની વાર્તા માત્ર દલિત પૂરતી સીમિત રહેતી નથી.

➤ નરસિંહભાઈ પરમાર 'ઉજંબા'

નરસિંહ પરમાર 'દલિત' સંજ્ઞાથી ચાતરીને 'બહુજન' સંજ્ઞાનો વિનિયોગ કરે છે, શોષણમાંથી મુક્તિ મેળવવાની આ ચીલે ચાલતા તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'વૈતાલિકા' ૧૯૮૫માં પ્રગટ થયો. તેમની વાર્તાઓમાં બહુજનની વ્યાખ્યા જોઈ શકાય છે. મંગળ રાઠોડ આ સંગ્રહને 'વૈતાલિકાનું વાર્તાયાન' કહીને આવકારે છે. આ સંગ્રહની 'ખર્ડિંગ', 'કરચલો', 'દીવાલ' અને 'વૈતાલિકા' વગેરે વાર્તાઓમાં એક જુદી જ તરેહ જોવા મળે છે. વાર્તામાં પ્રતીક, કલ્પનાનો હકારાત્મક રીતે વિનિયોગ થયો છે. તેમની વાર્તાઓમાં 'આત્મખોજ' અને કશાંકની 'શોધ'ની તીવ્રતા રહેલી છે. પોતાની જાતને શોધવા ઢંઢોળતા કરવામાં સર્જકકર્મ રહેલું છે. તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. 'ઘેટાનું ટોળું', 'એક બુઢ્ઢીને એક છાપરું', 'વાર્તા ધર્મપરિવર્તનની' વગેરે વાર્તાઓ સંવેદના ઘૂંટાય છે.

➤ માવજી મહેશ્વરી

'અદૃશ્ય દિવાલો' ૨૦૦૦માં એકવીસ વાર્તાઓ લઈને આવતા માનવમનના કેલિડોસ્કોપ ફોટોગ્રાફર આ વાર્તાકાર કોઈ મહાપુરુષની આંગળી પકડીને નહિ, પરંતુ પોતાના સ્વબળે તેમણે જે જોયું જાણ્યું અને માણ્યું છે તે 'શબ્દ'ની સાક્ષીએ તેમની વાર્તાઓમાં નિરૂપણ કર્યું છે. તેમની વાર્તાઓમાં સ્ત્રી પુરુષ વચ્ચેનાં અવૈધ સંબંધો, લગ્નેતર સંબંધો, પ્રણયભગ્ન યુવક યુવતીઓ, શોષિત સમાજની વેદના, વ્યથા, ગરીબી વગેરેના રમ્ય ચિત્રણો આ બધુ તેમની વાર્તામાં આસ્વાદ્ય બની રહે છે.આ સંગ્રહની 'વરસાદ', 'શિકારી', 'શિરચ્છેદ', 'ભરોસો', 'મિલકત', 'સ્વપ્નભંગ' અને 'તસ્વીરમાં ચહેરો' વગેરે વાર્તાઓ તેમના વિષય વૈવિધ્ય અને ભાષાશૈલીને કારણે રસ પડે છે.

➤ અનિલ વાઘેલા

આ વાર્તાકાર ૧૯૬૨થી વાર્તાઓ લખતા રહ્યા છે. પ્રથમ વાર્તાસંગ્રહ 'નીલમણિ' ૧૯૯૫માં પ્રગટ થાય છે. તેમાં અગિયાર વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે. આ નીલમણિ જેવા સમાજદષ્ટા વાર્તાકારના 'નીલમણિ' સંગ્રહમાં 'સામાજિક અનુભવની પ્રતીતિ કરાવે છે. 'નીલમણિ'ના પગલે-પગલે 'મેળો' અને 'રોનક' ૨૦૦૩ એક જ વર્ષમાં બે વાર્તાસંગ્રહો આપે છે. કૃપાશંકર જાનીને 'રોનક' સંગ્રહનીવાર્તાઓમાં વાર્તાકલામાં ચમકારા જોવા મળે છે. તેમની વાર્તાઓમાં સમાજની ગતિવિધિનો આલેખ જોઈ શકાય છે. દલિત જીવનના પાત્રો દ્વારા ભીતરની વાડાબંધી તોડવા આ મથતા આ સર્જક ખાસ્સી મથામણ કરે છે.

ગુજરાતી વાર્તાને જિવાડવાના સ્તુત્ય પ્રયાસો પ્રશંસનીય છે. એવી સર્જકકુશળતા આ વાર્તાકારના વાર્તાવૈભવમાં દાખવી છે. 'નીલમણિ','શ્રીમતી કેનેડી', 'એ તો મારો દીકરો' , 'દલ્લો', 'અંશુની બેન', 'રોનક', 'મિલન ગુમાન', 'મેળો' અને 'ગુમાન' જેવી વાર્તાઓ સર્જકને યશ અપાવે છે.

➤ બી. કેશરશિવમ્

'યથાર્થ'ના રાહબર શ્રી બી.કેશરશિવમ્ ગુજરાતી દલિત સાહિત્યમાં અલગ ઓળખ ધરાવતા એક પ્રતિબદ્ધ અને સંવેદનશીલ વાર્તાકાર છે. ૨૦૦૧માં ''રાતી રાયણની રતાશ' નામના વાર્તાસંગ્રહમાં ભાગ્યે જ જોવા મળે તેવો ઓગણપચાસ વાર્તાઓનો દળદાર સંગ્રહ આપે છે. આનંદની વાત તો એ છે કે આ બધી જ દલિત વાર્તાઓ છે. 'જન્મદિવસ!', ૨૦૦૦ 'ડૉ. સીમા' ૨૦૦૩, 'લક્ષ્મી' ૨૦૦૪, 'મધપૂડો' ૨૦૦૫, 'બી.કેશરશિવમ્‌ની દલિતચેતનાની વાર્તાઓ' ૨૦૦૪,સં.ભાર્ગવ ઓમગુરૂ, 'બી કેશરશિવમ્‌ની નારીચેતનાની નવલિકાઓ' સંપાદક ડૉ. રૂપાલી બર્ક, ૨૦૦૪ વગેરે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે.

આ બધા સંગ્રહોની વાર્તાઓ એક યા બીજી રીતે દલિત સમાજના પ્રશ્નોની સાથે સાથે નારીજીવનની અને એમાં પણ દલિત, શોષિત, પીડિત નારીની વ્યથાની કથા, શોષણની અવહેલનાની કથા લઈને આવે છે. ડૉ. ઉષા ઉપાધ્યાયે નારીચેતનાની નવલિકાઓનું તટસ્થ રીતે મૂલ્યાંકન કરતાં આ વાર્તાઓને 'નારી ચેતનાની કળાત્મક વાર્તાઓ' કહીને બિરદાવી છે. આ સંદર્ભે નોંધે છે-

" બી. કેશરશિવમ્‌ના સર્જને ગુજરાતી સાહિત્યમાં પોતાની નિજી ઓળખ ઉભી કરી છે. ચાર દાયકાથી પણ વધુ સમયથી શબ્દ સાથે નિસબતપૂર્વક કામ પાડી રહેલા આ સાહિત્યકારે સદીઓથી અત્યચારનો ભોગ થતા રહેલા દલિતોને વેદનાને વાચા આપે છે એમની કલમને વાર્તા વિશેષ રુચિ છે. દલિત સમાજ સંઘર્ષો, અન્યાયો, અત્યાચારો, લાચારી અને વેદના એમની વાર્તાઓમાં અનેક બિંદુએથી પ્રગટતા રહ્યા છે 'રાતી રાયણની રતાશ', 'શેરની વહુ', 'રામલી', 'જોગણી', 'શાંતિ', 'મંકોડા' વગેરે ઉત્તમ વાર્તા છે. 'મંકોડા' વાર્તા તો શ્રી બી.કેશર શિવમ્ ની જ નહી ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાં સ્થાન પામે તેવી કલાત્મક વાર્તા છે."[103]

➤ ધરમાભાઈ શ્રીમાળી

આ વાર્તાકાર વાર્તાકલાના ખરા કસબી છે. પરંતુ તેઓ પ્રથમ વાર્તાસંગ્રહ 'સાંકળ' ૧૯૯૭થી વધારે પ્રકાશમાં આવ્યા છે. આ વાર્તાકારના સંગ્રહ 'સાંકળ' વિશે મોહન પરમારને 'નવા વાર્તાકારની ઘડાયેલી કલમ'ના દર્શન થાય છે, તેમાં જ આ સર્જકની મહિમા રહેલી છે. ધરમાભાઈમાં 'વાર્તાકલાની સૂક્ષ્મસૂઝ રહેલી છે. તે 'ભવાઈ', 'સાંકળ', 'મહારાજ', 'નવી' અને 'દાઝવું તે...' વગેરે વાર્તાઓ તેમની ઉત્તમ વાર્તાઓ છે. તળજીવનની એ રગેરગને જાણે છે. એટલે તો ઝીણી ઝીણી વિગતોને વાર્તાઓમાં લાવવાનું રખે ચૂકતા નથી. વ્યક્તિ અને વ્યક્તિ સમૂહોના આટાપાટાથી એ પૂરેપૂરા પરિચિત છે. સામાજિક વર્ણવ્યવસ્થા અને તેના રીતરિવાજો, વેદનાગ્રસ્ત સ્થિતિ, સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધો, જાતીયવૃત્તિની લપસણી ભોંય તેમણે નિકટથી એમણે જોઈ છે. તે વાર્તાઓમાં સૂક્ષ્મતાથી લાવી શકે છે."

આ વાર્તાકાર 'દલિત સાહિત્યમાં અને નૂતન વાર્તાપ્રવાહમાં પોતાની નોખી છબી ઉપસાવવાની દિશામાં આગળ વધ્યા છે. 'નરક'ની વાર્તાઓ હિન્દુ સમાજના કલંક સમાન 'અસ્પૃશ્યતા'ને કેન્દ્રમાં રાખીને લખાયેલી વાર્તાઓ છે. 'નરક', 'ઉઝરડો', 'સડો' વગેરે વાર્તાઓ આની સાખ પૂરે છે. 'છાપરું' પ્રતીકાત્મક વાર્તા છે. આ અનુભવની અભિવ્યક્તિ તેમની વાર્તાઓમાં અવાર નવાર થાય છે. 'રવેશ' એ તેમનો ત્રીજો વાર્તાસંગ્રહ છે. આ સર્જક ખાતરીબંધ અચ્છા આલેખક છે. 'જાળાં', 'હોડ', 'ડાકણ', 'કૂબો', 'રાવણ', 'મંદિર', 'રવેશ' વગેરે વાર્તાઓ ગુણવત્તાની દષ્ટિએ સરસ વાર્તાઓ છે.

---

૧૦૩. મધપૂડો-બી.કેશરશિવમ્, પૃ.૬૫

➤ ચંદ્રાબહેન શ્રીમાળી

પ્રથમ વાર્તાસંગ્રહ 'ચણીબોર અને બીજી વાર્તાઓ' ૧૯૯૮, 'ચકુનો વર' ૨૦૦૩, 'ચણીબોર' વાર્તા દ્વરા તેઓ પોંખાયા, વખણાયા, અરે ! ત્યાં સુધી કે 'ચણીબોર ફેમસ' થઈ ગયા. આ સંગ્રહની વાર્તા ભી.ન.વણકરને અંતરંગ જીવનની' વાર્તા લાગી છે. જ્યારે દિનકર જોષી 'ખેમી', 'પોસ્ટ ઓફિસ' કે 'લોહીનો સગાઈ'નો પુર્નજન્મ' જોઈ છે. બ્રોકરદાને આ લેખિકામાં અમૃતા પ્રિતમના દર્શન થાય છે. 'ચકુનોવર'માં ચંદ્રાબેનનો મિજાજ જુદા જ પ્રકારનો જોવા મળે છે. આ સંગ્રહને સુવર્ણા નારી સંવેદનાની નમણી વાર્તાઓ 'કહીને બિરદાવે છે. ચંદ્રાબેનને ગુજરાતી સાહિત્યની એક વિશિષ્ટ ઘટનારૂપે જુએ છે. 'ચકુનોવર', 'ચાલીસને આઠ', 'ચહેરો', 'સ્ત્રીશક્તિ' વગેરે વાર્તાઓ સામાજિક સમસંવેદનની સઘનતામાંથી અભિવ્યક્ત થયેલી છે.

➤ મણિલાલ હ. પટેલ

આ વાર્તાકાર પાસેથી 'રાતવાસો' ૧૯૯૪, 'હેલી' ૧૯૯૫, 'બાપાનો છેલ્લો કાગળ' ૨૦૦૧ વગેરે વાર્તાસંગ્રહો દ્વારા સાહિત્ય જગતમાં તેમનું મહત્ત્વનું નામ છે. તેમનો વાર્તાસંગ્રહ 'રાતવાસો'માં કુલ ૨૨ વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે.

આ વાર્તાઓના પાત્રોમાં હાડમાંસ પૂરેપૂરા ગામડાના છે. તેમાં પ્રતીક કલ્પનનો સફળતાપૂર્વક વિનિયોગ કર્યો છે. આ સંગ્રહની 'પીપળો', 'ચીડો', 'નાગપાંચમ', 'કાંચળી' અને 'માટીવગો' તથા 'ડમરી' વાર્તા ભાવલોક અને જનચેતનાની કરુણ માધુર્ય પ્રગટાવે છે. મણિલાલ પટેલનો 'બાપાનો છેલ્લો કાગળ' વાર્તાસંગ્રહ તેમની વાર્તાઓમાં તળજીવન સાથે નાગરીક જીવન, બોલીનો, શિષ્ટભાષાનો યોગ્ય રીતે થતો વિનિયોગ વગેરે વાર્તાઓમાં સહજ રીતે નિરૂપણ થયું છે. 'માઘડું', 'હેલી', 'છેલ્લું સ્ટેશન', 'રાતવાસો', 'ખુરશી પુરાણ' અને 'વેલા' વગેરે ઉત્તમ વાર્તાનું પ્રતિનિધિત્વ કરે છે.

➤ ડૉ. કેશુભાઈ દેસાઈ

તેમની પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. જેમાં 'પ્રાતઃરૂદન' ૧૯૮૩, 'ઝરમરતા ચહેરા' ૧૯૯૯,'વનરાવન' ૧૯૯૯ વગેરે છે.'પ્રાતઃરુદન'એ તેમના માટે મોડું જન્મેલું પહેલું બાળક છે. માનવીય સંબંધો, સામાજિક સંબંધોનું પ્રત્યક્ષીકરણને લીધે એક ચિંતકે તેમને 'પાંગરતો પન્નાલાલ' કહ્યા છે. 'વનરાવન' સંગ્રહ રજનીકુમાર પંડ્યાને 'પ્રણયરંગી વાર્તાઓનો નિરાળો સંગ્રહ લાગ્યો છે. તેમની 'ઝોડ', 'સાપ', 'મામેરું', 'ચહેરા ચારેકોર', 'તોરલ' વગેરે વાર્તાઓ અનોખી ભાત પાડે છે.

➤ બહાદુર વાંક

બહાદૂર વાંકનું નામ વાર્તાક્ષેત્રે અજાણ્યું નથી. આ સર્જક 'પીછો' ૧૯૮૮ અને 'રાફડો' એમ બે વાર્તાસંગ્રહો આપે છે. તેમણે વાર્તાલેખનનો આરંભ તો છેક ૧૯૬૧થી કર્યો છે. બહારદુરપૂર્વક સર્જનકર્મ કરી રહ્યા છે તેમની 'ક્યાંય ગમતું નથી', 'બચવું', 'પીછો' આ વાર્તાઓ મનોવૈજ્ઞાનિક અભિગમથી લખાયેલી છે.

➤ માય ડીયર જયુ

ભાવનગરી આ સર્જક તેની ભાષાને કારણે વધારે ચર્ચામાં છે. 'થોડા ઓઠા' (દેશીવાતુ) ૧૯૯૯ 'જીવ' ૨૦૦૧ આ બે સંગ્રહ મળી કુલ ચોત્રીસ વાર્તાઓ આપે છે. ગોહિલવાડની ભાષા, તળપદી તાકાત મેઘાણી, મડિયાએ સોરઠી ભાષાનું કૌવત દેખાડ્યું હતુ. તેવું ભાવનગરી (ગોહિલવાડ) નું કૌવત માય ડિયર જયુની કલમે ઓર નીખરે છે. 'થોડા ઓઠા'ની 'ડારવીનનો પિતરાઈ' વાર્તાને દિલ્લીનો કથાએવોર્ડ મળેલો. આ સર્જકે તેમની વાર્તાઓમાં ગ્રામજીવનનો સ્વાનુભવ ખપમાં લીધો છે. ગ્રામજીવનની બોલી, લય, લઢણ, વગેરેને આત્મસાત કર્યો છે. તે ભાષા દ્વારા બારીકાઈથી કામ પાર પાડવામાં પાવરધા છે. 'જીવ', 'વેકેશન', 'પ્રવેશ', 'રાજકપુરનો ટાપુ' વગેરે ઉત્તમ વાર્તાઓ છે. તેમની 'પ્રવેશ' સુંદર દલિત વાર્તા છે. આ દસમા દાયકાના એક નોંધપાત્ર વાર્તાકાર છે. તેમની 'જીવ' અને 'પ્રવેશ' સાચે જ સુંદર વાર્તાઓ છે.

➤ મનોહર ત્રિવેદી

'ગજવામાં ગામ' ૧૯૯૮ આ વાર્તાસંગ્રહ સાથે નામ જોડાયું છે. કવિ+ વાર્તાકાર મનોહર ત્રિવેદીનું તેમની ભાષાશૈલીને કારણે આ વાર્તાકાર અન્યથી જુદા પડે છે. ભાષામાં આવતા આરોહ અવરોહ ભાવકને પણ સાથે ડોલાવે છે.

આપણા મોટાભાગના વાર્તામર્મજ્ઞોનોમાં તથા વાર્તાવિશેના લેખમાં જાતીયતા પ્રત્યે રોષ વ્યક્ત કર્યો છે. પરંતુ સપાટી પરનું અહિંયા જોવા મળતું નથી. ઉ.દા. 'નાગચૂડ'એ અલગ પ્રકારની વાર્તા છે તો 'તમે કેમ ચૂપ છો ?' ,' ઓળખ', 'ફરક' વગેરે વાર્તામાં જાતીયતાનું ઉઘાડું વર્તન આવે એટલે નાકનું ટેરવું ચઢે તેવી 'પાઠડી' વાર્તાથી નીતિવાદીઓ ભડકે તેવા પ્રકારની મા દિકરા સમા માસી-ભાણેજના શરીર સંબંધની વાર્તા છે. બીજી અન્ય વાર્તાઓમાં 'પાછું વળવું', 'બાલકાંડ', 'ઝબેળો' વગેરે તેમની સુંદર વાર્તાઓ છે.

➤ અનિલ વ્યાસ

આ વાર્તાકારે તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ ૧૯૯૮માં 'સવ્ય અપસવ્ય' પ્રગટ થતા ભાવકો, વિવેચકોનું ચોક્કસ ધ્યાન ખેંચ્યું છે. તેમની 'સવ્ય-અપસવ્ય' વાર્તા કિરીટ દૂધાતને ખૂબ જ મહત્ત્વની લાગી છે. આ સંગ્રહની 'ભૂખ' વાર્તાને દિલ્લીનો પ્રતિષ્ઠિત કથાએવોર્ડ મળ્યો છે. તેમની 'ભૂખ', 'મંકોડો', 'વેરણી', 'તરાપો', 'ચચરાટ' વગેરે વાર્તાઓમાં સંવેદન ઝીણવટપૂર્વક આલેખાયું છે.

➤ મફત ઓઝા

મફત ઓઝા પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે. તેમાં 'કાચના મહેલની રાણી' ૧૯૭૪, 'તડકામાં ઓગળતો સૂર્ય' ૧૯૮૬, 'આસમાની રંગનો ટૂકડો' ૧૯૮૮ આ સંગ્રહોની કુલ એંસી જેટલી વાર્તાઓ ગ્રંથસ્થ થઈ છે.

કથનવર્ણન, ભાષાશૈલી, પાત્રો વગેરે દ્વારા સમાજનું આલેખન, વ્યંગ્ય, ઉપહાસભરી રીતિએ કંડાર્યુ છે. રાજનીતિની આંટીઘૂંટી તેમની 'મતદાન' વાર્તામાં આલેખાઈ છે. 'રઘો ભૂત થયો', 'યમાતારાજભાનસલગા'વાર્તાના શીર્ષકમાં નૂતનના નજરે ચઢે છે. વાર્તના કેન્દ્રમાં જિંદગીનું રસાયણ ઘૂંટાઈને આવે છે. તેમની 'શ્વાનમોક્ષની સાતમી ઘડી' ઉત્તમ વાર્તા છે, તેમાં પ્રયોજાયેલ કહેવતોના વિનિયોગને કારણે નીવડી આવે છે. 'માણસ', 'કૂતરો', 'ઉંટ' વગેરે વાર્તા પ્રતીકાત્મક છે. સમાજકારણ, રાજકારણ અને પ્રણયન તેમની વાર્તાનું જમા પાસું છે.

➤ ડૉ.રમણભાઈ વણકર

આ સર્જક દલિત સમાજ પ્રત્યે પૂરા પ્રતિબદ્ધ છે. 'તોરણ' ૧૯૯૯માં વાર્તાસંગ્રહ પ્રગટ થયો, તેમાં દલિત જીવનની વ્યથાની કથા, જીવાતું જીવનનું ઘેરું કારુણ્ય નિરૂપાયું છે. આ વાર્તા ભાવકને ભીતરથી પણ ખળભળાવી નાખે છે. 'લાજ' ૨૦૦૪માં પ્રગટ થયો. આ સંગ્રહની વાર્તાઓ પત રાખવા ઝઝૂમતી વાર્તાઓ છે. તેમની વાર્તાઓના કેન્દ્રમાં દલિત સમાજ અને તેનું ભાવવિશ્વ રહેલું છે. આ સર્જક પાસે સ્થૂળ અને સૂક્ષ્મ, પ્રત્યક્ષ અને પરોક્ષ, શોષણ, અન્યાય વગેરે તેમની 'કૂતરાની પૂંછડી', 'લાજ', 'વળગણ', 'ઈજ્જત' અને 'અંતહીન મડું' વગેરે વાર્તામાંથી પસાર થતા તેની પ્રતીતિ થાય છે.

☛ અન્ય વાર્તાકારો

દલિતચેતના, ગ્રામચેતના, નારીચેતના અને પરિષ્કૃત તળપદના જીવનધોરણ તેના તાણાવાણા, માનવજીવનની આંટીઘૂંટી, તેમની ઉચ્ચવચ્ચતાને વિષયો બનાવી આ પ્રવાહના વાર્તાકારો તેમની વાર્તાઓમાં નિરૂપે છે. આ વાર્તાકારોમાં મુખ્યત્વે મંગળ રાઠોડની વાર્તા 'મારે ચા પીવી નથી', અજિત ઠાકોરની વાર્તા 'માવઠું', અરવિંદ વેગડાની 'રખોપાના સાપ' વાર્તા ઉજમશી પરમારના બે વાર્તાસંગ્રહો 'ટ્રેટાપોડ' ૧૯૮૪, 'પટારો' ૧૯૯૮ જનક ત્રિવેદીનો 'બાવળ વાવનાર અને અને બીજી વાર્તાઓ' સંગ્રહ નાઝીર મન્સૂરીનો વાર્તાસંગ્રહ 'ઢાલ કાચબો' જિતેન્દ્ર પટેલ 'ઉનમેષ' ૨૦૦૦, અનિમેષ ૨૦૦૧ વાર્તાસંગ્રહો અમૃત મકવાણા 'લિસોટો' ૨૦૦૩, હરીશ કુમાર મકવાણાનો 'સપનાનો ઉજાગરો' ૧૯૮૨, પ્રાગજીભાઈ ભામ્ભીનો 'ફરી પાછા પૃથ્વી પર' ૨૦૦૦ હરિ પારનો 'રાખ બની પ્રીત' ૧૯૯૮, મધુકાન્ત કલ્પિની વાર્તાઓ 'અધૂરો પુલ' અને 'લાખું' રમણભાઈ ચાવડાનો સંગ્રહ 'એકલવ્યની આરાધના' ૧૯૯૨ મૌલિક બોરીજાનો વાર્તાસંગ્રહ 'ભીંસ' ૨૦૦૩, વિઠ્ઠલભાઈ શ્રીમાળીનો વાર્તાસંગ્રહ 'કોઈનો લાડકવાયો' યશવંત વાઘેલાની વાર્તા 'અમરનું મોત', 'અંધ સૂર્યનારાયણ', પથિક પરમારની વાર્તા 'ફરજ' તેમજ યોગેશ જોષીનો વાર્તા સંગ્રહ 'અધખૂલી બારી' ૨૦૦૧ તથા ત્રિભુવન તથાગતનો 'સ્નેહ સાગર કાંઠે સારસ પ્રીત' વગેરે આ સર્જકોની નાળ સંબંધ જીવાતા જીવન સાથે છે. આની પ્રતીતિ તેમની વાર્તાઓ દ્વારા થાય છે.

વાર્તાના વાતાવરણને જીવંત રાખવામાં વાર્તાપ્રવાહની ગતિવિધિ તેમાં આવતાં આરોહ-અવરોહ, ચઢાવ-ઉતાર તેની બદલાતી ક્ષિતિજો, ફંટાતી તરેહો તથા નવોદિત વાર્તાકારોને 'પ્લેટફોર્મ' પુરુ પાડવામાં સામયિકોનો ફાળો ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. તેમાં મુખ્યત્વે 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'ગદ્યપર્વ', 'બુદ્ધિપ્રકાશ', 'ઉદ્દેશ', 'નવનીતસમર્પણ', 'તાદૃશ્ય', 'એતદ્' અને 'ફાર્મસ ત્રૈમાસિક' તથા 'વિ' વિદ્યાનગર' વગેરે માસિક, ત્રૈમાસિક સામયિકોએ આપેલ આપી રહેલ યોગદાનનું જેટલું મૂલ્ય આંકીએ તેટલું ઓછું ગણાય.

ગુજરાતી ટૂંકીવાર્તાના આ ગતિશીલ પ્રવાહમાં વિવિધ સર્જકોએ નવ્ય ઉન્મેષો પ્રગટાવતી વાર્તાઓ લખી છે. આ સાહિત્ય સ્વરૂપને વરેલા સર્જકોએ તેમના સર્જનકર્મમાં ક્યાંય ઓટ આવવા દીધી નથી. બલ્કે તેજ ગતિએ આજે પણ એટલા જ ઉત્સાહ

અને રસથી લગાતાર આગળ ધપી રહ્યા છે. વાર્તામાં જેમ રચનારીતિ, ભાષાભિવ્યક્તિ અને ભાવભિવ્યક્તિ નિરૂપતી ગઈ તેમ વાર્તાની તાસીર પણ બદલાતી ગઈ. ગુજરાતી સાંપ્રત ટૂંકીવાર્તા એક જુદો જ સ્વાંગ રચી અને અનેક પડકારો ઝિલતી એક જુદી જ દિશા તરફ તેમનું સુકાન બદલે છે. નવમા દસમા દાયકામાં જે નવા વાર્તાકારો આપણને મળ્યા તેમની કલમે દલિત વાર્તાઓ, ગ્રામ પરિવેશનું નિરૂપણ કરતી વાર્તા અને નગરજીવનની નાગરિકતા તથા નારીચેતનાનો ઉઘાડ આલેખતી વાર્તાઓ આજે એમ કહો કે બેસૂમાર રીતે લખાઈ રહી છે.

આજ સુધી જે સશક્ત કલમો પડદા પાછળ હતી. જે ભાગ્યે જ પ્રકાશમાં આવી હોય તેવા દલિત સર્જકોમાં મોહન પરમાર, જોસેફ મેકવાન, હરીશ મંગલમ્, દલપત ચૌહાણ, પ્રવીણ ગઢવી, ધરમાભાઈ શ્રીમાળી, ભી.ન.વણકર વગેરે સર્જકોની વાર્તાઓ કોઈપણ રીતે પાછી પડે તેવી નથી જ નથી. વાર્તાક્ષેત્રે આ સર્જકો દ્વારા જે અજવાળું પથરાયું તેનો ચોક્કસ આનંદ હોય.

પ્રજાની કોઈ પ્રવૃત્તિ એવી નથી કે જેમાં નિયામક અને સંસ્કારી શક્તિરૂપે વાર્તા કેન્દ્રસ્થાને ન હોય આ સંદર્ભે વાર્તાના મહારથી ધૂમકેતુ વાર્તા પાસે જ બોલાવે છે.

"ભગવાન તથાગત મને બોલાવે, હું એમની પાસે જાઉં, અને એ કોણ જાણે કેવો સ્પર્શ મને કરે કે આખી દુનિયાનું દિલ ડોલાવનારનું સામર્થ્ય મારામાંથી પ્રગટે, કોઈ ભગવાન ક્રાઈસ્ટ જેવા મને ઈશારત કરે, અને મારા નામે જનતાનું પથ્થરહૃદય પીંગળીને પાણી થઈ જાય, એકાદ ચેખોવ, ગોર્કી કે ટોલ્સ્ટોય મને અડે અને જુવાનોને માટે જુગજુગાંતરનો જાણે હું દીપક બની જાઉં, ટાગોર શણગારે અને મારો દેહ કવિતા રૂપે સઘળાના હૃદયમાં ઘર બરી બેસે, શરદબાબુ, બાલ્ઝાક, ઓ હેન્રી, મોપાસા કે પો બોલાવે અને હું અમેરિકા, ફ્રાન્સ અને હિંદના ઘર ઘરમાં રાણી થઈને વિચરું એવી સશક્ત બની જાઉં."[૧૦૪]

૧૯૯૫ની શ્રેષ્ઠવાર્તાઓનું સંપાદન કરતી વખતે મોહન પરમાર વાર્તાઓના સંદર્ભે નોંધે છે 'ગુજરાતી સાહિત્યમાં વાર્તાનું વાતાવરણ જીવંત છે. આવા શીર્ષક હેઠળ વાર્તાના ભાવિ વિશે કંઈક આવી દહેશત વ્યક્ત કરે છે. "ગુજરાતી સાહિત્યની સ્થિતિ પહેલા જેવી તંદુરસ્ત રહી નથી. તેમાં હવે રાજકારણ પેઠું છે. ઈમામ

---

૧૦૪. સાહિત્ય વિચારણા-ધૂમકેતુ, પૃ.૨૫૩

અકરામોથી માંડીને પાઠ્યપુસ્તકો સુધી રણજીતરામ સુવર્ણચંદ્રકથી માંડીને સાહિત્ય પરિષદના પ્રમુખોની ચૂંટણી સુધી આ રાજકારણ બદતર હદે પ્રવેશી ચૂક્યું છે. આવા સમયમાં સાચા અને નિષ્ઠાવાન સાહિત્યકારોનો જીવ રહેંસાય તે સમજી શકાય તેવી વાત છે, કદાચ એવો પણ સમય આવે કે સાચો નિષ્ઠાવાન સાહિત્યકાર ક્યારેક સાહિત્યને અલવિદા પણ કરી બેસે પણ એથી નુકશાન કોને ?

આજની તારીખેય ગુજરાતી સાહિત્યમાં જો કોઈ સાહિત્ય પ્રકાર ફૂલ્યો ફાલ્યો અને વિકાસશીલ હોય તો તે ટૂંકીવાર્તા જ છે. રાષ્ટ્રીયકક્ષાએ આપણે કદમ રોપીને ઊભા રહી શકીએ તેવી હૈયાધારણ આજની ગુજરાતી વાર્તાએ બંધાવી છે. એક સફળ વાર્તા લખવી એટલે લોઢાના ચણા ચાવવા બરાબર છે. છતાં છેલ્લા કેટલાંય સમયથી સતત સારી વાર્તાઓ મળવા માંડી છે. તે વાર્તા જીવંત વાતાવરણને વધુ જીવંત બનાવવા માટેનું પૂરતું કારણ છે."[૧૦૫]

મણિલાલ હ. પટેલ ૧૯૯૬ની શ્રેષ્ઠવાર્તાઓનું સંપાદન કરતી વખતે વાર્તાની બદલાતી તાસીરને આ શબ્દોમાં રજૂ કરે છે. "ગુજરાતી વાર્તા સંક્રાન્તિ વળોટીને હવે નવી ભોંયમાં આવી નાંગર્યાની ખાતરી થાય છે.આ નવી ભોંય વધુને વધુ ખેડાય, ફળદ્રુપતા દાખવે ને નવા મોલ લચી આવે એ માટે પણ અમારી નિસબતભરી સક્રિયતા છે."[૧૦૬]

આ વાર્તાપ્રવાહની ગતિવિધિ સંદર્ભે કહે છે. '૧૯૯૬ની ગુજરાતી વાર્તાઃ ભોંય બદલાઈ ચૂકી છે'. જ્યારે સતીશ વ્યાસ લાક્ષણિક ઢબે કહે છે. 'ટૂંકીવાર્તાએ આજે પાછી ફરીથી ફેણ માંડી છે.' વીસમી સદીના અંતે ટૂંકીવાર્તાએ પોતાનો ચહેરો નવેસરથી સરજી લીધો છે અને આ ચહેરા આગવો અને આકર્ષક છે. આજ અરસાની ટૂંકીવાર્તા અંતગર્ત કિરીટ દૂધાત નોંધે છે. 'આવ્યો જમાનો વાર્તાનો' ૧૯૯૮ની વાર્તાઓના વાતાવરણને હર્ષદ ત્રિવેદીએ 'પ્રતીતિકર અને સર્જનાત્મક ઉત્તર' એવું શીર્ષક આપ્યું છે. જ્યારે રમેશ ર. દવેને આ વાર્તાઓ 'દર્પણ શી લાગે છે'. ૨૦૦૦ની વાર્તાઓ તપાસતા હર્ષદ ત્રિવેદીએ પ્રશ્નાર્થ કર્યો છે કે 'ટૂંકીવાર્તાઓ રાજમાર્ગ ઉપર?' આ પ્રશ્નાર્થની સાથે સાથે તેમનો ઉદ્‌ગાર જુઓ.- "ગુજરાતી ટૂંકીવાર્તાએ અનેક

---

૧૦૫. વાર્તારોહણ-મોહન પરમાર, પૃ.૯૦-૯૧

૧૦૬. ૧૯૯૬ની શ્રેષ્ઠ વાર્તાઓ-સં. મણિલાલ હ.પટેલ, પૃ.૫

ચઢાવ-ઉતાર જોયા છે ને વળવળાંકોમાંથી પસાર થઈને પણ એ જીવંત રહી શકી છે. અને ફરી એકવાર એણે કોઈ નવી દિશા શોધવી પડશે. નહિતર નર્યો ગ્રામ પરિવેશ, સ્ત્રી પુરુષ સંબંધો, બોલીની ભરમાર અને છીછરાપણું એને ભરખી જશે ?"[૧૦૭] જ્યારે ૨૦૦૧ની વાર્તાઓની સમીક્ષા કરતા જાણીતા વિવેચક રમણ સોનીની દૃષ્ટિએ આ સમયગાળાની વાર્તાઓ તેમને 'સાંપ્રત ગુજરાતી વાર્તાની ક્ષમતાનું પ્રતિનિધિત્વ કરે છે' એવું શીર્ષક આપે છે.

આજની વાર્તામાં ગ્રામ પરિવેશમાં તળપદી બોલીનો ઉપયોગ થાય એ સ્વાભાવિક અને સહજ છે બોલી વાર્તાનું અનિવાર્ય અંગ છે. આ બાબતે પ્રકાશ પાડતા મોહન પરમારનું નિરીક્ષણ જુઓ-

"આજનો વાર્તાકાર નિરીક્ષણ પોતાની રીતે કરે છે. જે સંવાદમાં જે તે પ્રદેશની યથાતથ બોલીનો ઉપયોગ કરતો જણાય છે. પણ બોલીનો ઉપયોગ કરવામાં જરા જેટલી ગાફેલિયત સાંપ્રત વાર્તા માટે અનિષ્ટકારક છે. કેમ કે કથન અને આલેખનમાં રસાયેલા તત્ત્વમાં વાર્તાકાર નાયક નાયિકાના સ્વાંગમાં રજૂ થઈને હસ્તક્ષેપ કરે છે ત્યારે વાર્તામાં કૃતકતા પ્રવેશે છે. એટલે તળપદી બોલીનો ઉપયોગ તાજગીસભર થાય અને ભાવકને કઠે નહિ તે રીતે થાય તો વાર્તામાં સંતોષપ્રદ પરિણામ આવી શકે."[૧૦૮]

વાર્તાનું એક માત્ર ઉચ્ચ લક્ષ્ય તથા સર્વપ્રથમ પ્રયોજન યા હેતુ જ વાર્તાપણું સિદ્ધ કરવાનું રહ્યું છે, શોભામાં ગોઠવાયેલા બનાવટી ફૂલ તેની ચમક દમક તેના તેજનું ભવિષ્ય કેટલું ? કાળના પ્રવાહમાં જે સાચું હોય કપરી કસોટીમાંથી પાર પાડ્યું હોય એ જ ટકવાનું ને ! વાર્તાની સૃષ્ટિમાં 'બનવું' કરતાં 'હોવાપણા'ની અનિવાર્યતા વધી જાય છે. 'નવચેતના' ના તંત્રીશ્રી ચાપશી ઉદ્દેશીએ વાર્તાકાર રમણ પાઠકને પ્રશ્ન પૂછેલો 'ગુજરાતી નવલિકાનું ભવિષ્ય આપને કેવું લાગે છે ?' તેના જવાબમાં રમણ પાઠકને સાંભળીએ.-

"આ પ્રશ્નનો ઉત્તર તો કોઈ જ્યોતિર્વિદ જ આપી શકે. જો જ્યોતિષશાસ્ત્રને સાચું માનીએ તો ભવિષ્ય ભાખવાનું કામ ભાવક વિવેચકનું નહીં, સાહિત્યનું કે કોઈપણ સાહિત્ય સ્વરૂપનું ભવિષ્ય ભાખવાનું કામ જ જોખમી છે. કોણ જાણતું હતું કે 'તણખા'ના લેખકને પણ ઉત્તરાવસ્થામાં ટૂંકીવાર્તા સર્જવા માટે ફાંફાં મારવા પડશે ?

૧૦૭. ૨૦૦૦ ની શ્રેષ્ઠ વાર્તાઓ-સં. હર્ષદ ત્રિવેદી, પૃ.૯

૧૦૮. વાર્તારોહણ-મોહન પરમાર, પૃ.૧૦૧-૧૦૨

કોણ જાણતું હતું કે શ્રી પન્નાલાલ એમના છેલ્લા વાર્તાસંગ્રહોમાં કંઈક અંશે નિષ્ફળ લેખી શકાય એવું અનુકરણ કરતા થઈ જશે ? કોણ જાણું હતું કે સ્વ. ખત્રી કે એક્સ, વ્હાય ઝેડ એકાદ બે સારા સંગ્રહો આપી લખતા લગભગ બંધ થઈ જશે. કિંવા ફાંફા મારતા થઈ જશે ? આશાસ્પદ પ્રયોગશીલ વાર્તાકાર સ્વ. દલાલ ઉત્તરાવસ્થામાં રાજકારણની પટાબાજીમાં પોતાની સર્જકતાને વેડફી નાખશે એય કોણે ભાખ્યું હતું ? 'ઘૂઘવતા પૂર' પછી સ્વ. મીડિયા વાર્તાકલામાં અંત સુધી એક ડગલુંય આગળ નહિ વધે એય કોણે કલ્પ્યું હતું ! ચાર પાંચ સારી કલાકૃતિઓ સર્જ્યા બાદ શ્રી સુરેશ જોષી પોતે જ રચેલી વિવેચકીય જટાજાળમાં અટવાતા, આયાસી-આભાસી રચનાઓ રચતા (ગોઠવાતા) બની રહેશે એવી આગાહી કોણ કરી શક્યું હતું ? શ્રી મધુરાયને હાર્મોનિકાનો હરિયો ગળી જશે એની જાણ કોને હતી ભલા ? અને આજે જેણે પોતાપણું તાજગી ટકાવી રાખ્યાં છે. એવા બક્ષી, સરોજ, જ્યોતિષ વગેરે વગેરેનું પણ ભાવિ તો કોણ ભાખી શકે ? અને છેલ્લે શ્રી કિશોર જાદવે આંકેલી નવી કેડી પણ હવે કઈ દિશામાં, એ આજે તો કોણ કહી શકે ? અને નવા સમર્થતરો સમર્થતમો નહીં જ પાકે શું ? આપણે આશાવાદી જ કેમ ન બનીએ ?"[૧૦૯]

---

૧૦૯. વાર્તાવિલોક-રમણલાલ પાઠક'વાચસ્પતિ', પૃ.૩૬